એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૪ ● અંક-૬
ઓગસ્ટ – સપ્ટેમ્બર '૦૯

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭
**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯
**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮
**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**
● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ
**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ**
www.gnyatisetu.com
**ઈ-મેલ**
editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**
મુદ્રા કોમ્પ્યુટર્સ, મણિનગર, અમદાવાદ.

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

# તંત્રી સ્થાનેથી



## શાંત ક્રાંતિ સંદેશ...

'સમાજ' શબ્દની એક નવી વ્યુત્પત્તિ. સમ-આજ. એટલે કે 'આજ'ની સમજ. સદ્‌ભાગ્યે આપણા સમાજના વડિલોએ સમયે સમયે, એ 'સમજ'નો સારો પરિચય આપ્યો જ છે. અને એટલે જ, લગભગ પોણી સદી પહેલાં પણ આપણા સમાજમાં એવા અનેક પ્રગતિશીલ નિયમો હતા. જેમકે, સગાઈમાં માત્ર પાંચ જ જણને જવાનું. દાગીનામાં માત્ર અમુક ગદીયાણાની મર્યાદામાં જ સોનું ચડાવવાનું વિ. હાલનો ઈતિહાસ જોશું તો જણાશે કે 'સમૂહ લગ્ન'ની શરૂઆતમાં આપણે કદાચ બીજા બધા સમાજથી આગળ છીએ. આજની ભોગવાદી સભ્યતામાં વકરતી 'દહેજ' પ્રથાથી આજ પણ આપણો સમાજ મુક્ત છે. બીજી પણ અનેક પ્રકારની 'દેખાદેખી'થી આપણે જોજનો દૂર છીએ. 'શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહન'ની વર્ષોની આપણી રીત બીજા અનેક સમાજો માટે ઉદાહરણ સ્વરૂપ બની છે.

આપણા-આવા પ્રગતિશીલ સમાજે આપણને ફરી એક 'સમયની સમજ'નું ઉમદા ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. અને એ છે, ભુજ જ્ઞાતિ-સમાજે સર્વાનુમતે પસાર કરેલા સગપણ અંગેની કેટલીક વિધિઓ અંગેના વિવેકપૂર્ણ વિધાન. આ અંકમાં એની વિગતો આપેલી છે, એટલે એની ચર્ચા અહીં ન કરતાં સુજ્ઞ વાચકોને બસ એટલી જ વિનંતી છે કે આ 'વિધાન' પર એમના વિચારો 'સેતુ'ને અવશ્ય મોકલે. અમારી નજરે, આ કદમ સમયાનુસાર સાહસિક અને સર્વ-હિત-લક્ષી છે, જેને આપણા શહેરો / ગામોના સમાજોએ સર્વથા અપનાવી લેવો જોઈએ. અને તે પણ માત્ર શબ્દોથી નહીં પરંતુ 'વર્તન'થી, જેની સર્વત્ર નોંધ લેવાવી જોઈએ. આપણા મહામંડળે પણ આ બાબત સૂચનો પ્રસ્તુત કર્યા છે. જે અંગે ડિસેમ્બરમાં આયોજીત અધિવેશનમાં નિર્ણયો લેવાશે.

અંજાર મહિલા મંડળે 'સેતુ'ના ગત અંકમાં દૂધ પીણા અને સગપણ જેવી પરંપરાગત વિધિઓમાં થતા ફાલતુ ખર્ચ અંગે લાલબત્તી ધરીજ હતી. ભુજ જ્ઞાતિ સમાજે આ અંગે પહેલ કરી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

'સેતુ' આપણા સમાજમાં હવે થનારા 'સગપણો' જેમાં, આ વિધાનનું પૂર્ણ પાલન થયું હશે તેની વિગતો અવશ્ય પ્રકાશિત કરશે, જેની સર્વ વાંચકોને નોંધ લેવા નમ્ર વિનંતી છે.


| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |


॥ શ્રી ગણેશાય નમ: ॥ ॥ શ્રી વાંકલ ચામુંડા નમ: ॥

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ

(જુના પુસ્તકોની લે-વેચ કરનાર)






અમારે ત્યાંથી સ્કુલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે.
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો





# માનસી મોબાઈલ શોપ

B.S.N.L. (D.S.A.)
ડાયરેક્ટ સેલીંગ એજન્ટ



| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમકાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કુપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે**

**નોંધ :** શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

**Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455**

અભિષેક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.-૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ)

# સુભાષિત ચિંતન

કુ. એકતા કટ્ટા - અંજાર

*"चिन्तनीया हि विपदामादा एव प्रतिक्रिया ।*
*न कूपखननं युक्तं प्रदीप्ते वह्निना गृहे ।।"*

*અર્થાત્ :* "ખરેખર આપત્તિઓ દૂર કરવાનો ઉપાય પહેલેથી જ વિચારવો. આગથી ઘર સળગે ત્યારે કૂવો ખોદવા બેસવું યોગ્ય નથી!"

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે અપ્રત્યક્ષરૂપે જાગૃતિ અને તેનાં આધારે ક્રિયા-પ્રતિક્રિયા કરવાનો સંદેશો પાઠવ્યો છે. આપણું જીવન સતત પરિવર્તનશીલ રહ્યું છે. આ પરિવર્તનોની પ્રક્રિયાને આધારે જીવનને ગતિશીલતા સાંપડી છે. પરંતુ, હર એક સમયે ગતિ એક સમાન નથી રહેતી. ક્યારેક ધીમી, ક્યારેક ઝડપી અને ક્યારેક ખોરવાતી. જીવનમાં થતા પરિવર્તનો અને તેનાં કારણે બદલાતી જીવનની ગતિશીલતા જીવન સ્તરને અસરકર્તા હોય છે. જીવન સ્તરની જાળવણી અને તેની ઉર્ધ્વગતિમાં જ જીવનની સાર્થકતા રહેલી છે અને તે માટે સતત જાગૃતિ આવશ્યક છે. આ જાગૃતિના આધારે જ તમામ પરિવર્તનો (આપત્તિઓ)માં પણ જીવન સ્તર જળવાઈ રહે છે. જાગૃતિનાં આધારે આવનારી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા સમય અને સાધનો ઉપલબ્ધ થઈ શકે છે. આવનારા પરિવર્તનોની જીવન સ્તર પર અસર ન પડે તે માટે જાગૃત વ્યક્તિ જીવનશૈલી અને વ્યવહારોમાં આગોતરા પરિવર્તનો કરી જીવન સ્તરને જાળવી શકે છે.

આપણે સામાજીક પ્રાણી છીએ. આપણું અસ્તિત્વ આપણાં ઘર - પરિવાર, સમાજ, ગામ કે શહેરનું એક અંગ છે. તેમાં થતાં પરિવર્તનો આપણને અસરકર્તા હોય છે તેમ આપણાં દ્વારા કેળવાતી જાગરૂકતા તેમને અસરકર્તા હોય છે. જાગરૂકતા કંઈક અંશે અનુભવો ઉપર પણ અવલંબે છે. સમય અને પરિવર્તનોનો અનુભવ જાગૃતિ કેળવવા મદદરૂપ બને છે. આપણાં ઘર-પરિવાર, સમાજ, ગામ કે શહેરનાં અનુભવી વ્યક્તિઓ જાગૃતિ કેળવવા આપણને મદદરૂપ બનતાં હોય છે. આવશ્યક્તા હોય છે માત્ર તે અનુભવી દષ્ટિકોણને ધ્યાનમાં લઈ સતત જાગૃતિ કેળવી સતત પરિવર્તનશીલ અને ગતિશીલ જીવનને ઉર્ધ્વગતિ અને ઉચ્ચ સ્તર પ્રદાન કરવાની!

પ્રાચીનકાળ હોય કે આધુનિક કાળ, જીવનમાં આપત્તિઓ આવતી જ રહી છે. શારીરિક, આર્થિક, સામાજીક તમામ પ્રકારની આપત્તિઓમાંથી ઉગારનાર જાગરૂકતા જ અમોઘ શસ્ત્ર નીવડે છે. શરીરને કોઈ રોગ ન નડે તે માટે સ્વાસ્થ્યની જાગરૂકતા, કોઈ પણ પ્રકારની મંદી, આર્થિક સંકડામણ ઊભી ન કરે તે માટે વ્યવસાયીક જાગરૂકતા અને તેવી જ રીતે સંપૂર્ણ સમાજને વિવિધ પ્રશ્નો અને કુરીવાજો જેવા દૂષણ ગ્રસી ન લે તે માટે જ્ઞાતિ આગેવાનોની સામાજીક પરંપરાઓ પ્રત્યેની જાગરૂકતા આપણા સંપૂર્ણ જીવનને સાચી - સાર્થક ગતિ પ્રદાન કરી શકે છે. આવશ્યક્તા છે જાગરૂકતા કેળવવાની! સ્વાસ્થ્ય પ્રત્યેની જાગરૂકતામાં વૈદ્ય (ડોક્ટર)નાં, વ્યવસાયની જાગરૂકતામાં કુશળ વ્યવસાયીનાં, સામાજીક જાગરૂકતામાં આગેવાનોનાં ઉપચાર, અનુભવો અને નિર્ણયોને અનુસરવાની!

## વધામણા અષાઢી બીજના

મારા મુલકની દરેક દીવાલો પર
અષાઢી મેઘોએ દામીની વડે લખ્યું
નૂતનવર્ષાભિનંદન..
વધામણા અષાઢી બીજના..
અવકાશના દરેક ગ્રહ નક્ષત્રો પર
કાળી જયેષ્ઠ અમાસે તારાઓ વડે લખ્યું
નૂતનવર્ષાભિનંદન..
વધામણા અષાઢી બીજના..
પાતાળના ઊંડા ઊંડા પેટાળો પર
ભૂગર્ભ જળે હીરાકણી વડે લખ્યું
નૂતનવર્ષાભિનંદન..
વધામણા અષાઢી બીજના..
આભાર અષાઢીમેઘ
આભાર જયેષ્ઠી અમાસ
આભાર ભૂગર્ભ જળ
*આપ સૌનો ખૂબ ખૂબ આભાર પણ.*
મારા મુલકના જણ જણની એક જ મહેચ્છા
એક નાનકડી વાદળી.. વ્હાલી સી વાદળી
અમ તન-મન પર
સાંબેલા ધારે વરસાદથી લખે
નૂતનવર્ષાભિનંદન... નૂતનવર્ષાભિનંદન..
વધામણા અષાઢી બીજના..
વધામણા અષાઢી બીજના..

*લતા સોલંકી - ભુજ*

## 'હેલો'

હે.. હેલો મારો સાંભળોને કૃષ્ણ કનૈયા લાલ
બંસી બજૈયા વાલા નંદના દુલાર...
મારો હેલો સાંભળો હો... હો જી...
હે.. વાસુદેવના વાલા, માતા દેવકીજીના જાયા,
અંધારી આઠમના તમે જેલમાં જન્મ્યા વાલા. મારો હેલો...
હે.. વહેતી જમુનાજીમાં તમે પગ ડુબાડ્યા આજ
ગોકુલમાં ચાલ્યા તમે નંદ જશોદા ઘેર... મારો હેલો...
હે.. ગોપીયોના ઘરમાં જઇ માટલા ફોડ્યા આજ..
ગોવાળીયાની સાથે બેસી માખણ ચોરવા કાજ..મારો હેલો...
હે.. ગેડી દડો રમતા તમે નાખ્યો જમના માય
એકલે હાથે જઇ તમે નાથ્યો કાળો નાગ. મારો હેલો...
હે.. એક કાન, એક ગોપી સંગે રમે રાસ,
વૃન્દાવનમાં રાસ રચાવ્યો રાધાજીને સંગ.. મારો હેલો...
હે.. પાંડવો જુગટુ રમતા પાંચાલીને હાર્યા,
પાંચાલીને પુર્યા તમે નવસો નવાણું ચીર.. મારો હેલો...
હે.. રાણાજીએ મીરાબાઇને મોકલ્યા ઝેરના પ્યાલા,
મીરાબાઇના ઝેરના તમે કર્યા અમ્રત પ્યાલા.. મારો હેલો...
હે.. દાસના દાસની વીનંતી સુણો આજ,
દર્શન દેજો સૌ ભક્તોને કૃષ્ણ કનૈયા લાલ.. મારો હેલો...

*રચયિતા - નીલાબેન પોમલ*

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

*શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સામાજીક સમિતિના ચેરમેનની હેસિયતથી મહામંડળ સમક્ષ શ્રી ઈન્દુલાલ હ. સોલંકી, એડવોકેટ, ભુજ દ્વારા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સગપણથી લગ્ન સુધી હાલે પ્રવર્તતા રીત રીવાજોમાં સુધારા અંગે રજૂ થયેલ પત્ર અત્રે અક્ષરસઃ પ્રસ્તુત છે.*

*જ્ઞાતિ સેતુના સુજ્ઞ વાંચકો, ચેરમેનશ્રી દ્વારા સુચવ્યા મુજબ આ અત્યંત મહત્વના મુદ્દા અંગે એમનાં પ્રતિભાવો / સૂચનો સીધા મહામંડળને જણાવવા અનુરોધ છે.*

*— મુખ્ય તંત્રી*

સવિનય સાથે જણાવવાનું કે મહામંડળની સામાજીક સમિતિના ચેરમેનની હેસીયતથી, આપણી જ્ઞાતિમાં સગપણથી લગ્ન સુધી હાલે પ્રવર્તતા રીત રીવાજોમાં સુધારા થવા જરૂરી જણાતું હોઇ તે સંબંધે નીચે મુજબ રજૂઆત કરીએ છીએ.

કેટલાક વર્ષોથી આપણી જ્ઞાતિમાં સગપણથી લગ્ન સુધીના દરેકે દરેક પ્રસંગોએ બિન જરૂરી ખર્ચ કરવામાં આવે છે. હાલે મોંઘવારી સાથે મંદીની અસર હેઠળ જ્ઞાતિજનો પોતાના કુટુંબનું ભરણપોષણ માંડ કરી શકતા હોય છે. ત્યારે આવા પ્રસંગે દિકરા-દિકરીના સગપણથી લગ્નના પ્રસંગોએ ખર્ચ કરવાનું પરવડે તેમ ન હોવા છતાં "સમાજમાં રહેતા હોઇ સમાજના રીત રીવાજો પ્રમાણે કરવું પડે" તેવી વિચારસરણથી થી પ્રેરાઈને મધ્યમ અને નાના વર્ગના જ્ઞાતિજનો કર્જ લઇ ગજા ઉપરાંત અને દેખા-દેખીમાં બિનજરૂરી ખર્ચ કરી તેવા પ્રસંગો કરતા હોય છે. ઉપરાંત સગપણ અગાઉ તથા સગપણ વખતે નવા રીત રીવાજો આવેલ છે. તેવા બિનજરૂરી રીતી રીવાજના કારણે જ્ઞાતિજનને દેખાદેખીમાં સહન કરવું પડે છે. જ્ઞાતિને આગળ લઈ આવવા માટે આવા તથા અન્ય કારણોસર જ્ઞાતિમાં હાલમાં ચાલતાં રીત રીવાજોમાં સુધારા કરવા જરૂરી હોવાનું જણાય છે. આ માટે મહામંડળ દ્વારા સાર્વત્રીક રીતે આ પ્રકારના સુધારા સંબંધી સૂચનો, અભિપ્રાય તથા તેના વિચારો મેળવી સર્વ સામાન્ય રીત રીવાજો ઘડી કાઢવામાં આવે અને તેવા રીતી રીવાજો જ્યાં જ્યાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો રહેતા હોય તે તમામ જ્ઞાતિજનો જ્ઞાતિના એક જ પ્રકારના રીત રીવાજો મુજબ અમલ કરે તે જરૂરી છે.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ-કચ્છ દ્વારા સંવત ૨૦૦૬- સને ૧૯૫૦ માં જ્ઞાતિજનોએ અપનાવવાના ધારા ધોરણની પુસ્તિકા છપાવેલ અને તે ધારા ધોરણ પ્રમાણે જે તે સમયે જ્ઞાતિજન દ્વારા અમલ થતો હતો. આ ધારા ધોરણને તેમજ તાજેતરમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ-કચ્છ દ્વારા નજીકના ભવિષ્યમાં અમલમાં લાવવામાં આવી રહેલ નિયમોને લક્ષમા રાખી અત્યાર ના સંજોગો નજરે નીચે જણાવ્યા મુજબના સૂચનો કરવામાં આવે છે.

૧. "દૂધપીણા"નો પ્રસંગ સદંતર બંધ કરવો.

૨. સગપણ કર્યા પહેલાં બંને પક્ષે તમામ પ્રકારની પૂરતી તપાસ કરી સગપણ કરવા. મંદિરમાં અને જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં થયેલ સગપણ પોતાની મુખત્યારીથી તોડી શકાશે નહીં.

૩. સગપણ કરવા અંગેની જાણ બન્ને પક્ષકારો એ સર્વ સામાન્ય ફોર્મમાં માહિતી તથા વર-કન્યાના ફોટા સાથે ની અરજી સ્થાનિક જ્ઞાતિ પ્રમુખ / અગ્રણીઓને કરવી.

૪. જે તે ગામ / શહેર મધ્યે આવેલ જ્ઞાતિના માતાજીના કે અન્ય મંદિરમાં જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં ગોરશ્રી દ્વારા સગપણ કરવામાં આવે.

૫. બન્ને પક્ષોની અનુકૂળતા મુજબ શુભ દિવસે અને ચોઘડીયે સગપણની વિધિ કરવામાં આવે.

૬. સગપણ સમયે કરવામાં આવતી "રીંગ સેરીમની" વિધિ બંધ કરવી.

૭. સગપણ સમયે બન્ને પક્ષના પરિવાર, સ્થાનિક જ્ઞાતિ પ્રમુખ / અગ્રણીઓ તથા વર-કન્યાના બે-બે મિત્રો હાજર રહે.

૮. વર-કન્યાએ લગ્નગ્રંથીથી જોડાઇ મતભેદ વગર પોત પોતાની ફરજો બજાવવા, કૌટુંબીક અને સામાજીક ફરજો નિભાવવા તેમજ સંસારી જીવન સુખમય અને શાંતીથી પસાર કરવા લગ્ન સ્થળે મંદિરમાં પ્રતિજ્ઞા લેવડાવવી તથા તે માટે સર્વ સામાન્ય પ્રતિજ્ઞાપત્રનું ફોર્મ ભરી તે સ્થાનિક સમાજના પ્રમુખ / અગ્રણીને આપવું.

૯. ચુંદડી ઓઢાડવાનો પ્રસંગ સગપણ સમયે કરવો.

૧૦. સગપણ અને ચુંદડી ઓઢાડવાના પ્રસંગે બન્ને પક્ષકારોએ શકન સ્વરૂપે એક નાળીયેર તથા રૂા. ૫૧/- અરસ-પરસ આપવા.

૧૧. સગપણ-ચુંદડી પ્રસંગે કે ભવિષ્યમાં કોઇ પક્ષકારે કોઇ પ્રકારે પહેરામણીનો કે અન્ય કોઇ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

૧૨. સગપણ પ્રસંગે સ્થાનિક જ્ઞાતિ ટ્રસ્ટને પ્રતિજ્ઞાપત્ર સાથે ડોનેશન તથા લાગત આપવી.

૧૩. પક્ષકારો તરફથી જ્ઞાતિ પ્રમુખ / અગ્રણી પાસે રજૂ થતી અરજી, પ્રતિજ્ઞાપત્ર વિગેરે જ્ઞાતિના રેકર્ડમાં રાખવા અને તે પરથી સગપણ થયાની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે.

૧૪. સ્થાનિક ગામ / શહેર બહાર સગપણ પ્રસંગ

માટે જતા કે સ્થાનિક ગામ / શહેર બહારથી સગપણ પ્રસંગ માટે આવતા વ્યક્તિઓની સંખ્યા નિર્ધારીત કરવી. સ્થાનિક ગામ / શહેરમાં સગપણ કરવા જતી વખતે કુટુંબના સભ્યોની સંખ્યા વધુમાં વધુ ૧૧ હોવી જોઇએ.

૧૫. સગપણ પ્રસંગે યોજવામાં આવતાં ભોજન સમારંભો બંધ કરવા. સગપણ પ્રસંગે બહાર ગામ/શહેર જતા કે બહાર ગામ / શહેરથી આવતા કુટુંબના સભ્યો પૂરતો જ જમણ કરવો.

૧૬. દાગીના ચડાવવાનો પ્રસંગ લગ્નના દિવસથી એક-બે દિવસ અગાઉ સાદાઈથી કરવો. જમણ પોતાના કુટુંબ પૂરતો મર્યાદિત કરવો.

૧૭. જ્ઞાતિ દ્વારા આયોજીત સમુહ લગ્નમાં લગ્ન કરવાનો બન્ને પક્ષકારોએ આગ્રહ રાખવો.

મહામંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સામાજીક સમિતિના સભ્યો, મહામંડળની અન્ય સમિતિ કે તેના સભ્યો, સંબંધિત ઘટક પ્રમુખ, કારોબારી સભ્યો, મહિલા મંડળ, યુવક મંડળ, અગ્રણીઓ કે કોઈપણ જ્ઞાતિજન દ્વારા ઉપર જણાવેલ વિગતોના સૂચનોમાં સુધારા વધારા કે નવા સૂચન અને વિચાર સૂચવી શકે છે. તેમજ તેવા સુધારા વધારા કે નવા સૂચન અને વિચાર સૂચવવા આથી નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**સંપર્ક :** ઈન્દુલાલ હ. સોલંકી
'અંબિકા કુટીર', અંજારીયા ફળીયા,
ભુજ, કચ્છ. મો. ૯૩૭૪૩૭૬૭૮

# ઉચ્ચ શિક્ષણ સન્માન કાર્યક્રમ

તા. ૧૯-૭-૨૦૦૯ના રોજ નખત્રાણામાં મળેલ મહામંડળની કારોબારીની મિટીંગમાં નક્કી થયા મુજબ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપક્રમે વર્ષ ૨૦૦૯ના માન્ય યુનીવર્સિટીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી ઉચ્ચ શિક્ષણની ડિગ્રી પ્રાપ્ત કરી હોય એવા સમગ્ર ભારતના જ્ઞાતિના વિદ્યાર્થી ભાઇ બહેનોનું સન્માન ૧૨-૧૨-૨૦૦૯ના ભુજમાં યોજાનાર મહાઅધિવેશનમાં કરવાનુ આયોજન કરવામાં આવ્યું છે.

નીચે જણાવેલ કક્ષાઓમાં ડિગ્રી પ્રાપ્ત કરનાર જ્ઞાતિના ભાઇ બહેનોને સન્માનિત કરવામાં આવશે.

| *અનું.* | *કેટેગરી* | *ડિગ્રી* |
|---|---|---|
| ૧. | અનુસ્નાતક | M.A., M.Sc., M.Com., M.Ed., LLM., M.S.W. M.Pharm etc. |
| ૨. | મેડિકલ સાયન્સ | MD, MS, MBBS, BHMS, BAMS, BDS, B.Phy., B.V. SC.M., M.V.Sc etc. |
| ૩. | એન્જીનિયરીંગ અને ટેકનોલોજી | M.E., B.E., M.Tech, B.Tech, |
| ૪. | એકાઉન્ટન્સી | C.A., C.S., ICWA etc. |
| ૫. | ડિઝાઇન અને આર્કિટેક્ચર | B.Arch, M.Arch, Interior Design Degree course, PG Diploma in Designing, Graduation in Fine art / Music |
| ૬. | રિસર્ચ સ્ટડી | M.Phil, Ph.D. |
| ૭. | મેનેજમેન્ટ | M.B.A., PGDBM from AICTE recognised colleges |
| ૮. | કોમ્પ્યુટર્સ | M.C.A. |
| ૯. | પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓ | I.A.S., IPS and other govt. Class 1 and Class 2 officers Exam |
| ૧૦. | અસાધારણ તેજસ્વિતા | ૧૨ અને ૧૦ ધોરણમાં રાજ્ય અથવા જીલ્લામાં દસમાં ક્રમમાં રેન્ક. યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અંતિમ વર્ષમાં પ્રથમ દસમાં રેન્ક |

જે વિદ્યાર્થી ભાઇ બહેનોએ ઉપરોક્ત કેટેગરીમાં વર્ષ ૨૦૦૯માં પદવી પ્રાપ્ત કરી હોય તેઓને ડિગ્રી સર્ટીફિકેટ અથવા માર્કશીટની ઝેરોક્ષ, કોન્ટેક્ટ નં., સરનામુ અને એક ફોટોગ્રાફ સાથે તા. ૧૫-૯-૨૦૦૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

મારૂ કંસારા સોની જ્ઞાતિ ઘટક પ્રમુખ / મંત્રી શ્રીઓ અને શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે, તેઓ તેમના વિસ્તારના સન્માનપત્ર ભાઈબહેનોની વિગતો એકત્રિત કરીને નીચેના સરનામે મોકલી આપે. વિદ્યાર્થી ભાઈબહેન જાતે પણ આ વિગતો મોકલી શકે છે.

*માર્કશીટ / પ્રમાણપત્રો મોકલવાનું સરનામું* :

**રસીકભાઇ મહિચ્છા** – ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ
વાર્ડ-૨/B, પ્લોટ નં-૨૪૩, આદિપુર, કચ્છ-370 205. Ph. 260932, 94287 48248

***શિક્ષણ - ઉત્કર્ષના ઉમદા કાર્યમાં આપના સાથ સહકારની અપેક્ષા સાથે...***

## સાંસ્કૃતિક કાર્યક્રમ

મહામંડળના ઉપક્રમે આગામી ૧૨ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ મહામંડળનું અધિવેશન ભુજ મધ્યે યોજવામાં આવેલ છે. આ એક દિવસીય અધિવેશનમાં મહામંડળની શિક્ષણ સમિતિના કાર્યક્રમ સાથે કલા-સાંસ્કૃતિક સમિતિ દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, વિવિધ ઘટકોના સહયોગથી કરવાનું વિચારવામાં આવેલ છે.

મહામંડળના વિવિધ ઘટકોના "સાંસ્કૃતિક કાર્યક્રમ"નો સમાવેશ કરવા માટે નિશ્ચિત સમય-મર્યાદાની ફાળવણી કરવામાં આવેલ છે. તે મુજબ આપના ઘટક/વિસ્તારને આ કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કરવા માટે કૃતિ-કલાકૃતિ રજૂ કરવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે, જેથી આપના ઘટક વિસ્તારમાંથી ઉપર્યુક્ત "સાંસ્કૃતિક કાર્યક્રમ" માં ભાગ લેવા માટે આપના વિસ્તાર જ્ઞાતિજનોને જાણ કરી જે વ્યક્તિ કે ગ્રુપ કૃતિ/કલાકૃતિ રજૂ કરવા માંગતા હોય તે અંગેની વિગતવાર એન્ટ્રી તા. ૨૫-૦૯-૦૯ સુધીમાં નોંધાવવા વિનંતી છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભારતભરના આપણા જ્ઞાતિજનો દ્વારા આયોજન કરવામાં આવેલ છે. જેથી એન્ટ્રી સમય મર્યાદાની અંદર નોંધવામાં આવે તો આપના સમયસરના પ્રત્યુતરની અપેક્ષા રાખવામાં આવેલ છે.

- ***સાંસ્કૃતિક કાર્યક્રમની રૂપરેખા અને માહિતી :***

૧. કાર્યક્રમ ભુજ મધ્યે તા. ૧૨-૧૨-૨૦૦૯ શનિવારના રોજ યોજાશે (તા. ૧૨-૧૨-૨૦૦૯ના રોજ ભુજ જ્ઞાતિ આયોજીત સમૂહ લગ્ન)

૨. કાર્યક્રમમાં મર્યાદીત એન્ટ્રી લેવામાં આવશે કુલ ૩ થી ૩.૩૦ કલાકનો કાર્યક્રમ

૩. કાર્યક્રમમાં વિવિધ કૃતિઓ જેવી કે ગરબા, ગ્રુપ ડાન્સ, કલાસીકલ ડાન્સ, એક પાત્રીય અભિનય, સોલો ડાન્સ તેમજ અન્ય કૃતિઓનો સમાવેશ થશે.

૪. સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાવા / ભાગ લેવા માટે સંપૂર્ણ માહિતી સાથે જાણ કરવી. જેમ કે કલાકારની સંખ્યા, નામ, કૃતિનું નામ, સરનામું, મોબાઈલ નં. વગેરે.

૫. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાલ લેનાર કલાકાર / ગ્રુપ જે-તે ઘટકનું પ્રતિનિધિત્વ કરે છે જેથી તેના ખર્ચ તેમજ તૈયારીની જવાબદારી તેની રહેશે.

૬. દરેક ઘટકમાંથી કૃતિની એન્ટ્રી આવ્યા બાદ કાર્યક્રમ ઘડવામાં આવશે તેમજ તેમની જાણ સંબંધિત કૃતિના મુખ્ય કલાકારને કરવામાં આવશે.

***એન્ટ્રી મોકલવાનું સરનામુ :***

**સુધા એ. બુધ્ધભટ્ટી**
ચેરપર્સન – કલા સંસ્કૃતિ સમિતિ
એમ/૨, આઈયા એપાર્ટમેન્ટ,
જ્યુબિલી ગ્રાઉન્ડ સામે,
બેન્કર્સ કોલોની ભુજ, કચ્છ.
મો. ૯૯૨૫૩ ૧૩૭૩૪

## શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ

### શરદ મહોત્સવ ૨૦૦૯ અંગે

અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ, ગાંધીધામ આ વર્ષે આગામી તા. ૪-૧૦-૨૦૦૯ (રવિવાર) ના રોજ શરદ મહોત્સવનું આયોજન કરેલ છે. જેની સાથે, મેડીકલ કેમ્પ તેમજ બાળકો તથા મહીલાઓ માટે વિવિધ સ્પર્ધાઓ પણ છે, જેની કાર્યક્રમ વિગતો નીચે મુજબ છે.

| *ક્રમ* | *કાર્યક્રમ* | *સમય* |
|---|---|---|
| ૧. | મેડીકલ ચેકઅપ કેમ્પ | સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ |
| ૨. | બાળકો માટે ચિત્રસ્પર્ધાઓ તથા મહિલાઓ માટે મહેંદી હરીફાઈ | બપોરે ૩.૦૦ થી સાંજે ૫.૦૦ |
| ૩. | ગ્રુપ ગરબા હરિફાઈ તથા દાંડીયા રાસ | સાંજે ૮.૦૦ થી ૧૧.૦૦ |

આપણા સમાજના વિવિધ સ્થળોએ વસતા સમસ્ત પરિવારોને આ કાર્યક્રમમાં ભાગ લેવાનું હાર્દિક નિમંત્રણ છે.

આ અંગે વિશેષ માહિતી માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવા વિનંતી છે.

| *ક્રમ* | *નામ* | *ગામ* | *મોબાઈલ નંબર* |
|---|---|---|---|
| *૧.* | *શ્રી વિનોદ લાલજી સોની* | *ગાંધીધામ* | *૯૪૨૭૫ ૯૪૬૭૩* |
| *૨.* | *શ્રી જયેન્દ્ર ખીમજી કોટડીયા* | *આદીપુર* | *૯૮૨૫૩ ૯૧૪૭૦* |
| *૩.* | *શ્રી હરિલાલ લખમશી સોની* | *અંજાર* | *૯૮૭૯૫ ૩૦૮૫૪* |
| *૪.* | *શ્રીમતી બીના સમીર કંસારા* | *ભુજ* | *૯૮૭૯૬ ૫૮૦૧૦* |
| *૫.* | *શ્રીમતી લતાબેન ઈન્દુભાઈ સોલંકી* | *ભુજ* | *૯૭૨૫૩ ૨૦૪૪૪* |
| *૬.* | *શ્રી હિમ્મતલાલ બેચરભાઈ સોની* | *નખત્રાણા* | *૯૮૨૫૭ ૪૮૨૮૪* |
| *૭.* | *શ્રી સુરેશભાઈ પ્રાગજી સોની* | *માંડવી* | *૯૮૭૯૨ ૧૬૧૪૦* |

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

*માનનીયશ્રી કિશોરભાઈ જે ચનાણી, પ્રમુખ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા એમના ૨૯-૭-૦૯ ના પત્ર દ્વારા જણાવે છે કે : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ -ભુજ દ્વારા સગાઈના રિવાજમાં પરિવર્તન કરતા નિયમોને તા. ૨૬/૭/૦૯ રવિવારના રોજ મહાકાલિકા માતાજીના મંદિરમાં મળેલ સામાન્ય સભામાં બહોળી સંખ્યાની હાજરીમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.*

*જેની નકલ / અરજી / પ્રતિજ્ઞાપત્ર આદિનાં ફોર્મ સહિતની સંપૂર્ણ વિગતો ભુજ જ્ઞાતિ સમાજ દ્વારા આપણા સમસ્ત જ્ઞાતિ સમાજોને મોકલવામાં આવેલ છે. ભુજ જ્ઞાતિ સમાજનું આ સમય અને સંયોગની નજરે ઉતમોત્તમ જ્ઞાતિ-હિત-વર્ધક કદમ પ્રેરણાદાયક છે. ખરેખર તો આ સમસ્ત જ્ઞાતિ પરિવારોની 'અંતરેચ્છા'ની સમયસર અભિવ્યક્તિ છે.*

*જ્ઞાતિ સેતુ આ 'કદમ'ને આવકારે છે અને સુજ્ઞ વાંચકોને એમના પ્રતિભાવ, ભુજ જ્ઞાતિને મોકલવા નમ્ર અનુરોધ કરે છે. વાંચકોની જાણ માટે- ફોર્મ આદિ અહીં પ્રકાશિત કરેલ છે.*

*– મુખ્ય તંત્રી*

## નિવેદન

*માનનીય જ્ઞાતિજનો,*

જય માતાજી સાથે જણાવવાનું કે તા. ૨૮-૬-૦૯, રવિવારના રોજ જ્ઞાતિ ટ્રસ્ટની કારોબારીની મીટીંગ મળી હતી. જેમાં સગાઇ પ્રસંગે થતા ખર્ચ તેમજ તૂટી જતી સગાઇ રોકવા માટે શું શું કરવું જોઇએ તેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી તેના પરિણામ સ્વરૂપ જ્ઞાતિ ટ્રસ્ટના હોદ્દેદારોને અહેવાલ તૈયાર કરવાનું જણાવવામાં આવેલ, જે તૈયાર કરી તા. ૯-૭-૦૯ ગુરુવારના જ્ઞાતિ ટ્રસ્ટ ની કારોબારીની મીટીંગમાં રજુ કરવામાં આવેલ જે સર્વ સંમતિથી પાસ કરવામાં આવેલ છે. અને તેને સામાન્ય સભામાં બહાલી મેળવવાનું ઠરાવવામાં આવેલ છે.

હાલમાં આપણા સમાજમાં સગાઇના તેમજ દુધ પીણાના જે રીવાજો છે તે સદંતર બંધ કરી નીચે મુજબના નિયમો વાળી વ્યવસ્થા અપનાવવી જેથી સગાઇ ખર્ચ નહીંવત કરવા ઉપરાંત તુટી જતી સગાઇઓ ઉપર અંકુશ મેળવી શકીશું તેવો અમને પૂરો વિશ્વાસ છે.

**સગાઇ અંગેના નિયમો**

૧. જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી અરજી ફોર્મ અને માહિતી ફોર્મ આપવામા આવશે, જે ભરીને બન્ને પક્ષોએ એક સાથે જ્ઞાતિની ઓફિસે ટ્રસ્ટના કોઇપણ એક હોદ્દેદારીને આપવાનું રહેશે. સાથે વર અને કન્યાનો એક-એક ફોટો આપવાનો રહેશે.

૨. સગાઇ બન્ને પક્ષોની અનુકુળતા મુજબ તેમજ શુભદિવસે, શુભચોઘડીયે યોજવામાં આવશે.

૩. શુભસ્થળ મહાકાલીકા માતાજીનું મંદિર રહેશે.

૪. બન્ને પક્ષના પરિવારે વર અને કન્યા સાથે નક્કી કરેલા સમયથી દશ મિનિટ પહેલાં શુભ સ્થળે આવી જવાનું રહેશે. શક્ય હશે તો જ્ઞાતિટ્રસ્ટના હોદ્દેદારો તેમજ સભ્યો અનુકુળતા મુજબ હાજર રહેશે. (વર અને કન્યાના બે-બે મિત્રો આવી શકશે.)

૫. પૂજ્ય ગોરશ્રી શુભ પ્રસંગે હાજર રહેશે અને પ્રતિજ્ઞા લેવડાવશે, તેમજ આશીર્વાદ આપશે. (ઇચ્છા અનુસાર દક્ષિણા આપવી)

૬. મહાકાલીકા માતાજી સમક્ષ વર અને કન્યાએ પ્રતિજ્ઞા લેવાની રહેશે, તેમજ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવાની રહેશે. ત્યારબાદ ચુંદડી ઓઢાડવાની રહેશે. જે શુભકાર્ય પુરૂ થતાં સગાઇ સંપન્ન થશે. શકુન માટે બન્ને પક્ષોએ રૂા. ૫૧ તથા એક એક નાળિયેર અરસ-પરસ આપવા.

૭. શકુન સિવાય તે સમયે અને ભવિષ્યમાં પણ બન્ને વેવાઇઓએ સગાઇ બાબતે કોઇપણ જાતનો વ્યવહાર અને જમણવાર કરવો નહીં.

૮. જ્ઞાતિ તરફથી મીઠું મોં કરાવવામાં આવશે.

૯. દુધપીવાનું તેમજ રીંગ સેરીમની જેવા પ્રોગ્રામ યોજી શકાશે નહીં.

૧૦. લાણેદાર ગામોના લાણેદારશ્રી પોતાના ગામમાં સગાઇ કરવા ઇચ્છતા હશે તો તેમના ગામમાં કોઇપણ મંદિરમાં પૂ. ગોરશ્રીની હાજરીમાં સગાઇ કરી શકશે. મીઠું મો કરાવવાની તેમજ બીજી બધી વ્યવસ્થા તેઓએ સ્વ ખર્ચે કરવાની રહેશે. તેમજ ડોનેશન તથા લાગતની રકમ ગોરશ્રીને આપવાની રહેશે.

૧૧. ઇતરજ્ઞાતિ (હિન્દુ)માં સગાઇ, જ્ઞાતિના રિવાજ મુજબ કરવાની રહેશે.

૧૨. સગાઈ પ્રસંગે કે દાગીના ચડાવવાના પ્રસંગે બોલાવવા કે જમવા માટે વધુમાં વધુ ૧૧ જણે આવવું-જવું.

૧૩. દાગીના લગ્નના દિવસે જ ચડાવવા. સંજોગોવશાત્ તે દિવસે શક્ય ન હોય તો અનુકૂળતાએ દાગીના ચડાવી શકાશે પરંતુ કોઈપણ જાતનો વ્યવહાર કે જમણવાર કરી શકશે નહીં. ફક્ત શકુનના રૂા. ૫૧ તથા નાળીયેર આપવું.

૧૪. બંને પક્ષોએ અલગ અલગ રૂા. ૨૫૧/- જ્ઞાતિ ટ્રસ્ટને ડોનેશન આપવાનું રહેશે. (શક્તિ અનુસાર વધુ આપવું.)

૧૫. નિયમ અનુસાર જ્ઞાતિ ટ્રસ્ટને લાગત આપવાની રહેશે.

૧૬. માહિતી ફોર્મ તથા પ્રતિજ્ઞાપત્ર જ્ઞાતિ ટ્રસ્ટ પાસે રહેશે.

ઉપર મુજબના નિયમો જ્ઞાતિ ટ્રસ્ટે બહાલી માટે સામાન્ય સભામાં મૂકેલ છે. જેનો પૂરતો અભ્યાસ કરી તે અંગેના સલાહ-સૂચનો તા. ૨૬-૭-૦૯, રવિવારના રોજ મળનારી સામાન્ય સભામાં રજૂ કરશો. સમયને અનુરૂપ પરિવર્તન જરૂરી છે. માટે આગામી સામાન્ય સભામાં આ ઠરાવને બહાલી આપવા આપ સૌ અચૂક હાજર રહેશો તેવી નમ્ર વિનંતી સાથે.

***પ્રમુખશ્રી કિશોરભાઈ જે. ચનાણી***
***તથા હોદ્દેદારશ્રી અને સભ્યોશ્રી***

# સગાઈ અંગે અરજી ફોર્મ

શ્રી,.. ..........................................
પુરૂં સરનામું : .. ...............................
.. ................................................
લાણેદાર નં. ... ..................................
તારીખ : ........................................

*માનનીય પ્રમુખ શ્રી,*
*શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ- ભુજ*

જય માતાજી સાથે જણાવવાનું કે મારો પુત્ર / પુત્રી ...................................... ની સગાઈ, ગામ.. ............................ના નિવાસી શ્રી ................................................ના પુત્ર / પુત્રી ..................... સાથે નિરધારેલ છે. સગાઇ માટે જ્ઞાતિ ટ્રસ્ટે જે વ્યવસ્થા કરેલ છે તેનાથી અમે ખૂબજ પ્રભાવિત થયા છીએ. અમે તારીખ...................... ના સમય..................... કલાકે સગાઇ કરવાનું નક્કી કરેલ છે તો યોગ્ય વ્યવસ્થા કરવા વિનંતી. અમારા પરિવારના ............ સભ્યો તે સમયે અચુક હાજર રહેશે.

અમે પાછળ લખેલા નિયમો વાંચેલા છે તેનો ચોક્કસપણે પાલન કરીશું તેની ખાત્રી આપીએ છીએ. આ સાથે માહિતી ફોર્મ સામેલ છે. માહિતી ફોર્મમાં પુત્ર / પુત્રી પક્ષ તરફથી આપવામાં આવેલી જાણકારીથી અમને પુરો સંતોષ છે, તેમ જરૂરી તપાસ પણ કરેલી છે.

અમો સગાઈનો શુભ પ્રસંગ અમારા ગામમાં આવેલ .......................................... મંદિરમાં યોજવાના છીએ જે શુભ સ્થળ.................................................. આવેલ છે.

*જય માતાજી- જય સમાજ*

*સહી*

---

# સગાઈ અંગે માહિતી ફોર્મ (વર / કન્યા)

૧. પુરૂં નામ .. ...........................................................................
૨. જન્મ તારીખ ...........................................................................
૩. અભ્યાસ .. ...............................................................................
૪. વ્યાપાર / નોકરી .. ..................................................................
૫. વ્યાપાર / નોકરીનું સ્થળ.. ........................................................
૬. માસિક આવક ..........................................................................
૭. પરિવાર વિશે માહિતી .. ...........................................................
૮. સ્વભાવ .. ................................................................................
૯. કૌટુંબીક ભાવના અંગે મંતવ્ય .. ...............................................
૧૦. પુત્રવધુ સગાઇ કે લગ્ન પછી નોકરી કે અભ્યાસ ચાલુ રાખવા ઇચ્છતા હોય તો.. ..............................
૧૧. સમૂહ લગ્નમાં જોડાશો .. ..........................................................
૧૨. જ્યોતિષ મેળાપક અંક .. ...........................................................
૧૩. જ્યોતિષ આ સંબંધ વિશે શું કહે છે .. .........................................
૧૪. મેડીકલ ટેસ્ટ કરાવી હોય તો (થેલેસેમિયા સાથે) તેનો રીપોર્ટ .......................
૧૫. શારીરિક તકલીફ કે ખોટ હોય તો તેની વિગત .. ...........................
૧૬. અગાઉ સગાઇ / લગ્ન થયેલા છે કે નહીં .. ..................................
૧૭. સગાઇ નક્કી કરાવનારનું પુરૂં નામ, સરનામું .. ..............................
..............................................................................................
ફોન, મો. નં. .. ...........................................................................

હું વર / કન્યાનો ....................... મહાકાલીકા માતાજીના સોગંધપૂર્વક જણાવું છું કે ઉપર આપેલી માહિતી સત્ય છે.

*સહી :*

# સગપણ વિધિ અંગેનાં સમાજ પ્રેરિત વિધાન

*શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજની તાજેતરની મિટીંગમાં લેવાયેલા સગપણ વ્યવહાર પ્રવૃત્તિઓ માં વિવેક જાળવવા અંગે, સમાજ દ્વારા 'સર્વાનુમતે' પસાર થયેલા ઠરાવ અંગે વડિલોના તેમજ સુજ્ઞ વાચકોના પ્રતિભાવ અત્રે પ્રસ્તુત છે.*

*– મુખ્ય તંત્રી*

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ દ્વારા સગપણના નિયમો ઘડવામાં આવેલ છે, તે સ્તુત્ય, સમયસરનું, આવકારદાયક અને ઐતિહાસિક પગલું છે જેથી સમસ્ત જ્ઞાતિજન સમાનતાની ઉચ્ચ ભાવનાથી જોડાયાની લાગણી અનુભવશે. સાંપ્રત સમયમાં સમય અને પૈસાની બચત પણ જરૂરી હોઇને પણ આ પગલું વિરાટ કહી શકાય. અને આ શુભ નિર્ણયના પ્રતિસાદ રૂપે ૧૬-૮-૦૯ના રોજ મહાકાલીકા માતાજીના દરબારમાં જ્ઞાતિના પ્રમુખશ્રી કારોબારી સભ્યો અને જ્ઞાતિજનોની હાજરીમાં સગપણના નિયમો અનુસાર સગપણ વિધિ સંપન્ન થતાં પરિવર્તનની લહેરના શ્રીગણેશ થયાં આ સામાજીક સુધારો દેશના ખૂણે ખૂણે વસતા જ્ઞાતિજનો આવકારશે એવી આશા જ નહીં દ્રઢ વિશ્વાસ છે.

***લતા સોલંકી - ભુજ (કચ્છ)***

● ● ● ● ●

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજ દ્વારા જે સગપણના નિયમો ઘડવામાં આવ્યા છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. જેમ એક રાષ્ટ્ર યુવાનેતાની રાહબરી હેઠળ નવા નવા શિખરો સર કરી અને દેશને-રાષ્ટ્રને ઊંચાઇએ લઇ જાય તેવી જ રીતે આપણી જ્ઞાતિ-સમાજ પણ નવા વરાયેલા પ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણી ની રાહબરી હેઠળ સફળતાના શિખરો સર કરશે તેવી આશા છે.

હાલના સંજોગોમાં સમય અને આર્થિક બચત જરૂરી હોઇ ને પણ આ નિયમો ખાસ આવકારદાયક છે. બીજું સમાજમાં દેખાદેખીને કારણે પણ ખોટા ખર્ચાઓ થતા હોય છે તે અહીં અટકશે અને નાનામાં નાની વ્યક્તિને પણ લાભદાયક પુરવાર થશે. તા. ૧૬-૮-૦૯ના રોજ મહાકાલિકા માતાજીના મંદિરમાં જ્ઞાતિના પ્રમુખશ્રી, કારોબારીના સભ્યો તેમજ જ્ઞાતિજનોની હાજરીમાં સગપણના નિયમાનુસાર સગપણવિધિ-લગ્નવિધિ સંપન્ન થતાં પરિવર્તન શરૂ થઇ ચૂક્યું છે તેની હર્ષોલ્લાસભરી એંધાણીઓ વર્તાઇ રહી છે. આ સામાજીક સુધારો દેશના ખૂણે-ખૂણે વસતા જ્ઞાતિજનો આવકારશે અને વધુમાં વધુ સુધારાઓ પ્રત્યે જે તે ઘટકો, જ્ઞાતિ પ્રમુખશ્રીઓ નું ધ્યાન દોરશે. સમાજને વધુ પ્રગતિશીલ બનાવવામાં જ્ઞાતિની દરેક દરેક વ્યક્તિની ફરજ બની રહે છે અને તેમાં પૂરતો સહયોગ આપવો એ પણ દરેક વ્યક્તિની ફરજ છે.

વધુમાં આ નવા નિયમો મુજબ દેશમાં વસતા દરેક જ્ઞાતિજનો સમાનતાની ઉચ્ચ ભાવનાથી એકબીજા સાથે જોડાય તેવી લાગણી અને એક વિશ્વાસ સાથે વિરમું છું.

***રોહિણી ભરત બુદ્ધભટ્ટી***
***મંત્રી - શ્રી મારૂ કંસારા સોની***
***જ્ઞાતિ મહિલા મંડળ ભુજ***

● ● ● ● ●

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજના નવા વરાયેલા પ્રમુખશ્રી મા. કિશોરભાઇ ચનાણી તથા એમની ટીમે સગાઇ પ્રસંગે થતા ખર્ચ તથા તૂટી જતી સગાઇ પર અંકુશ મૂકવા માટે તાજેતરમાં ક્રાંતિકારી પગલું ભરીને સૌ જ્ઞાતિજનો માટે એક ઉમદા, ઉપયોગી અને વ્યવહારૂ કાર્ય કર્યું છે. એ ખરેખર સરાહનિય અને અભિનંદનીય છે.

અલબત આ નિયમોમાં ક્યાંક થોડી-ઝાઝી વ્યવહારૂ બાંધ છોડ જરૂરી છે. અને અમુક જ્ઞાતિજનોમાં એવો ધીમો સુર પણ સાંભળવા મળ્યો હતો. છતાં પણ જનરલ બેઠકમાં ઉપસ્થિત સૌ સુજ્ઞ જ્ઞાતિજનોએ હાલનાં વર્તમાન સમય પ્રમાણે આ સુચારૂ વ્યવસ્થા પ્રત્યે એકતા બતાવીને પરિવર્તનનો સ્વીકાર કરેલ, એ સંગઠીત સ્વર્ણીમ સમાજના ઉત્કર્ષ માટે ખૂબજ જરૂરી, આવકારદાયક અને આશીર્વાદરૂપ થઇ રહેશે. હા એ માટે

## પ્રતિજ્ઞાપત્ર

અમો મહાકાલીકા માતાજીના સોગંધપૂર્વક જણાવીએ છીએ કે, અમો બન્ને જણે સમજી વિચારીને સગાઇ અને લગ્નથી એક થવાનો નિર્ણય કરેલ છે. અમે બન્ને જણ પોત પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવીશું ક્યારે પણ અમારા વચ્ચે મતભેદ-મનભેદ થશે નહિ. અમારું સંસારીક જીવન સુખમય-શાંતિમય રીતે પસાર કરીશું અને કૌટુંબીક તેમજ સમાજ પ્રત્યેની ફરજો ખૂબ સારી રીતે નિભાવીશું. જેની મહાકાલીકા માતાજી સમક્ષ પ્રતિજ્ઞા કરીએ છીએ અને મા ને પ્રાર્થના કરીએ છીએ કે અમોને શક્તિ અર્પે.

જય માતાજી - જય સમાજ

તારીખ : ____________________          સહી : ____________________

સહી : ____________________

શાણા અગ્રણીઓએ સતત જાગૃત રહેવું જરૂરી છે.

આ મહત્ત્વનાં નિર્ણય બાબતે મા. પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી (તા. ૯-૬-૦૮)નો મને એક પત્ર પણ મારી સલાહ અને સૂચનો મેળવવા માટે મળેલ હતો. જે અંગે મેં મારા વિચારો એમને મોકલી આપ્યા હતા.

આ ટાંકણે એક વિશેષ નમ્ર સૂચન કરવાનું કે, ફક્ત ભુજ જ્ઞાતિ જ નહીં પણ સમગ્ર જ્ઞાતિજનોએ આ આમુલ પરિવર્તનનો સ્વીકાર કરીને, આ જરૂરી નવી વ્યવસ્થાને વધાવી લેવી જોઇએ. અપનાવવી જોઇએ. એ સમયની માંગ છે- સમયનો તકાજો છે.

આ બાબતે આપણા મહામંડળને પણ યોગ્ય કરવા નમ્ર વિનંતી.

***પી. જી. સોની 'દાસ'***

● ● ● ● ●

ભુજ જ્ઞાતિ સમાજે 'સગાઈ' અંગે વિવેક જાળવવા સ્તુત્ય ઠરાવ પસાર કર્યો છે તે બદલ ભુજ જ્ઞાતિને મારા હાર્દિક અભિનંદન. આપણા સમાજની પરાપૂર્વથી એ ખાસિયત રહી છે કે હંમેશાં સમયની 'માંગ'ને સમજીને તે મુજબ સમાજના નિયમોમાં આવશ્યક ફેરફારો કરે છે અને એટલે જ વસ્તુતઃ આપણો સમાજ પ્રગતિશીલ છે.

આશા છે, આપણી જ્ઞાતિ સર્વત્ર આવા નિયમો ઘડશે અને સમાજના સભ્યો એનું પાલન કરશે.

***હરીલાલ લખમશી સોની - અંજાર***

● ● ● ● ●

## પ્રસંશનીય અને ક્રાંતિકારી પગલું

આપણી જ્ઞાતિમાં સગાઈ તેમજ લગ્ન પ્રસંગે દેખાદેખીથી વધુ પડતા તેમજ બિનજરૂરી ખર્ચ અને રીવાજો કરવામાં આવતા હોય છે. હાલમાં વળી દૂધ-પીણાનો રીવાજ ઉમેરાઈ ગયો છે. તેમાં સગપણ પ્રસંગે જેટલો ખર્ચ - જમણવાર કરવામાં આવે છે. તે સામાન્ય માણસને પોષાતા નથી. કહેવાતા રીવાજ અને શરમાશરમીથી કરવા પડતા હોય છે. તો સાથે સાથે સગાઈ - લગ્ન તૂટવાના કિસ્સાઓ પણ વધતા જાય છે. આ એક વિરોધાભાસી વલણ છે અને તે જ્ઞાતિ સમાજ માટે હાનિકારક છે.

આ પ્રકારના સામાજીક ટ્રેન્ડને અંકુશમાં લાવવાના આશયથી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ ઘટકે પોતાના લાણેદારો માટે નિયમાનુબંધવાળી વ્યવસ્થા અમલમાં મૂકી છે. તેમાં દૂધ પીણાનો રીવાજ બંધ કરવામાં આવ્યો છે. સગાઈ પ્રસંગે મર્યાદિત સંખ્યામાં બંને પક્ષના લોકોએ જવું, મર્યાદિત ખર્ચ કરવો, સગાઈની વિધિ મંદિરમાં કરવી અને અનુકૂળતા મુજબ જ્ઞાતિના ટ્રસ્ટી કે પ્રતિનિધિએ હાજર રહેવું અને સગાઈનું નિર્ધારીત ફી લઈને રજીસ્ટ્રેશન કરવું. પરંપરાગત ચાલી આવતા રીવાજોને સ્થાને આ પ્રકારની ઔપચારિક્તા સુધારાલક્ષી અને સમયની માંગ પ્રમાણે છે. મહદ્ અંશે આ એક ક્રાંતિકારી પગલું કહી શકાય કારણકે મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ આવી દિશામાં પહેલ કરવા માટે સૌપ્રથમ છે.

સર્વસામાન્ય જ્ઞાતિજનોની ચિંતા સેવી આવા સામાજીક સુધારા કરવા માટે પ્રમુખશ્રી, કારોબારી અને ટ્રસ્ટીઓ અને સભ્યશ્રીઓ અભિનંદનને પાત્ર છે. કંસારા સોની જ્ઞાતિના અન્ય ઘટકો પણ તેમના લાણેદારો માટે આ પ્રકારની વ્યવસ્થા અપનાવશે તો કશું અયોગ્ય નથી. ઉલટું સમયાંતરે દાખલ થઈ જતાં બિનજરૂરી રીવાજો સામે આપણો સમગ્ર જ્ઞાતિ - સમાજ સતર્ક અને સાવધ છે એવું લાગશે.

***પ્રો. રસીકભાઈ આર. મહિચ્છા - આદિપુર***
***ચેરમેનશ્રી - શિક્ષણ સમિતિ***
***શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા***
***સોની જ્ઞાતિ મહામંડળ***

## ભુજના માનનીય જ્ઞાતિજનોને નમ્ર અપીલ

જયમાતાજી સાથે જણાવવાનું કે તા. ૫-૪-૨૦૦૯, રવિવારના રોજ મહાકાલીકા માતાજીના મંદિરમાં સામાન્ય સભા બોલાવવામાં આવી હતી, જેમાં મેડીકલ સહાય, શૈક્ષણિક સહાય તેમજ અન્ય આર્થિક સહાય આપવા માટે મોટા ભંડોળની જરૂર હોતાં એવો નિર્ણય કરવામાં આવેલ છે કે દરેક લાણેદારોને એક બોક્સ આપવો અને તેમાં દરરોજના ૧-૨-૫-૧૦ રૂા. અથવા તેમને જે યોગ્ય લાગે તે રકમ બોકસમાં મુકી એકત્ર કરે આને કારણે દર વર્ષે આપણે સારો એવો ભંડોળ એકત્ર કરી શકીશું જેથી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને વેગ આપી શકીશું.

આ સાથે બોક્સ મોકલાવેલ છે જેનો સદઉપયોગ આજથી શરૂ કરશો. કાર્યકર ભાઇઓ ધૂળેટીના પંદર દિવસ પહેલા તમારે ત્યાં આવશે અને બોક્સમાંથી નીકળેલી રકમની પહોંચ આપીને જ્ઞાતિની ઓફીસે જમા કરાવશે. જેનો હિસાબ ધુળેટીના રોજ યોજાતી સામાન્ય સભામાં રજુ કરવામાં આવશે તેમજ રકમ અને નામનો લીસ્ટ જાહેરમાં મુકવામાં આવશે.

અમારી આપ સૌને નમ્ર વિનંતી છે કે, રકમ એકત્ર કરવા બાબતે તમે તમારા સગા-સંબંધી, મિત્રો પાસે ખૂબ પ્રચાર કરશો અને તેઓને સમાજ ઉપયોગી કાર્યોમાં શક્તિ મુજબ આર્થિક સહકાર આપવા સમજાવશો.

આ ભગીરથ કાર્યમાં પૂરતો સાથ સહકાર આપી સમાજના નબળા વર્ગની મુશ્કેલીઓ દૂર કરવા શ્રી મહાકાલિક માતાજી આપણને સૌને શક્તિ આપે.

***કિશોરભાઇ જે. ચનાણી, પ્રમુખશ્રી તથા ટ્રસ્ટી મંડળ***

## જ્ઞાતિ મંદિરમાં સાદગી પૂર્વક લગ્ન યોજાયા

શ્રી મહાકાલીકા માતાજીની કૃપાથી તા. ૧૬-૮-૦૯, રવિવારના ચિ. કૃણાલ હેમેન્દુભાઇ ખાંસી (સુખપર) સાથે ચિ. જાગૃતિબેન નરોત્તમભાઇ ચૌહાણ (માધાપર) એ માતાજી સમક્ષ સંસારીક જીવનમાં અમે બંને જણ પોતપોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવીશું, ક્યારેય પણ અમારી વચ્ચે મનભેદ - મતભેદ થશે નહીં, અમારું સંસારીક જીવન સુખમય-શાંતિમય રીતે પસાર કરીશું તેમજ કૌટુંબિક તેમજ સમાજ પ્રત્યેની પોતાની ફરજો સારી રીતે નિભાવીશું તેવી પ્રતિજ્ઞા લીધેલી તેમજ તેજ દિવસે તેઓના શુભ લગ્ન પણ કોઇપણ જાતના ખોટા ખર્ચા કર્યા વગર માતાજીના મંદિરમાં કરવામાં આવ્યા હતા.





સગાઇ, પ્રતિજ્ઞા તેમજ લગ્નવિધી પૂ. ગોર શ્રી સુમનભાઇ વ્યાસે કરાવી હતી.

જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી જેવા આધુનિક સમયના દૃષ્ટા હોઇ જણાવ્યું હતું કે બદલતા જતા સમયની સાથે સમાજે પોતાના રીત રીવાજોમાં પરીવર્તન કરવું આવશ્યક છે. પ્રગતિના દરેક સોપાન પરિવર્તન અને પરિણામલક્ષી ધ્યેય વડેજ સિધ્ધ થઇ શકે.

આ શુભ પ્રસંગે જ્ઞાતિ ટ્રસ્ટ, મહિલા મંડળ, યુવક મંડળના તમામ કારોબારી સભ્યો તેમજ મહામંડળના પ્રમુખશ્રીએ હાજર રહી નવ દંપતીને શુભેચ્છા પાઠવી હતી.

*દિલીપ બગ્ગા - ભુજ*

## શ્રી મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ - ભુજ

જેઠ વદ અગિયારસ, તા. ૩-૭-૦૯ ના રોજ ભજન સ્પર્ધા નું આયોજન, દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવ્યું હતું. બહોળા પ્રમાણમાં સત્સંગી બહેનોની હાજરીએ આ સ્પર્ધાની સફળતાનો માપદંડ છે.

નીલાબેન પોમલ તથા ભાવનાબેન ચનાણી ના પ્રમુખપદેથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોગ્રામની શરૂઆતમાં મીતા એન. સોલંકી એ સ્પર્ધાના નિયમો તથા નિર્ણાયક બહેનો શ્રી સરલાબેન છાયા, તથા તૃષાબેન વૈદ્યનો પરિચય આપ્યો હતો, સ્પર્ધાના નિયમો જણાવ્યા બાદ, મહિલા મંડળના પ્રમુખ શ્રી લતાબેન સોલંકીએ સંચાલન સંભાળ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક કુમારીકાને સત્સંગ મંડળ તરફથી તથા સ્વ. પ્રેમકુંવર બેનના સ્મરણાર્થે ચનાણી પરિવાર તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા.

★ *જુનિયર વિભાગ* : પ્રથમ : ધારાબેન ચૌહાણ, દ્વિતીય : ચૌલાબેન મહિચા તૃતીય ક્રમે સુધાબેન બુધ્ધભટ્ટી વિજેતા ઘોષીત થયા હતા

★ *સીનીયર વિભાગ :* પ્રથમ ગુણવંતીબેન બુધ્ધભટ્ટી, દ્વિતીય પપીબેન બીજલાણી તથા નલીનીબેન ખાસી, પ્રત્યેક વિજેતા બહેનોને સત્સંગ મંડળ તરફથી આકર્ષક ઇનામ આપવામાં આવ્યું હતું.

આ ભજન સ્પર્ધાનું મુખ્ય આકર્ષણ નીલાબેન પોમલ દ્વારા સ્વયં સ્ફુરીત કૃષ્ણ ભગવાનનો 'હેલો' સંભળાવીને ભાવીક બહેનોને ઝુમતા કર્યા હતા. આ 'હેલો' ભાવિક જ્ઞાતિજનો માટે 'જ્ઞાતિસેતુ' માં રજૂ કર્યો છે.

પ્રોગ્રામની સફળતા માટે મીતા સોલંકી, ગીતાબેન જે પોમલ, માલતીબેન એન. ગુજરાતી એ સારી એવી જહેમત ઉઠાવી હતી.

*- મીતા એન. સોલંકી*

## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ

શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - ભુજ દ્વારા કાલીકા માતાજીના મંદિરને સૂર્ય નારાયણ ભગવાનની ચાંદીની મૂર્તિ તથા ગણેશજી અને સત્ય નારાયણની મૂર્તિ માટે ચાંદીના મુગટ થોડા સમય અગાઉ અર્પણ કરાયેલ હતા.

યુવક મંડળના કારોબારી દ્વારા અર્પણ કરવામાં આવેલી મૂર્તિ, મુગટ માટે કુલ ૧૨૪૧ ગ્રામ ચાંદીની ખપત થઈ હતી. જેમાં ૩૯૯ ગ્રામની સૂર્યનારાયણની મૂર્તિ, ૫૭૬ ગ્રામનો ગણપતિનો મુગટ તથા ૨૬૬ ગ્રામનો સત્યનારાયણ ભગવાનનો મુગટ બનાવવામાં આવેલ હતા.

જે માટે યુવક મંડળની કારોબારી સભ્યોએ ફંડ દ્વારા રકમ એકઠી કરી આ મુગટ, મૂર્તિ માટે પુણ્ય પ્રાપ્ત કર્યું હતું. જ્ઞાતિના દાતાઓ તરફથી ખૂટતી ચાંદીની જોગવાઈ કરવામાં આવેલી તથા મુગટ બનાવનાર કારીગરોએ પણ ફ્રી માં ઘાટ ઘડી આપ્યા હતા. તથા ગોર બાપાએ પણ અનુદાન આપી લાભ લીધેલ હતો.

યુવક મંડળના હોદ્દેદાર સભ્યો દ્વારા ગોરશ્રીની ઉપસ્થિતિમાં આ વસ્તુઓ અર્પણ કરવામાં આવેલ હતી.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## સરસ્વતી સન્માન કાર્યક્રમ






શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ભુજના તેજસ્વી તારલાઓને સન્માનિત કરવા તા. ૨૩-૮-૦૯, રવિવારના ટાઉન હોલ મધ્યે સરસ્વતી સન્માન સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી કોલેજ સ્તરે તેમજ ઇંગ્લીશ મિડીયમના વિદ્યાર્થી ભાઇ-બહેનોને સન્માન પત્રની સાથે ઇનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહના પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણી તેમજ આમંત્રિત શ્રી જયંતીભાઇ જોશી (શબાબ) તેમજ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્યથી સમારોહની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

સુધાબેન બુધ્ધભટ્ટીના સ્વાગત ગીત બાદ શ્રી ચંદ્રકાંતભાઇ ચનાણીએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત તેમજ પરિચય આપ્યો હતો. ત્યારબાદ ઇનામ વિતરણનો કાર્યક્રમ શરૂ થયો હતો. ઇનામ વિતરણના દાતા વેલુબેન ગોવિંદજી બુધ્ધભટ્ટી, સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી તરફથી, શ્રી પ્રાણલાલભાઇ તેમજ સ્વ. ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સહયોગ મળ્યો હતો.

મહિલા મંડળ તરફથી થયેલ વિવિધ પ્રવૃત્તિઓનું ઇનામ વિતરણ જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઇ ચનાણીના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ યુવક મંડળ તરફથી યોજવામાં આવેલી વિવિધ રમતોનું પણ ઇનામ વિતરણ સાથે સાથે કરવામાં આવ્યું હતું.

આમંત્રણને માન આપીને પધારેલા શ્રી જયંતીભાઇ જોશી (શબાબ) દ્વારા જ્ઞાતિ લોકો વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તેમજ જ્ઞાતિના ધંધામાં નવું કૌશલ્ય ઉમેરી ધંધાનો વિકાસ કરવાનું જણાવ્યું હતું.

શૈક્ષણિક સમિતિના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઇ ચનાણીને સમિતિ તરફથી કરવામા આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ જ્ઞાતિના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી ભાઇ બહેનોને અભ્યાસમાં આગળ વધવા માટે કોઇપણ મુશ્કેલી હોય તો દૂર કરવા જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી પૂરતી કોશીષ કરવામાં આવશે, તેમજ એજ્યુકેટેડ વર્ગને સમાજ સેવામાં જોડાવવા અપીલ કરી હતી તથા જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી સમાજહિતના લેવાતા નિર્ણયોનો દરેક જ્ઞાતિજનોએ સ્વીકાર કરવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

જ્ઞાતિ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્મરણિકા વસ્તીપત્રક બુકની C.D. તૈયાર કરી તેનું વિમોચન માજી પ્રમુખશ્રી અમૃતલાલભાઇ સોલંકી, જ્ઞાતિ પ્રમુખશ્રી, તથા મહેમાનો મારફત કરવામાં આવ્યું. આ C.D. રાહુલભાઇ ચનાણી તથા ચેતનભાઇ બારમેડાએ તૈયાર કરી હતી.

કુ. નેહા બગ્ગા, ધોરણ -૧૨ સાયન્સમાં કચ્છમાં પ્રથમ નંબરે, કુ. દર્શના મહેતા ધોરણ-૧૨ માં દસમું સ્થાન તેમજ કુ. શિવાની બુધ્ધભટ્ટીએ ધોરણ-૧૦ માં પાંચમું સ્થાન મેળવવા બદલ તેઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ઇતર પ્રવૃત્તિઓમાં ગુજરાત સરકાર દ્વારા કચ્છના રણમાં યોજાયેલી કાર રેસમાં પ્રથમ નંબરે આવનાર રોહિત ચનાણી તેમજ બેડમિન્ટન, યોગા જેવી પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર જ્ઞાતિજનનું સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત કિશન મનસુખભાઇ બારમેડાએ ધોરણ-૧૦માં બહેરા મુંગા છાત્રોમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.


કાર્યક્રમનું સંચાલન હિતેશ પોમલ, રાજેશ સોલંકી, ચેતન બારમેડા તેમજ ચંદ્રકાંત ચનાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૭ કલાકૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જે માટે શ્રી સુનીલભાઇ કંસારા, શ્રી ચંદ્રકાંતભાઇ ચનાણી, સુધાબેન બુધ્ધભટ્ટી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા વિગેરેએ સુંદર કાર્યક્રમ આપવા જહેમત ઉઠાવી હતી.

*દિલીપ બગ્ગા - ભુજ*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ



શ્રાવણ મહિનાના શુભારંભે એટલે તા. ૨૩-૭-૦૯ ના રોજ 'મા કાલિકા પુરાણ' કથાનું આયોજન કર્યું હતું. જેના કથાકાર સુરત નિવાસી શ્રી ગણપતભાઇ ઠાકોરદાસ પંચીગર હતા. એમની આ ભુજ મધ્યે સાતમી કથા હતી. તેઓશ્રી ગાંધીનગર મધ્યેથી છેલ્લે સચિવાલયમાંથી ચીફ એન્જી. અને જોઇન્ટ સેક્રેટરી તરીકે નિવૃત્ત થયા છે. તેમનો જન્મ મુંબઇ મધ્યે ૧૯૩૩ માં થયો અને બી.ઇ. સીવીલ બોમ્બે યુનિ. માં ૧૯૫૬ માં પાસ કર્યા પછી બોમ્બે પબ્લીક સર્વિસની પરિક્ષા પાસ કરી અને ડાયરેક્ટ I- ક્લાસ ઓફિસર તરીકેની નોકરી તેમણે કરી. હાલમાં તેઓ સુરત રહે છે અને તેમનું શાસ્રોક્ત જ્ઞાન તેમજ શાસ્રીય સંગીત અંગેનું જ્ઞાન તેમની વિશેષતા છે.

આયોજન દરમ્યાન સવારે ૯ કલાકે મહિલા મંડળના પ્રમુખશ્રીના ઘરેથી જ પોથી પૂજન કર્યા બાદ પોથી યાત્રા મંદિર સુધી યોજાઇ હતી. ત્યારબાદ 'મા કાલિકા' મંદિરમાં જ વ્યાસ પીઠેથી લગભગ ૧૦.૦૦ કલાકે 'મારૂ કંસારા સોની જ્ઞાતિની ઉત્પત્તિ' વિશે તેમણે જાણકારી આપી હતી. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અને ત્યારબાદ બપોરે ૩.૩૦ થી ૭.૩૦ સુધી કથાનું વાંચન શ્રી ગણપતભાઇએ કર્યું હતું. જ્ઞાતિની મહિલાઓ એ કથા શ્રવણનો લાભ બહોળી સંખ્યામાં લીધો હતો.

જ્ઞાતિના ગોરબાપા શ્રી સુમનભાઇ વ્યાસને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે પણ આ આયોજન બદલ શુભાશીષ પાઠવ્યા હતા.

આજે આરતીનો લાભ જ્ઞાતિજનોએ લીધો હતો. જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણી, પ્રભુદાસભાઇ સોની, યુવક મંડળના પ્રમુખ અનિલભાઇ છત્રાળા, અમૃતલાલભાઇ સોલંકી, નિતીનભાઇ હેડાઉ વગેરેએ પણ સાંજે આરતીનો લાભ લીધો હતો તેમજ બહેનોની કામગીરીને બીરદાવી હતી.

પ્રસાદી શ્રી મગનભાઇ વેલજી ચનાણી કુટુંબ તરફથી વહેંચવામાં આવી હતી. માનનીય શ્રી ગણપતભાઇનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તથા ગોરબાપા શ્રી સુમનભાઇનું પણ દક્ષિણા આપી સન્માન કરવામાં આવ્યું હતું.

યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઇ છત્રાળાએ વરસાદની સિઝન હોતાં મંડપ વોટરપ્રુફ બંધાવી આપવામાં તેમજ અન્ય વ્યવસ્થામાં તેમના કારોબારી સભ્યો સાથે મદદરૂપ થયા હતા. આર્થિક સહયોગ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇ સોની તેમજ જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ જે. ચનાણી તરફથી સાંપડ્યો હતો.

મહિલામંડળના હોદ્દેદારો તથા સભ્યો એ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં યથાયોગ્ય મદદ કરી હતી.

★ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ આયોજિત 'બેસ્ટ ફ્રેન્ડ' કમ્પીટીશન ગત માસ જુલાઇમાં યોજાઇ ગઇ જેમાં ૨૫ જેટલી જોડીઓ (લેડીઝ) એ ભાગ લીધો હતો. કાર્યક્રમનાં અધ્યક્ષા શ્રીમતી ભાવનાબેન એ. ચનાણી તેમજ જયેષ્ઠાબેન સોનીએ ભાગ લેનાર મિત્રોને પ્રશ્નો પૂછ્યા હતા. અને એકબીજાના શોખ, આદતો, અભ્યાસ વગેરે અંગે બન્નેને કેટલી ખબર છે તે અંગે પ્રશ્નો પૂછીને કાર્યક્રમને રોમાંચક બનાવ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન મહિલામંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ સંભાળ્યું હતું. વિજેતાઓ નીચે મુજબ છે.

પ્રથમ વિજેતા જોડી : પ્રિયંકા - ઉર્વી હેડાઉ

દ્વિતીય વિજેતા જોડી : તન્વી - નમ્રતા

વિજેતાઓને મહિલામંડળ તરફથી મંડળના હોદ્દેદારો તથા કારોબારી ના સભ્યોના હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે એજ દિવસે એટલે કે તા. ૭-૭-૦૯ ના રોજ મહિલા મંડળ- ભુજનો ચાર્ટર ડે પણ હતો. તેથી તેની કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ બાદ અલ્પાહાર કરી સૌ છૂટા પડ્યા હતા. આભારવિધિ ભાવનાબેન ચનાણીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો એ જહેમત ઉઠાવી હતી.

*રોહિણી ભરત બુદ્ધભટ્ટી - મંત્રી*

# શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - નખત્રાણા

## સરસ્વતી સન્માન સમારોહ



નખત્રાણા ખાતે યોજાયેલ શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ દ્વારા "સરસ્વતી સન્માન સમારંભ" માં મુખ્ય મહેમાન પદે બોલતા અખિલ ભારતીય મા.કં. સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીએ જણાવ્યું કે, બાળકોમાં શિક્ષણનું જ્ઞાન વધે તથા આજના યુગની જરૂરીયાત અન્વયે કોમ્પ્યુટરનું જ્ઞાન પણ અનિવાર્ય છે. તેમણે જ્ઞાતિના બાળકોને શિક્ષણમાં વધુ ધ્યાન આપવા જણાવેલ. તેમણે વિદ્યાર્થી ભાઈઓનું ટકાવારીનું પ્રમાણ, બહેનોના પ્રમાણમાં ઓછું છે જેથી હવે સમાજના ભાઈઓ પણ શિક્ષણ પરત્વે વધુ રસ લે તેવું જણાવેલ.

આ પ્રસંગે તેમના પિતા સ્વ. સોની ખેતશીભાઈ ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નખત્રાણા જ્ઞાતિના યુવક મંડળને ૪ (ચાર) કોમ્પ્યુટર ભેટ આપેલ. જે "કોમ્પ્યુટર ક્લાસીસ" નું ઉદ્‌ઘાટન તેમના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

નખત્રાણા જ્ઞાતિના પ્રમુખ સોની હિંમતલાલ બેચરલાલ બગાના પ્રમુખ સ્થાને યોજાયેલ આ સમારંભમાં ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી, માંડવી જ્ઞાતિના પ્રમુખ વિનોદભાઈ હેડાઉ, અંજાર જ્ઞાતિના પ્રમુખ રાજેશભાઈ વીસા પરમાર, મુંબઈ જ્ઞાતિના પ્રમુખ બાબુભાઈ સાકરીયા, નખત્રાણા જ્ઞાતિના અગ્રણી શ્રી હીરાલાલ સોની, લખમશીભાઈ ઈશ્વરભાઈ સોની, ભુજના અગ્રણીઓ શ્રી સુનીલભાઈ કંસારા, અમૃતલાલ સોલંકી, ઈન્દુભાઈ સોલંકી, રવાપર, નેત્રા, કોટડા (જ.) જ્ઞાતિ પ્રમુખશ્રીઓ ઉપરાંત જ્ઞાતિના અગ્રણીઓ શ્રી ગંગારામભાઈ કરશનદાસ સોલંકી, રતીલાલભાઈ સોની, ભોગીલાલ હંસરાજ, પ્રો. રસીકભાઈ મહીચ્છા (આદિપુર), ભુજ જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખ શ્રી અનીલભાઈ છત્રાળા, લતાબેન સોલંકી, સુધાબેન બુધ્ધભટ્ટી ભુજ વિ. ના હસ્તે બાળકોને ધો. ૧ થી કોલેજ સુધીના - તેમજ ડિગ્રી પ્રાપ્ત વિદ્યાર્થી ભાઈ બહેનોનું સન્માન કરવામાં આવેલ.

પ્રારંભમાં નખત્રાણા જ્ઞાતિના મંત્રી શ્રી રવજીભાઈ સાકરીયા તથા યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કંસારાએ સ્વાગત પ્રવચનમાં દાતાઓ દ્વારા યુવક મંડળને પ્રોત્સાહીત કરી જે યોગદાન આપેલ તેનો આભાર માની આગામી દિવસોમાં બહેનો માટે સીવણ વર્ગ શરૂ કરવા જાહેરાત કરવામાં આવેલ.

આ પ્રસંગે પશ્ચિમ કચ્છ મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ એલ. કોટડીયા દ્વારા રૂા. ૫૦૦૦/- ડોનેશનની જાહેરાત કરવામાં આવેલ હતી.

અતિથિ વિશેષ તરીકે બોલતાં ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણીએ જણાવ્યું કે હવે જ્ઞાતિના બાળકોની પરીણામની ટકાવારી ઉંચી આવે છે. તેનું કારણ સમાજ દ્વારા થતાં આવા કાર્યક્રમો છે જે દ્વારા બાળકોને પ્રોત્સાહન મળે છે.

આ પ્રસંગે પશ્ચિમ કચ્છમાં સૌ પ્રથમ વકીલાત ક્ષેત્રે વ્યવસાય શરૂ કરનાર સોની મણીલાલ ગોવિંદજી એડવોકેટ-જ્ઞાતિના પ્રથમ એમ.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર બંકીમ કુમાર ભોગીલાલ સોની તથા જ્ઞાતિના યુવક મંડળને કાયમી સહયોગ આપનાર સંજયભાઈ બેચરલાલ સોનીને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. કચ્છ મિત્રના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારાએ શુભેચ્છા પાઠવેલ હતી. ધો. ૧૦ અંગ્રેજી માધ્યમમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર કુ. લીપ્સા રમણીકલાલ કટ્ટાએ સન્માનનો પ્રત્યુત્તર આપેલ હતો.

કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના જયેશ આર. કટા, મંત્રી ધીરજલાલ એમ. સોની, અનીલ એચ. સોલંકી, ભાવેશ બગા, શૈલેષ બગા, કૌશિક કટ્ટા, મહેશ બુધ્ધભટ્ટી, દિપક કટ્ટા, બટુક કટ્ટા, પ્રકાશ સોની, મનીષ સોની, કૈલાશ જી. સોની, તરૂણ બુદ્ધભટ્ટી, ભુપત કટ્ટા, ઉત્તમ બગ્ગા, ઉદય કંસારા, સતીષ એમ. બગા, જેષ્ટારામ સોલંકી, હિતેશ બારમેડા, અનિલ કટા, દિલીપ કટ્ટા, નિલેશ કટ્ટા, પ્રકાશ સોલંકીએ જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ નખત્રાણા જ્ઞાતિના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ કરેલ હતી.

## ભૂલ સુધાર

★ 'જ્ઞાતિસેતુ'ના ગત અંકમાં સરતચૂકથી શ્રી વી. ઓ. બુધ્ધભટ્ટીના લેખ શિક્ષણમાં લેખક તરીકે તેમનું નામ જાહેર કરવાનું રહી ગયેલ. તેમના બદલે તે પછીના લેખકનું નામ ભૂલથી લખાઈ ગયેલ.

★ કુ. પૂર્વી પરેશ કંસારાની તસ્વીર નીચે લખેલા માર્કસ ખરેખર ૮૯% છે. જેની નોંધ લેવા વિનંતી.

# વ્યવસાયિક જોખમ સામે લાલબત્તી

**અતુલ સોની - અમદાવાદ**

સામાન્ય રીતે કોઈપણ વ્યવસાય સાથે કેટલાક નાના-મોટા વ્યવસાયીક જોખમો સંકળાયેલા હોય છે. આપણા સમાજના મોટા ભાગના પરિવારો સોના-ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. તેથી તે વ્યવસાય પરના જોખમી પરિબળો ચિંતાપ્રેરક બને તે સ્વાભાવિક છે. સોનુ અને ચાંદી કિંમતી ધાતુ હોઈ વ્યવસાયીકો માટે માલસામાનની સલામતીપૂર્વકની જાળવણી અગત્યની બને છે. છેલ્લા કેટલાક સમયથી કચ્છમાં સોના-ચાંદીના વેપારીઓના કિંમતી માલ સામાનની લુંટના બનાવો વધી ગયેલ છે. વેપારીઓ પર જાનલેવા હુમલા પણ થયેલ છે.

તાજેતરમાં અંજાર જ્ઞાતિના અગ્રણી વેપારી શ્રી ધીરજભાઈ પ્રેમજીભાઈ સોની (વલાડિયાવાળા) તથા તેમના પુત્ર શ્રી નવનીતભાઈ પર તા. ૨૯-૮-૦૯ના રોજ લુંટારૂઓ દ્વારા હુમલો થયેલ. જેમાં અંદાજે રૂપિયા બાવીસ લાખ જેટલી રકમના માલની લૂંટ થઈ. આ જાનલેવા હુમલામાં પિતા-પુત્ર બંને ઘાયલ થયેલ. શ્રી ધીરજભાઈને સારવાર માટે અમદાવાદ લાવવામાં આવેલ છે. આ સમગ્ર બનાવ ખૂબ દુઃખદ અને ચિંતાપ્રેરક છે. સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ તથા સેતુ પરિવાર આ લૂંટના બનાવને સખ્ત શબ્દોમાં વખોડે છે તથા શ્રી ધીરજભાઈ તથા શ્રી નવનીતભાઈના ત્વરીત સ્વાસ્થ્ય લાભ માટે શુભકામના કરે છે.

કચ્છમાં આ અગાઉ પણ આપણા સમાજના વેપારી ભાઈઓ પર લૂંટ માટે હુમલાના તથા શો રૂમ પરથી ચોરીના બનાવો બનેલ છે. થોડા સમય પૂર્વે નેત્રા તથા માધાપરમાં પણ આવા બનાવો બનેલ. સમગ્ર સમાજની દૃષ્ટિએ જોઈએ તો આ ખૂબ ગંભીર બાબત છે કારણકે લૂંટ કે ચોરીનો ભોગ બનનાર મોટાભાગે આપણા સમાજના જ હોય છે. આવા બનાવો બને ત્યારે સમાજની જ્ઞાતિ સંસ્થાઓ, જ્ઞાતિ અગ્રણીઓ, બુલીયન મર્ચન્ટ એસોસિએશનના હોદ્દેદારો વિગેરે, – સંબંધિત સરકારી તંત્ર સમક્ષ રજુઆતો કરવામાં સક્રિય ફાળો આપે છે. ઉપરોક્ત બનાવ સંબંધે 'જ્ઞાતિ સેતુ' સાથે વાતચીત દરમ્યાન અંજાર મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખશ્રી કમલભાઈ વી. સોનીએ જણાવેલ કે એસોસિએશન દ્વારા લૂંટના બનાવના આરોપીઓને પકડી પાડવા તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા સંબંધિત સરકારી તંત્રમાં રજુઆત કરવામાં આવેલ છે. વિશેષમાં તેઓએ સોના-ચાંદીના વ્યવસાયીકોને કિંમતી માલ-સામાન તથા જાનની સલામતી માટે જરૂરી યોગ્ય પગલા લેવા આગોતરૂં આયોજન કરવા અપીલ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોટા શહેરોમાં સોના ચાંદીના વેપારીઓ શો-રૂમમાં આધુનિક કેમેરાનો ઉપયોગ કરતા હોય છે. વ્યવસાયના સ્થળે જ યોગ્ય સેઈફ - તિજોરીની વ્યવસ્થા કરતા હોય છે. જેથી દુકાન અને રહેણાંક વચ્ચે માલના હેરફેરનું જોખમ ટાળી શકાય. આ ઉપરાંત મોટા વેપારીઓ ધંધાના સ્થળ નજીકની બેંકના લોકરનો ઉપયોગ પણ કરતા હોય છે. આ ઉપરાંત માલ-મત્તાના 'વીમા'ની યોજનાનો લાભ લઈ શકાય. બુલીયન એસોસિએશન દ્વારા સામુદાયિક સેઈફ વોલ્ટ બનાવવા અંગે વિચારણા થઈ શકે.

આ વ્યવસાય સાથે સંકળાયેલ અગ્રણીઓ આ વિશે યોગ્ય નિર્ણય લઈ શકે છે. તેમજ અન્ય વ્યવસાયિકોને માર્ગદર્શન આપે તેવી આશા અસ્થાને નથી.

સર્વે જ્ઞાતિજનોની સલામતી સહ પ્રગતિની શુભ કામના સહ.

## 'જ્ઞાતિસેતુ'માં જાહેરાત આપવા અંગે.....

સમાજના શ્રેષ્ઠીઓના ઉમદા યોગદાનથી આપણા 'જ્ઞાતિસેતુ' મુખપત્રનું નિયમિત પ્રકાશન થાય છે. જ્ઞાતિસેતુમાં જાહેરાત આપનાર સર્વેના અમો આભારી છીએ. જ્ઞાતિસેતુમાં આવતી નાની ક્લાસીફાઈડ જાહેરાત વર્ષમાં એક જ વખત નોંધવામાં આવે છે. ક્લાસીફાઈડ જાહેરાત એક વર્ષના છ અંક માટે લેવામાં આવે છે. આગામી દિવાળી અંકથી શરૂ છ અંક માટે જાહેરાત બુક કરવાનું શરૂ કરવામાં આવેલ છે. જ્ઞાતિસેતુમાં જાહેરાત માટેની વિગત નીચે મુજબ છે :

| | | | | |
|---|---|---|---|---|
| ● **ક્લાસીફાઈડ કલર** | **૧/૮ પેજ સાઈઝ** | **વાર્ષિક ૬ અંક માટે** | **રૂા.** | **૨,૫૦૦/-** |
| ● **ક્લાસીફાઈડ બ્લેક એન્ડ વ્હાઈટ** | **૧/૮ પેજ સાઈઝ** | **વાર્ષિક ૬ અંક માટે** | **રૂા.** | **૧,૨૦૦/-** |
| ● **કલર ટાઈટલ (પાછલું પેજ)** | **આખુ પાનું** | **એક અંક માટે** | **રૂા.** | **૩,૦૦૦/-** |
| ● **કલર ટાઈટલ (અંદરનું પેજ)** | **આખુ પાનું** | **એક અંક માટે** | **રૂા.** | **૨,૫૦૦/-** |
| ● **અંદરનું પાનુ (બ્લેક એન્ડ વ્હાઈટ)** | **આખુ પાનું** | **એક અંક માટે** | **રૂા.** | **૧,૦૦૦/-** |
| ● **અંદરનું અડધું પાનું (બ્લેક એન્ડ વ્હાઈટ)** | **૧/૨ પાનું** | **એક અંક માટે** | **રૂા.** | **૬૦૦/-** |
| ● **અંદરનું પા પાનું (બ્લેક એન્ડ વ્હાઈટ)** | **૧/૪ પેજ** | **એક અંક માટે** | **રૂા.** | **૪૦૦/-** |

આપની વ્યવસાયીક જાહેરાતની વિગત તથા **"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ"**ના નામે લખાયેલ ચેક નીચેના સરનામે મોકલાવવા વિનંતી. ***કાર્યાલય :*** **ધવલ જ્વેલર્સ,** ૧૪, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧.

**વધુ વિગત માટે સંપર્ક : જયમીનભાઈ સોની : ફોન : ૦૭૯-૬૬૬૧૧૩૨૨**

# ગુજરાતમાં પ્રથમ વાર આયોજીત

## જ્વેલરી એક્ઝીબીશન

## Gujarat Jewellery Show-2010

GUJARAT JEWELLERY SHOW
GJS
*The Trend of Trade*

- ગુજરાત ભરના હોલસેલર્સનો ભવ્ય જ્વેલરી શો.
- એક મેક સાથે સંપર્ક કરવાનો ઉત્તમ મોકો.
- વ્યાપારના વિકાસ માટે ભરપૂર ઉજળી તકો.
- અને આનાથી વિશેષ ઘણું બધું.

**તારીખ**
૧-૨-૩ જાન્યુઆરી ૨૦૧૦

**સ્થળ**
કર્ણાવતી કલબ, એસ.જી.હાઈવે, અમદાવાદ, ગુજરાત.

**પ્રદર્શન સમય : સવારે ૧૦ થી સાંજે ૫**


**પિયુષ આચાર્ય : ૯૯૨૫૪૦૪૦૫૨**

**જીજ્ઞેશ પાટડીયા : ૯૨૨૭૮૨૮૬૦૨**

"પારકર ગોલ્ડ"નાં સોનાના ભાવના **Free SMS** મેળવવા Log on to
www.indianjewellerydirectory.com

# આરાસુર અંબાજી માતાનું મહાત્મ્ય

ગણપતલાલ ઠા. પંચીગર, બી.ઈ. (સિવિલ), રીટાયર્ડ ચીફ એન્જીનીયર - સુરત



સમગ્ર ભારતમાં બાવન શક્તિપીઠો છે. તે પૈકી ગુજરાતમાં બનાસકાંઠા જીલ્લામાં શક્તિપીઠ આવી છે, તે વિશિષ્ટ મહત્ત્વની છે, કારણ કે અહીં સતીનું હૃદય પડ્યું હતું. બાવન પૈકી દેવી ભગવતી માતાની આ શક્તિપીઠ એટલી મહત્ત્વની ગણાય છે કે, ભગવાન શ્રી કૃષ્ણ નાના હતા ત્યારે ઉંમર વર્ષ પાંચે એના બાળમોવાળ ઉતરાવવા માટે (ગુજરાતમાં બાબરી પણ કહે છે) મૂંડન સંસ્કાર માટે નંદ અને યશોદા ઠેઠ ગોકુળથી આરાસુર પધાર્યા હતા! અનેક ગાડાઓ જોડી ઘણા સ્વજનો સાથે ગોકુળથી આરાસુર આવેલા નંદરાજએ અંબાજી મંદિરથી પૂર્વ તરફ આશરે બે કિલોમીટર દૂર, કોટેશ્વર મંદિર છે તેની આસપાસના વનવિસ્તારમાં થઈને વહેતી પવિત્ર સરસ્વતી નદીના કાંઠે તંબુ તાણી મુકામ કર્યો હતો. સિધ્ધપુર પાસે થઈને જે સરસ્વતી નદી વહે છે તેનું ઉદ્‌ગમ સ્થાન કોટેશ્વર મંદિર નજીકના આરાસુર પર્વતમાળાના એક શિખર પર છે. એ કોટેશ્વર શિવમંદિરનો છેલ્લો જીર્ણોધ્ધાર મહારાણા પ્રતાપે કરાવ્યો હતો.

આરાસુર પર્વતમાળામાંથી આરસપહાણ પત્થરો ખૂબ નીકળે છે. અત્યારે પણ ત્યાં આરસની ઘણી ખાણોમાંથી પત્થરો કાઢી તેને યોગ્ય માપ ઘાટ માટેના કારખાનાઓ છે. આરસનો રંગ સફેદ. તેથી અંબાજીને ‘ધોળાગઢવાળી માતા’ પણ કહેવાય છે.

હાલ આ મંદિરમાં મૂર્તિ નથી, પરંતુ નીચે માતાજીનો વીસો મંત્ર કોતરેલો વિશાળ વિસોયંત્ર છે. એવા તેના ઉપર માતાજીનું વાહન આંગી અને શણગાર સમજાવવામાં આવે છે. અગાઉ ત્યાં અંબામાતાની મૂર્તિ હતી પરંતુ દિલ્હી પર મુસ્લિમ શાસકો આવ્યા અને પ્રસિધ્ધ મંદિરોનો ધ્વંશ થવા લાગ્યો. તેથી ત્યાંની મૂર્તિને છૂપાવી સંતાડી સુરત લાવવામાં આવી હતી. હાલ સુરતમાં પ્રખ્યાત અંબાજી રોડ પર જુનું અંબાજી મંદિર છે, ત્યાં જે મૂર્તિ છે તે મૂળ આરાસુરથી લાવવામાં આવી હતી.

આરાસુરમાં જે મૂર્તિ હતી તે અગાઉ ખેડબ્રહ્મા (જીલ્લો સાબરકાંઠા) મુકામે હતી. આરાસુર અંબાજી હાલ કહેવાય છે તે તીર્થધામ આઝાદી પહેલા દાંતા સ્ટેટના દરબારની હકુમત હેઠળ હતું. દાંતા નરેશ પરમાર વંશના ક્ષત્રિય છે. તેઓ સંવત પ્રવર્તક મહારાજા ભોજ અને વીર જગદેવ પરમારના વંશધર છે. તે આખું કુળ જગદંબાનું ઉપાસક છે.

દાંતાના મહારાજ વારંવાર દાંતાથી ખેડબ્રહ્મા આદ્યભવાની જગદંબાના દર્શન કરવા જતાં. તે માટે ઘોર વનરાઈ તથા સાબરમતી નદી ઓળંગીને જવાનું હતું. માર્ગ ઉપર લૂંટારા તથા ભીલોનો ત્યારે ત્રાસ. લોકવાયકા એવી કે દાંતાનરેશે મનોરથ કર્યો કે અંબાજી માતાને ખેડબ્રહ્માથી દાંતા લાવી સ્થાપના કરી મંદિર બંધાઉ તો વધતી ઉંમરે વારંવાર ખેડબ્રહ્મા જવાનું ટાળી શકાય. રાજાએ જગતજનની જગદંબાને વિનંતી કરી, આ મનોરથ સાથે દાંતા પાછા ફર્યા. અટપટા વાંકાચૂંકા રસ્તે દાંતા તરફ જવા ઘણું અંતર કાપ્યું. સાબરમતી નહી વટાવી. આખી વાટ એમનાં મનમાં રથના ઘુઘરા તથા ઘોડાના ડાબલા સંભળાતા રહ્યા. કેમ જાણે મા એમની વિનંતી સાંભળી સોળની પાછળ આવી રહ્યો છે. અચાનક એમના મનો વ્યાપારમાં ભંગ પડ્યો. ઘુઘરાના અવાજ સંભાળાતા બંધ થયા. રાજાને મનમાં થયું કે માં પાછળ શા માટે નથી આવતાં? કોઈ જુદા રસ્તે જંગલમાં ફંટાઈ ગયા હશે? એવી ચિંતીત મનોદશામાં એણે માની શોધ માટે પાછળ જોયું. પહાડને જોઈ એમ લાગ્યું જાણે ટોચની શીલા પર રથના ચક્રનો ઘસરકો પડેલો છે.

યુગો પહેલાં આ સ્થળે ગબ્બર નામે ઓળખાતા પહાડ પર સતીનું હૃદય પડ્યું હતું; તે પાવન સ્થાનને અમર કરવાના ગુપ્ત હેતુથી માતા અંબાજીએ આવી લીલા રચી. અત્યારે જે મંદિર છે, તેની પાસે એકાદ બે કિ.મી. દૂર ગબ્બર છે તે પહાડની ટોચે માતાના રથચક્રનો પહોળો ઘસરકો સ્પષ્ટ જોવા મળે છે. આશરે ૬ થી ૮ પહોળાઈના તથા ૧ થી ૧/૨ ઈંચ ઉંડાઈનો ઘસરકો ટોચની શીલા પર જોવા મળે છે. ત્યાં નાની દહેરી બનાવી છે અને તે દહેરીમાં અખંડ જ્યોત મોટો દીવો રખાય છે. તેના દર્શન રાત્રે દૂર દૂર સુધી થાય છે. આશરે એક કિલો કે વધુ ઘી સમાય તેવો તેવો મોટો દીવો છે અને તેની જ્યોતિ ખાસ્સી ૪ થી ૬ ઈંચ ઉંચી. રાત્રે ઘણો દર મંદિરના ચાચરચોકમાં ઉભા રહેનારથી જોઈ શકાય છે. તેથી ગરબામાં ગવાય છે કે

*ડુંગરે ડુંગરે દીપક ઝળકે, ચળકે છે ચંદ્રિકા ચકોર*
*માડી ત્હારો હીંડોળો ઝાકમઝોળ.*

આરાસુર અંબાજી મંદિરે દર્શન કરવા આવનાર યાત્રિકો ગબ્બર ઉપર ચઢી અખંડ દીવાના દર્શન કરવા પણ જાય છે. તે ગબ્બર અત્યંત પવિત્ર છે. સતીનું હૃદય ત્યાં પડ્યું હતું અને ભગવતી જગદંબાએ તેને ઓળંગ્યો છે તથા રથચક્રનો તેને સ્પર્શ થયો છે. એ ગબ્બર ચઢતા અડધા રસ્તે એક ગુફા આવે છે. તેમાં જગદંબા હિંડોળે બેસી ઝૂલે છે. શ્રદ્ધાવાન ભક્તો, એ ગુફાને ઢાંકતી શીલાની ફાટમાંથી અવાજ પકડવા કાન ધરે છે. માતા જેના પર પ્રસન્ન થાય તેને હીંડોળાનો હીંચવાનો અવાજ સંભળાય છે. આ ગબ્બરનું મહત્ત્વ યુગો જૂનું છે. હાલનું મંદિર સદીઓ જૂનું છે.

ગબ્બરની ટોચે ગોખ છે ત્યાં લઇ જઇને ભગવાન બાળકૃષ્ણના વાળ ઉતારી મુંડન કરાવ્યું હતું. શ્રી બાળકૃષ્ણના વાળ ઉતારીને ફેંકેલા. તેથી સ્મૃતિરૂપે જવારાના દર્શન થાય છે! અ હાહા.. શી લીલા જગદંબાની.. બાળકૃષ્ણના વાળ માતાજીના જવારા બની ગયા!

આ ગબ્બર સાક્ષાત જગદંબા સ્વરૂપ પવિત્ર જાણજો. એને ભંડારાનો પહાડ પણ કહેવાય છે. તે અલૌકિક અને ચમત્કારિક છે.

ગબ્બર પહાડ પર સતીનું હૃદય પડ્યું હતું. તેથી આખો પહાડ અને તેની રજે રજ પવિત્ર અને ચમત્કારી છે. ત્યાંથી દૂર જગદંબાનું મંદિર છે. એ ખરેખર જંગલમાં મંગલ છે. અગાઉ ત્યાં કોઇ શહેર, ગામ કે કસ્બાની વસ્તી ન હતી, ઘોર જંગલ હતું. અનેકાનેક વર્ષોથી યાત્રિકો નિર્ભયપણે આ ઘનઘોર જંગલમાંથી પદયાત્રા કરતાં "જયઅંબે"ની ધૂન બોલાવતાં મંદિરે દર્શન કરી જંગલમાં જ પડાવ નાખતા. ધીરેધીરે ત્યાં ધર્મશાળાના મકાનો બંધાયા. ત્યારપછી હવે તો ત્યાં દુકાનો થઇ છે, હાટ-બજાર છે, ગેસ્ટહાઉસો લોજો અને ભોજનાલયો બન્યાં છે, કારણ કે હવે યાત્રિકોની સંખ્યા લાખોમાં થઇ ગઇ છે! પરંતુ એ બધું જ એક માત્ર મંદિરને કારણે છે. એનો જે કંઇ વિકાસ થયો છે તે એકમાત્ર યાત્રાધામ તરીકે જ વિકાસ થયો છે.

હવે તો રેલ્વે, રોડ વિગેરેની સુવિધા થતાં છેલ્લા ૭૫ વર્ષમાં આ તીર્થધામે આધુનિકતાનો અંચળો ઓઢવો પડ્યો છે. પરંતુ એક સદી પહેલાં ત્યાં સંપૂર્ણ નૈસર્ગિક વાતાવરણ હતું. જંગલમાં વાઘ દીપડા ઘૂમતા હતા. છતાં કોઇ પદયાત્રીને કનડતા નહિ. ઝાડોની ડાળીઓ પંખીઓથી ખીચોખીચ શોભા આપતી હતી. અંબાજી ધામમાં પોપટ અને મોરની ખાસી વસ્તી હતી. તેથી ભજનમાં ગવાય છે કે

*કાંગરે કાંગરે પોપટ બોલે, ટહૂકે કળા કરી મોર*

*માડી ત્હારો હીંડોળો ઝાકમઝોળ...*

ગબ્બરનાં ડુંગર ઉપર મોટા મોટા વાઘ ફરતા અને પગથીયાની સફાઇ પોતાની પૂંછડીના ગુચ્છાથી કરતા! કારણ ગબ્બર સ્વયં જગદંબાનો દરબાર જાણજો.

ગબ્બર પર સાક્ષાત હિંડોળા ઝુલતા. માતાજીને દૂધ પીવડાવવા માટે ગાયો હતી. એ ગાયોના આંચળમાંથી આપોઆપ દૂધની ધારા છૂટતી અને પાત્રને ભરતી. દ્વાપરયુગની વાત છે. ત્યારે નજીકમાં ઉદુમ્બ નામે ગામ હતું. ત્યાં મંગળ નામે ગોવાળીયો રહેતો. તે લોકોની ગાયોને ચરાવવા માટે જંગલમાં જ્યાં ઘાસ મળે ત્યાં લઇ જતો. તેની ગાયના ઝુંડમાં ગબ્બર પર ફરતી માતાજીની ગાય પણ ભળી જતી. આખો દિવસ બધી ગાયો ભેગી ચરીને સાંજે તે છુટી પડી જઇ ગબ્બર પર ચઢી જતી. તેને જોતાં મંગળ ગોવાળીયાને વિચાર આવ્યો કે આ ગાય કોની હશે? આ ગબ્બર પર આમ તો કોઇ માનવીનો વસવાટ નથી તો આ ગાય કોની હશે? વળી ઘણો સમય થયો હું અન્ય ગાયો ભેગી આ ગાયની સંભાળ લઉં છું. મારી દેખરેખ નીચે એ નિર્ભયપણે ઘાસ ચરે છે. જંગલના હિંસક પશુઓના હુમલાથી હું બધી ગાયો ભેગી આ ગાયનું રક્ષણ કરું છું. પાણી પાવા જાઉં છું. ત્યાં ગાયને નવડાવું છું. અન્ય લોકોની ગાયની સંભાળ બદલ મને મહેનતાણું મળે છે તો ગબ્બર ઉપરથી આવતી ગાયની સારસંભાળ સફાઇ, ચરાઇ, કામની મજૂરી મને મળવી જોઇએ. હજી સુધી મને મહેનતાણું આપવા કોઇ ગાયનો માલિક સામો આવ્યો નથી. તો લાવ હવે હું જ એના માલિકને શોધી મહેનતાણું માંગી લઉં. એ ગબ્બર ચઢવા લાગ્યો. અડધે રસ્તે ગુફામાંથી હીંડોળાનો અવાજ સંભળાયો તથા ગુફાની અંદર ઝાકળક્ષેત્ર પ્રકાશ દેખાયો. મંગલ ગોવાળીયાએ વિચાર્યું કે ગાયના માલિક અહીં વસતા હશે. તેણે બહારથી હાક પાડી વિનંતી કરી કે "તમારી ગાયને ઘણા વખતથી હું ચરવા લઇ જાઉં છું. તેની સર્વ રીતે સારસંભાળ, સફાઇ કરું છું. તેનું મહેનતાણું મને ચૂકવી આપો." આવી હાક સાંભળી દેવીની દેવીની સેવિકા એક સૂપડું લઇ બહાર આવી. સૂપડામાં જવ ભર્યા હતા. જવ ભરેલું સૂપડું આપતાં સેવિકા કહે કે "લ્યો આ તમારું મહેનતાણું!" સૂપડું આપી સેવિકા અંદર ચાલી ગઇ. પરંતુ તે નિર્જન સ્થાન, અન્ય કોઇ માણસની વસ્તી નહી, આજુબાજુ વાઘ ફરતા હોય તેવી ઘનઘોર વનરાઇની પ્રાકૃતિક ગંભીરતા તથા ગુફામાંથી નીકળતા પ્રકાશનો પ્રભાવ અને સેવિકાનું સ્વરૂપ અનન્ય તથા અલૌકિક. તેથી ગોવાળીયો અવાક્ થઇ મૂંગોમૂંગો જોતો રહી ગયો! કશું બોલી શક્યો નહિ. મનમાં બબડ્યો કે આટલા લાંબા સમયના મહેનતાણા સામે માત્ર સુપડું ભરીને જવ જ મળ્યા! આટલા માત્રથી મારૂ પેટ કેમ ભરાય?

રીસાઇને એણે થોડે દૂર જઇ સૂપડામાના જવ જમીન પર ફેંકી દીધા. પરંતુ સૂપડું લઇ ઘેર જઇ પત્ની આગળ ફરિયાદ કરી કે આજે એવા ગાય માલિકને મળ્યો જેણે લાંબા સમયના મહેનતાણા સામે માત્ર આ સૂપડું ભરીને જવ જ આપ્યા. જે મેં રીસમાં આવી ફેંકી દીધા છે પરંતુ સુપડું તને બતાવવા લાવ્યો છું. કે જો સૂપડા જવમાંથી આપણું ભરણ પોષણ કેવી રીતે થાય? ગોવાળીયાની ચતુર પત્ની સુપડું જોવા લાગી. કારણ તેને એમાં કંઇક અલૌકિક લાગ્યું. તે દાણા હાથમાં લેતા જણાયું કે તે સોનાના દાણા હતા! તે જોતાં ગોવાલણ અતિ આશ્ચર્ય પામી અને ગોવાળને કહે છે કે તમે જ્યાં જવ ફેંક્યા હોય તે સ્થળે મને લઇ જાવ. ગોવાળીયો અને ગોવાલણ ત્યાં ગયા, તો ખરેખર બધા જવના દાણા સોનાના હતા! ગોવાલણ ગોવાળીયાને ઠપકો આપે છે "અરે રે આ તમે શું કર્યું? સૂપડું ભરી સોનાના દાણા જે જવ જેવા આકારના હતા તેને સમજ્યા વિના ફેંકી દીધા! ચાલો ચાલો મને આ અલૌકિક સ્થાને લઇ જાવ જ્યાંથી તમને આ સૂપડું ભરી જવદાણા મળ્યા હતા." બંન્ને જણા ગબ્બર પર ગુફા પાસે જઇ પહોંચ્યા. ગોવાલણે માતાજીને વિનંતિ કરી કે "હે મા! તમે આપેલી ભેટ અમે સમજી શક્યા નહિ. તમે અલૌકિક દેવી છો. "મંગળ ગોવાળે સુધ્ધા માફી માંગી કે "મારી મોટી ભૂલ થઇ." બંન્ને જણે ભગવતીની હાથ જોડી પ્રાર્થના કરી. તે સાંભળી માતા પ્રસન્ન થયા અને દર્શન આપ્યા. તેમને સંતાન ન હતું તેથી સંતાન આપવા વિનંતી કરી.

જગદંબાએ આશીર્વાદ આપ્યા કે આવતા જનમમાં તમને સંતાનરૂપે દિવ્યપુત્ર મળશે. તમે ગોકુળમાં નંદ યશોદા રૂપે જન્મ ધરશો ત્યારે અત્યંત તેજસ્વી દિવ્ય પુત્ર તમારે ત્યાં થશે. તેની મુંડનવિધી માટે તમે અહીં એને લાવજો. એ હતા ભગવાન બાળકૃષ્ણ.

બોલો, શ્રી અંબે માત કી જય.

***બી/૯, સુષ્મા સોસાયટી,***
***હિંદુ મિલન મંદિર જોડે,***
***ગાંધીપુરા, સુરત-૧.***

# વાત છે એક સ્વાભિમાની વ્યવસાયી મહિલાની

સં. : સુધા એ બુધ્ધભટ્ટી

"જો સ્ત્રીને એ બાબતની જાણ હોય કે એ કેટલી શક્તિશાળી અને સક્ષમ છે તો એ ક્યારેય અબળા નથી રહેતી. એ કંઇપણ કરી શકે છે. બસ, એ માટે જરૂરી હોય છે ધીરજ, લગન અને સાહસની. તો આજે હું આવી જ મહિલા સાથે તમારી મુલાકાત કરાવીશ. જેમણે પોતાના અખૂટ સાહસ, મનોબળ અને દૃઢતાના બળ પર પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે." આજે જમાનો બદલાયો છે. સૌ કોઇ જાણે છે કે સુખેથી રહેવું હશે તો દરેકને કામ કરવું પડશે. પરદેશમાં બધા જ આ નીતિ અપનાવે છે. વળી આજે લોકો ભણતરનો અર્થ પણ સમજતા થયા છે. તેથી શિક્ષણ પણ મેળવે છે અને યુવતીઓ સર્વિસ પણ કરતી હોય છે. સર્વિસ કરવામાં આજે કોઇ હીણપત અનુભવતું નથી. તેમ છતાં સર્વિસ કરવી એક વાત છે અને વ્યવસાય કરવો એ અલગ વાત છે. હા તો આજે વાત કરવી છે એક પ્રેરણાદાયી મહિલા – ભુજના સાવિત્રીબેન પોમલની...

એસ.ટી.ડી.-પી.સી.ઓ. ચલાવતા ૭૫ વર્ષીય બહેન સાવિત્રીબેનની વાર્તા સાંભળી, તેમની ખુમારી તથા આત્મવિશ્વાસ જોઇ લાગ્યું કે આજની નારી જે ખૂબ જલ્દીથી થાકી જાય છે, ઉશ્કેરાઇ જાય છે, ક્યારેક કંટાળીને આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય છે, તેમને ખરેખર પ્રેરણા લેવા જેવી છે.

સાવિત્રીબેન એક શ્રીમંત મા-બાપની પુત્રી છતાં તેમણે સાસરે આવી ક્યારેય એવું ના જણાવ્યું કે મારા મા-બાપને ત્યાં મારી જીંદગી અલગ હતી. વ્યક્તિના જીવનમાં પરિસ્થિતિ ક્યારે પલટાય છે તેની ખબર પડતી નથી. સંકટો અને મુસીબતો વાવાઝોડાની માફક ક્યારે ત્રાટકે છે તેનો ખ્યાલ પણ આવતો નથી. તેમના જીવનમાં પણ પરિસ્થિતિએ વળાંક આપ્યો.

સુખ-સગવડમાં ઉછરેલા સાવિત્રીબેન કંઇક અરમાનો સાથે સાસરે આવ્યા. સંયુક્ત કુટુંબ હતું. સંપ સારો હતો. તેથી આનંદથી દિવસો પસાર થતા હતા. પણ કુદરતને કંઇક બીજુ જ મંજૂર હશે તેમ સાવિત્રીબેનના પતિ દેવશીભાઈ અચાનક બીમાર પડ્યા. તેમને બોર્ન ટી.બી. હતુ. દસ વર્ષની પથારી



સાવિત્રીબેન

ભોગવી. પોતાના પરિવારમાં એક માત્ર પુત્ર હતો. પુત્રને ઉછેરવા, ભણાવવા કોઇ સગવડ નહોતી ત્યારે સુખની કલ્પનાને બાજુએ મુકી હિંમત કેળવી અને વિચાર્યું કે હવે આ મુસીબતોનો સામનો તો કરવો જ પડશે. રડીને બેસવાથી કંઇ નહીં વળે. સીલાઇ કામ આવડતુ હતું એટલે તેમણે બહારના લોકોના કપડા સીવવાનું વિચાર્યું. પતિ બીમાર હતા તેથી કામ કરવા બહાર જઇ શકાયું નહીં. વળી, મશીન લેવાની પણ પરિસ્થિતિ નહીં. તેમ છતાં તેણે દરજી પાસેથી સો રૂપિયાનું સીલાઇ મશીન લીધું. બદલામાં તેઓ દરજીને એક કપડાના એક આનામાં ગાજ-બટન કરી સો વાળી આપ્યા. જોકે ત્યારે તેમની ઉંમર ખરેખર તો મોજશોખ કરવાની ૨૮ વર્ષની હતી. પરંતુ પરિસ્થિતિ એવી આવી પડી કે મોજશોખ કરવાનું પાલવે તેમ નહતું. પરણ્યા બાદ ૨૪ વર્ષની જીંદગી પતિ સાથે ગુજારી. એક પુત્ર હતો. તેથી ગુજરાન ચલાવવા પાપડ વણતા, ગોદડા કરતાં. સાસુ વહુ બંને સાથે કામ કરતા.

પુત્રને ભણાવવાની ખૂબ ખેવના હતી પરંતુ લાચારી પણ હતી. માંડ પ્રાઇમરી શિક્ષણ પૂરૂ કર્યું. ત્યારબાદ શાળાંતની પરીક્ષા અપાવવા વિચાર્યું પરંતુ "શાળાંત"ના પુસ્તકો લેવા પણ પૈસા ન હતા. ત્રણ વચ્ચે ચોપડીઓ લીધી અને તેમાય તેમની કોઇ બહેનપણીએ તેના માટે પાંચ રૂપીયા આપ્યા. "મોરના ઇંડાને ચીતરવા ના પડે." દીકરો શાળાંત પાસ થયો. સ્કોલરશીપ મેળવી. ભણવાની તમન્નાને રોકી ના શકતા. બી.એસ.સી. કર્યું. દુબઇ જવાની તક સાંપડી. બે વર્ષ દુબઇ રહ્યો. દુબઇથી પાછો આવ્યો. સગપણ કર્યું અને લગ્ન કર્યા ત્યારે પણ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા.

સાવિત્રીબેનને લાગ્યું કે હવે પરિસ્થિતિ સુધરશે. પરંતુ હજુ કુદરત રૂઠેલી જ હતી. દીકરો દુબઇથી આવ્યો ત્યારબાદ પડી જવાથી હાથમાં પ્લાસ્ટર આવ્યું અને ફરીથી દુબઇ જઇ ના શકાયું. ત્યાંની કમાણી માંથી એક ગેરેજ શરૂ કર્યું. પણ તેમાંયે કુદરતે યારી આપી નહીં. તેમ છતાં સાવિત્રીબેન હિંમત હાર્યા નહી. દીકરાની પત્ની ટ્યુશન કરતા. કાકા ટેક્ષીનો ધંધો કરતાં. દસ વ્યક્તિનું સંયુક્ત કુટુંબ. આમ સહિયારા પ્રયાસોથી દિવસો ગુજરતા હતા. પેટે પાટા બાંધી દિકરાને બી.એડ કરવા મોકલ્યો. બી.એડમાં ફર્સ્ટ ક્લાસ આવ્યો. આશાનું કિરણ દેખાવા લાગ્યું.

સાવિત્રીબેને વીસ વર્ષની ઉંમરથી પાંત્રીસ વર્ષ સુધી આ રીતે ઘરમાં જ રહી કામ કરી ઝંઝાવાતો સામે ટક્કર ઝીલી. તેમણે તો માની લીધુ હતું કે "ઉદ્યમેન હી સિધ્ધયંતી કાર્યાણી ન મનોરથૈ"

આખરે તેમને પોસ્ટની એજન્સી મળી. તેઓ પોતે ફક્ત બે ચોપડી ભણેલ પણ અંકગણિતમાં ખૂબ રસ. જેથી હિસાબ કરવામાં કશી તકલીફ ના પડે. ત્યારબાદ કોઇકના P.C.O.માં નોકરી રહ્યા. ત્યાં ફેક્સ કરતા, ઝેરોક્ષ કરવી વગેરે કામમાં નિપુણતા મેળવતા ગયા. અંગ્રેજી લખતા ના આવડતું હોવા છતાં મહાવરાથી બધું જ કરી શકે.

ખરેખર સાવિત્રીબેનના આત્મવિશ્વાસે તેમને લોખંડી બહેન બનાવી દીધા. તેઓ કહે છે કે દશા બેસે ત્યારે બધુ જ ચાલી જાય. તેનાથી રડવાનું નથી. કોઇને પોતાના દુઃખ કહેવાના નથી. "કપડે વીટી લાજ" એમ મર્યાદામાં રહીને સ્વાભિમાનથી સારી રીતે રહ્યા. શ્રીમંતની પુત્રી હોવા છતાં મા-બાપ પાસે ક્યારેય હાથ લાંબો કર્યા નહીં.

થોડા મહિના પહેલાંજ પોતાનું S.T.D. - P.C.O નું કામ છોડ્યું. નહિંતર સવારના સાતથી બપોરના બે વાગ્યા સુધી પોતાના S.T.D. - P.C.O.માં કામ કરે. બપોરના ભાગમાં પોસ્ટનું કામ

કરે. જરૂરત પડે તો રાત્રે પણ P.C.O માં બેસે. બપોરના તડકામાં પણ ખુમારીથી પોસ્ટ ઓફિસ જાય. બધુ કામ જાતે કરી શકે.

કૌટુંબિક ભાવના ખૂબ સારી હોતા આજે પણ તેઓ તેમના દિકરા, વહુ, પૌત્ર, પૌત્રી સાથે સંયુક્ત કુટુંબમાં ખૂબ જ સારી પરિસ્થિતિમાં રહે છે.

તેઓ કહે છે કે મને આખો દિવસ કામ કરવામાં આજે પણ થાક લાગતો નથી, કંટાળો આવતો નથી. કામ કરવામાં ખૂબ મજા આવે છે. પોતે જેવી પરિસ્થિતિમાં પસાર થયા એવી કોઈપણ બહેનને તે જુવે છે ત્યારે તરત જ તેમને મદદ કરવા દોડી જાય છે. હાલ પોતાની પરિસ્થિતિ ખૂબ સારી હોતાં તે તેમજ (તેમની પૌત્રી જે ડોક્ટર છે) તેમને સમાજોપયોગી થવા સલાહ આપે છે. આખી જીંદગી કામ કર્યા છતાં આજે પણ હજુ ના કંટાળેલા સાવિત્રીબેનની જીંદગી વિશેની વાતોમાં ખરેખર અન્ય બહેનોને પ્રેરણા લેવા જેવું ઘણું છે.

કર્મ જ મહાન છે આવું માનનારા સાવિત્રીબેનને આપણી શુભકામનાઓ...■

## ગોમતી બા વંદના

### *પોમલ પરિવારોને સંગઠીત થવા હાકલ*

ભુજ વિસ્તારમાં વસવાટ કરતા સમગ્ર પોમલ પરિવારોની સામાન્ય સભા તા. ૧૯-૭-૦૯નાં રોજ જ્ઞાતિની લગ્નવાડી-(કંસારા બઝાર) ખાતે શાંતિલાલ જેઠાલાલ પોમલની અધ્યક્ષતા માં મળેલ હતી. અંદાજે ૧૫૧ પરિવારોનું વિશાળ સંગઠન ધરાવતા આ કલાપ્રિય પોમલ પરિવારોમાંથી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સૌએ સંગઠનના પ્રમુખપદે ઉત્સાહી, નિષ્ઠાવાન અને કર્મક રાજુભાઇ પોમલની સર્વાનુમતે વરણી કરેલ હતી.

અધ્યક્ષ સ્થાનેથી કાંતિભાઇ એ પોમલ પરિવારોના ઉત્કર્ષ માટે સૌને સંગઠીત થવા હાકલ કરી હતી. પોમલ પરિવારોમાં શિક્ષણનું પ્રમાણ વધારવા, ધંધારોજગારની માહિતી એકત્ર કરવા તેમજ અન્ય સામાજીક વિષયો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દરેક ઘર દિઠ દરરોજનો ફક્ત એક રૂપિયો બચાવીને પરિવારનું આર્થિક પાસું મજબૂત કરવા પ્રમુખશ્રી રાજુભાઇ પોમલનાં સૂચનને સૌએ વધાવી લીધું હતું.

આગામી ધન તેરસનાં સપરમા દિવસે આપણા જ્ઞાતિ રત્ન બ્રહ્મલિન પ.પૂ. ગોમતીબાની જન્મતિથી કાલિકા માતાજીના મંદિરે ભક્તિભાવપૂર્વક ઉજવવી અને એ પ્રસંગે બિદડાનાં મા.મુ.શ્રી ભવાનજી નાથાભાઇનું સન્માન કરવું, કારણકે એમનાં થકી આપણે પૂ. ગોમતી બા ને સવિશેષ ઓળખી શક્યા છીએ. આ ટાંકણે 'સેતુ' નાં તંત્રીશ્રી મુ. હંસરાજભાઇનું પણ સન્માન કરવામાં આવશે.

આગામી બેઠક તા. ૨૩-૮-૦૯ના સવારે ૧૦ કલાકે કાલિકા માતાજીના મંદિરે બોલાવવામાં આવશે. જેમાં પ્રમુખશ્રી દ્વારા જુદી જુદી સમિતિઓના ગઠબંધનની જાહેરાત કરવામાં આવશે. એવું ઉપપ્રમુખ શ્રી મિતેશભાઇ શાંતિલાલ પોમલની યાદીમાં જણાવાયું છે.

## વડીલોનું વિચાર વૃંદાવન

નારી તું નારાયણી સમજવાનો પ્રયાસ કરીએ તો તે સમજવા માટે પુરાણ જૂના કાળમાં જવું પડશે. રામકાળ — આપણે સીતારામ સીતારામ સીતારામ કહીએ છીએ. રામ સીતા રામ સીતા રામ સીતા એમ કહેતા નથી. તે માટે સીતાજીનાં જીવન વિશે સમજવું જોઈએ. કૈકેયીએ દશરથ પાસે રામને ચૌદ વરસ વનવાસ અને ભરત માટે ગાદી માંગેલ છે. રામ વનમાં જવા માટે વનવાસની ખબર પડતા જ એ જ સમયે તૈયાર થઈ જાય છે. તુરત કૈકેયી માતા પાસે આવી વંદન કરી કહે છે, 'માતાજી આટલી વાત માટે સીધું મને કહ્યું હોત તો મારા પિતાજીને આટલી તકલીફ ન પડત. હું એ જ ટાઈમે રવાના થઈ ગયો હોત.' પછી માતા કૌશલ્યા પાસે જઈ વંદન કરી બધી વાતથી વાકેફ કરે છે. સીતાજીને ખબર પડતાં જ સાથે આવવા કહે છે. રામ ખૂબ સમજાવે છે ત્યારે સીતાજી કહે છે, 'આપણા લગ્ન પ્રસંગે સપ્તપદીમાં જે આપણે સમજ્યા છીએ કે પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી. સાથ છોડાય નહીં.' ખૂબ સમજાવ્યા પછી પણ ન બદલતાં અંતે કૌશલ્યાજી કહે છે, 'રામ બેટા, આને પણ સાથે લઈ જા.' સાથે લક્ષ્મણ પણ જાય છે. ટુંકમાં —

વનવાસમાં સીતાજીનું હરણ થાય છે. હનુમાનજી સીતાજીને અશોક વાટીકામાં મળે છે અને કહે છે, 'માતાજી મારા ખભા ઉપર બેસાડી લઈ જાઉં.' ત્યારે સીતાજીનો જવાબ : 'મારા રામ નબળા નથી. મને તે જ આવીને લઈ જાય.' — આ નારી તું નારાયણી.

વિશેષ — રામ અયોધ્યા આવ્યા પછી રામ ભાવમિય સિધ્ધાંતમય વાત્સલ્યમય રાજ ચલાવે છે અને મારા રાજ્યમાં કોઈ નિર્દોષ માણસને ક્યાંય પણ તકલીફ ન પડે, પ્રજા સિધ્ધાંતમય જીવે એવું રામ રાજ્ય સ્થાપ્યું છે. એક દિવસ ગુપ્તચરોએ સીતાજી વિશે કુથલી કરતા (સાંકેતિક - ધોબી) સીતાજીને વનમાં મૂકે છે. લાંબો સમય ગયા પછી વશિષ્ટ, રામને યજ્ઞ માટે કહે છે. યજ્ઞ કરવાનું નક્કી થાય છે. યજ્ઞમાં પત્ની સાથે જોઈએ. રામને બીજા લગ્ન માટે કહે છે. ત્યારે રામ કહે છે, 'હું રાજા છું. પ્રજાને મારી રાણીમાં દોષ દેખાયો એટલે રાણીનો ત્યાગ કર્યો, મારી પત્નીનો નહીં.' ગુરૂ વશિષ્ટ કહે છે, રામની બાજુમાં સોનાની મૂર્તિ બેસાડો. ત્યારે રામ કહે છે મૂર્તિનું નામ સીતા રહેવું જોઈએ.

નારી તું નારાયણી. માટે ત્યાગ + તપ + ધ્યેય જોઈએ. ઋષિઓ માનવતા ઊભી કરવા માટે લોહીનું ખાતર કરી સિધ્ધાંત માટે ઘસાઈ ગયા છે.

નારી તું નારાયણી. આકાશમાંથી ઉતરી નથી, અહીં ભૂમિ ઉપર તૈયાર થઈ છે.

બીજું - કૃષ્ણાવતાર - રાધેકૃષ્ણ કહીએ છીએ, કૃષ્ણ રાધે નહીં. એ શું સૂચવે છે? તે માટે હું, તમે અને આપણે શું કરીએ છીએ?

'સેતુ'માં 'નારી તું નારાયણી' કોલમમાં પ્રકાશિત થતા સમાજની નારી શક્તિના પરિચય મનનીય અને પ્રેરણાદાયી હોય છે. શક્તિ વંદના સહ.

***સોની શામજી ગાંગજી મૈયા - અંજાર***


# YOUNG ACHIEVERS

**Miss Kunj Kotadia in conversation with Hitesh Budhbhatti of Ahmedabad**

*'Setu' adds a new column, now, with a view to enlist youth participation. To enable those, with academic grooming in English, we keep this column, partly in English.*

*Miss Kunj Kotadia, Student of Metallurgy Engineering will conduct this column for their colleagues. She wishes to put 'Success Stories' of our 'Young Achievers'. We are confident that this column would catch the interest of our budding youth. They are invited to send in their inspiring 'Briefs' for publication. It should be on one's specific achievement, in any field, from academics to athletics or even aesthetics, more so, in professional field. Here is one, that speaks of a youngster's professional progress.*

***– Chief Editor***



Hitesh, a confident, young man, in his thirtees, had an exemplary career-path as a successful Business Executive. His family origin is in Bhuj (Kutch). He was born and brought up in a small town, Asansol, in West Bengal. His father late Shri Harilal Keshavji Budhbhatti was a Mining Engineer at Eastern Coal Fields Ltd., there.

Hitesh, on completion of his science graduation from Gujarat University, Ahmedabad, coupled with Management Diploma from AMA desired to pursue his career in the up-coming computer field. But his destiny was different. Untimely death of his father, in 1994, forced him to take up the job, that came his way, then however, with his dedication and determination, coupled with his patience and preservarance, he was able to mould his career the way, he desired. The affectionate family support helped him overcome the obstacles on his way and take up challenges. His family includes, his kind mother Dayaben and four elder sisters, two of them are married. Of the other two, one is the Asst. General Manager in Chitralekha Magazine group and the other is a professional Beautician.

- **Job Experience :**

In 1994, he joined a Company, called Third Wave. India's first office automation super market dealing in all kinds of office equipment. He was the 'profit centre head' for air conditioning division, dealing in Amtrex Hitachi Air Conditioners, with a team strength of 20 people. He says, "it was like managing 'one's own business' without investing money." He worked there for 5 years and then was absorbed by the 'Hitachi' Company, where he earned valuable experience for three years.

In the year 2002, he joined the Telecom sector with 'TATA Teleservices.' He spent 5 years there as a head of Corporate Sales Division. Then he entered into the private FM industry with BIG 92.7 FM (Anil Dhirubhai Ambani Group) as Cluster Head for Gujarat, with live radio stations in Surat, Vadodara and Rajkot. He worked with BIG FM for a period of $1^1/_2$ years.

In August 2008, he joined The Times of India as Head of Sales for Gujarat. He is the youngest Branch Head in the Company. He is also the Printer & Publisher for all publications of the Times Group viz. Times of India (Ahmedabad Edition), Mirror / Economic Times / Ahmedabad Times etc., published in Gujarat.

- **Other Interests :**

He is a voracious reader and a sports person who represented his school and college at various levels in Cricket. He loves travelling and photography. He has passion for new

interests.

- **Inspiration :**

"I have taken inspiration from my family. My father was my role-model and the best friend. He taught me to be humble at all stages of life," he said.

My elder sister Ila has guided me all along my path of progress and has taught me to overcome boldly the adverse circumstances.

- **Messages to Youngsters :**

"Good education till graduation is a must for every individual for strong foundation. It helps one all his life. Patience and preservarance is also a must for achieving success. There are no shortcuts. One should have one's own set of values with positive approach for their achievement at various stages of life and a well defined short term and long term goal" Hitesh insists.

"Good health is also a must. So one must maintain proper balance in life like eating, sleeping and physical exercise" he adds.

- **Key Factors for Success :**

"I think the foundation for success is laid at a very young age," says Hitesh and adds, "he was fortunate to have had a very good schooling in Asansol, which gave a very wide exposure and helped him to develop his personality including communication and behavioural skills, extra-curricular activities and learning how to focus on goals. "I always had big dreams of reaching great heights in my profession." asserts Hitesh.

Family support, at all times, gave him strength and confidence to face professional as well as personal challenges and grow consistently in life.

His sister Ila was very instrumental in his success, who never allowed him to feel that he had to fight his battles all alone.

He always worked in the companies at a start-up level which helped him to understand the overall perspective and develop expertise in that particular industry. Also what helped him most, was spending adequate time with each organization and looking at options in growth and career development.

"One starts delivering results after the first year in any company and hence, by changing jobs frequently, one does not do justice to himself or to the organization. The candidates with frequent job changes are on low priority for selection by the Companies during job" he adds.

Lastly, he had never been impatient for success nor looked at shortcuts for career enhancement. Since he has spent most of his time in sales and marketing, he always focused on 'customer satisfaction' which paid him rich dividends in the long run.

Hence to summarize, the key factors for success for Hitesh have been affectionate but 'firm parenting,' 'good schooling,' 'positive attitude' and 'silent aggression without losing focus' on long term goals."

***"I am proud of my family and community back ground. I shall be happy and ever prepared to help welfare activities of our Community" Hitesh affirmed.***

## બુઝુર્ગ અગ્રણી શ્રી ઝવેરીલાલ બુધ્ધભટ્ટીનો જીવનદીપ બુઝાયો – સમસ્ત સમાજમાં શોક છવાયો




આપણી જ્ઞાતિના સર્વ સન્માનીય વડીલ શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીનું ગત તા. ૧૮-૮-૦૯ના રોજ ૮૭ વર્ષની પાકટ વયે અવસાન થયું. ઈશ્વર એમના આત્માને પરમ શાંતિ અર્પે અને એમના પરિવારે, તેમજ જ્ઞાતિ સમસ્તે એક પીઢ વડીલનું છત્ર ગુમાવ્યું તેનો શોક સહન કરવાની શક્તિ આપે.

'જ્ઞાતિસેતુ'ના સ્વર્ણિમ સમાજ અંકમાં એમનો વિસ્તૃત પરિચય આપેલો છે.

***જ્ઞાતિના અગ્રણી તથા વિખ્યાત ચિત્રકાર સ્વ. ઝવેરીલાલ શામજી બુધ્ધભટ્ટીના અવસાનથી જ્ઞાતિને એક વડીલની ખોટ પડેલ છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર તેમને હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પે છે.***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૧

તુલસીદાસ એલ. કંસારા




કોમ્પ્યુટરની દુનિયા મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે. (૧) હાર્ડવેર્સ (મુખ્ય મશીનના ભાગો અને પેરીફેરલ્સ કે અન્ય હાર્ડવેર્સ), (૨) સોફ્ટવેર અને (૩) ઈન્ટરનેટ.

- **હાર્ડવેર્સ :**

આપણને એ તો ખ્યાલ જ છે કે કમ્પ્યુટર હાર્ડવેર એટલે કે કોમ્પ્યુટરના દરેક પૂર્જા કે ભાગો, જેને જોડીને કોમ્પ્યુટર મશીન બનાવવામાં આવે છે.

આમ તો આ મશીનના દરેક ભાગો, એક નાના સ્ક્રુ થી લઈને કી-બોર્ડ અને મોનીટર સુધીના અગત્યના છે જ, પરંતુ જ્યારથી મીની અને માઈક્રો જેવા શબ્દોએ અહીં પગપેસારો કર્યો છે ત્યારથી ચીપ, બોર્ડ કે કાર્ડ નામની ઈલેક્ટ્રોકનીક સર્કિટનું મહત્ત્વ વધેલ છે. આની સાથે જોડાયેલ રંગબેરંગી વાયરો અને સ્વિચો, બટન કે ચાંપો એટલે કે તેની ઈનપુટ ડીવાઈસો, કી-બોર્ડ, માઉસ અને અન્ય પાવર સપ્લાયને ચાલુ કે બંધ કરતી સ્વિચો પણ તેટલા જ અગત્યના છે કારણકે તેજ વિદ્યુત તરંગોને ક્યારે અને ક્યાં લઈ જવાના છે તે મુજબ તેની સ્થિતિ અને ગતિ નક્કી કર્યા બાદ તેનું વહન કરવામાં ઉપયોગી રહે છે. કહો કે આ હાર્ડવેર વિભાગ ત્યારે જ કામ કરતું થાય છે જ્યારે તેમાંથી વિદ્યુતના મોજાઓને કી-બોર્ડ, કી પેડ કે માઉસની સ્વિચો મારફતે આદેશો કે સુચના આપવામાં આવે છે.

તો હવે આપણને એ તો ચોક્કસપણે ખ્યાલ આવે જ છે કે આ મશીન ચલાવવા માટે વિદ્યુતના તરંગો કે મોજા મુખ્ય જરૂરિયાત છે, જે સામાન્ય રીતે અનુભવી શકાય છે પરંતુ જોઈ શકાતા નથી.

પેરીફેરલ્સ કે અન્ય હાર્ડવેર્સ :

અલબત્ત, આ દશ્યમાન ચીજો (હાર્ડવેર્સ)માં પણ મુખ્ય મશીન અને તેના અન્ય વિભાગો કે સાધનો હોય છે અને આ એવા સાધનો અને વિભાગો છે કે જેના વગર મશીન ચાલી શકે, પરંતુ તેની પાસેથી આપણી જરૂરિયાત પ્રમાણેનું કામ લેવું હોય તો આ અન્ય સાધનો જોડવા પડે. આ અન્ય સાધનોને અંગ્રેજીમાં પેરીફેરલ્સ કહેવામાં આવે છે. આપણે તેને કોમ્પ્યુટરના પરીઘમાં આવતા સાધનો કહી શકીએ. દા.ત. પ્રિન્ટર કે માઉસ. જો માત્ર ટાઈપ કરીને વિગતો કોમ્પ્યુટરમાં જ સંગ્રહવાની હોય તો પ્રિન્ટરની જરૂરિયાત નથી. તેવી જ રીતે માત્ર કીબોર્ડથી પણ કામ ચાલી શકે છે. તો માઉસ જરૂરી નથી. તો અહીં, પ્રિન્ટર કે માઉસ અને તેના જેવા અન્ય સાધનો માઈક, સ્પીકર્સ, મોડેમ, સ્કેનર, વિ. પેરીફેરલ્સ હાર્ડવેર કહેવાય. હવે તો તમારે જો વધારાની મેમરી કે સંગ્રહ શક્તિ જોઈએ, તો એક્સ્ટેન્ડેડ મેમરી માટે બીજી હાર્ડ ડિસ્કને તેના કવરમાં ફીટ કરીને વાયર દ્વારા તમારા કમ્પ્યુટર સાથે જોડી દો એટલે પત્યું. આટલા સરળ પેરીફેરલ્સ મળે છે. વળી, આ પેરીફેરલ્સની વ્યાખ્યા પણ તમારા ઉપયોગ પ્રમાણે બદલાતી જાય. દા.ત. તમે તેજ હાર્ડ ડિસ્કને કોમ્પ્યુટરની અંદર ફીટ કરેલ હોય તો તે મુખ્ય મશીનનો ભાગ બને છે અને નહિંતર પેરીફેરલ્સ કહેવાય છે.

- **સોફ્ટવેર :**

ઉપર જે વિદ્યુત તરંગો કે સીગ્નલની વાત કરી, તે સીગ્નલનોનું ડિજીટલ ફોર્મેટ કે આંકડાકીય સ્વરૂપમાં રૂપાંતર કરીને વિવિધ પ્રક્રિયાઓ દ્વારા દશ્ય, શ્રાવ્ય કે બંને સાથે, સ્થિર કે ચલિત, તમારી સામે સ્ક્રીન, સ્પીકર્સ, ટી.વી. કે મોનીટર મારફતે અથવા તો નક્કર સ્વરૂપે મૂકવામાં આવતી આઈટમો, વસ્તુઓ કે વાનગીઓ બનાવવાની રીત કે રેસીપી એટલે સોફ્ટવેર. પરંતુ આપણે જાણીએ છીએ કે સોફ્ટવેરની વ્યાખ્યા આટલી સરળ નથી. ટૂંકમાં જે સુચનાઓ કે આદેશોનો અમલ કરાવવાનો હોય તે સુચનાઓને તેની (કમ્પ્યુટરની) ભાષામાં, પ્રોગ્રામ કે પેકેજના સ્વરૂપે આપવામાં આવે છે તેને સોફ્ટવેર કહેવામાં આવે છે. અહીં આપણે જે સુચનાઓની વાત કરીએ છીએ તેના માટેની અનેક ભાષાઓ છે અને તે વિવિધ નામોથી ઓળખાય છે. આ ભાષાઓનો ઉપયોગ કરીને જે સુચનાઓ ડેવલપ કરવામાં આવે છે, વિક્સાવવામાં આવે છે, તેને સામાન્ય રીતે પેકેજ તેમજ પ્રોગ્રામો કહેવામાં આવે છે. આ રીતે સોફ્ટવેર પ્રોગ્રામ અને સોફ્ટવેર પેકેજો વિશે જાણકારી મેળવવા માટે તેની ભાષાઓને પણ જાણવી જરૂરી છે.

- **ઈન્ટરનેટ :**

કોમ્પ્યુટરની દુનિયામાં આ ત્રીજી બાજુએ આખી દુનિયાને ખૂબ જ નાની બનાવી દીધેલ છે. ખરા સ્વરૂપમાં દુનિયા હવે ગ્લોબલ વિલેજ બની ગઈ છે. કહો કે આ તો ભગવાન ભોલેનાથ શ્રી શંકરજીનું ત્રીજું નેત્ર છે. જેમાંથી તમે દરેક જગ્યાએ ઘડીના છઠ્ઠા ભાગમાં પહોંચી જાઓ છો. આ ત્રીજું નેત્ર બાળી પણ શકે છે અને જીવાડી પણ શકે છે. તમે તેનો કેવો ઉપયોગ ચાહો છો તેના ઉપર તેનો આધાર છે. ફરક માત્ર એટલો જ છે કે પૌરાણિક કથા મુજબ જયારે ભોલેનાથ કોપાયમાન થાય ત્યારે જ આ નેત્ર ખૂલતું અને કોપના કારણનો નાશ થતો. જ્યારે તમે આ નેત્રને તમારા સમયે અને શાંત ચિત્તે ખોલીને તમારા ઉપયોગી કાર્ય કરી શકો છો. જેમાં તમારા મિત્રો, સગાસંબંધીઓ કે વેપાર-ધંધાને લગતા વ્યવહારો માટે ઈ-મેઈલ કે ચેટથી સંદેશાઓની આપ-લે કરો કે તમારી ઉપયોગી માહિતીઓને કોઈ દૂરની જગ્યાના કોમ્પ્યુટરમાં સંગ્રહો, ચાહે તો ઈન્ટરનેટને જરીયે આવેલી માહિતીને ડાઉનલોડ કરી તમારા કમ્પ્યુટરમાં રાખો કે રેલ્વે, પ્લેન, આગબોટ કે બસની ટિકીટ સીધી જ પ્રિન્ટ કરો – આવી તો અનેક સુવિધાઓ તમને કોમ્પ્યુટરની દુનિયાનું આ ત્રીજું પરિમાણ આપે છે. ઈન્ટરનેટના નેગેટીવ ઉપયોગથી તમે કોઈના કમ્પ્યુટરમાં ઘૂસીને તેની

માહિતી ચોરાવી શકો છો, હેક કરી શકો છો, વાઈરસ નાખી શકો છો, તમારા ખાસ હિતેચ્છુઓને હેરાન પરેશાન પણ કરી શકો છો અને જો તમે તેનો પોઝીટીવ ઉપયોગ કરો તો તે તમોને અલાઉદ્દીનના જાદુઈ ચિરાગની જેમ તમારી સામે દુનિયાભરની માહિતીઓનો અદ્ભુત ખજાનો લાવી આપે છે. જેમાંથી તમે માલામાલ થઈ શકો છો. હવે તો ચીન જેવા સામ્યવાદી દેશો પોતાના દેશ અને દરેક નાગરિક ઉપર નજર રાખવા માટે પણ કાયદેસર રીતે ચોક્કસ પ્રકારના ગેજેટ્સ કે સાધનો દરેક ઈન્ટરનેટ વપરાશ કર્તાને ત્યાં ફીટ કરીને તેમની હિલચાલ ઉપર, દેશ (એટલે કે પોતાની કમ્યુનીસ્ટ પાર્ટી)ના હિતના નામે દેખરેખ રાખવાની કોશિશ કરતા હોય છે.

ઈન્ટરનેટ પર ચાલતા સોફ્ટવેર અને પર્સનલ કોમ્પ્યુટરના સોફ્ટવેર વચ્ચે કોઈ મૂળભૂત તફાવત હોતો નથી. માત્ર તેમનો વિકાસ પેકેજના સ્વરૂપે જરૂરિયાતોને લક્ષમાં રાખીને કરવામાં આવેલ હોય છે અને તેથી તેમના નામો પણ તે દષ્ટિએ આપવામાં આવતા હોય છે. દા.ત. નેટબુક, જે ઈન્ટરનેટ વાપરનારાઓ માટે વધારે અનુકૂળ છે.

આમ ઉપર જોયું તેમ હાર્ડવેર, સોફ્ટવેર તેમજ ઈન્ટરનેટના નામે ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચાયેલ કોમ્પ્યુટરની દુનિયાને વધારે સારી રીતે સમજવા માટે તેના પારિભાષિક શબ્દો, તેમાં વાપરવામાં આવતા એબ્રિવીએશન્સ કે ટુંકાક્ષરી અથવા તો સંક્ષિપ્ત શબ્દો, જે સામાન્ય રીતે અંગ્રેજીના લાંબા નામો ઉપરથી દરેક શબ્દોના પ્રથમ અક્ષરો લઈને બનાવવામાં આવતા હોય છે. દા.ત. ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ, જેનું લાંબું નામ છે વર્લ્ડ વાઈડ વેબ. આ ઉપરાંત, ઉપર જોયું તેમ સોફ્ટવેર ડેવલપ કરવામાં વપરાતી ભાષાઓની જાણકારી, તેના પેકેજો અને આવી અનેક બાબતોને આવરી લેતા ટેક્નીકલ શબ્દો – જેને અંગ્રેજીમાં જારગન્સ કહેવામાં આવે છે, તે કોમ્પ્યુટરની દુનિયાના સમગ્ર તંત્રને સમજવામાં સહાયક થવાના હેતુથી, આપણે આ વિષયને નીચે પ્રમાણે ચાર મુખ્ય વિભાગમાં વહેંચેલ છે :

૧. સંક્ષિપ્ત શબ્દો
૨. પારિભાષિક શબ્દો
૩. કમ્પ્યુટરની ભાષાઓ અને
૪. પેકેજો તેમજ કાર્યક્રમો કે પ્રોગ્રામો.

- **HEALTH FIRST :**

*Do something everyday that you do not want to do; this is the golden rule for acquiring the habit of doing your duty without pain.*

***– Mark Twain***

***તમને જે ના ગમતું હોય તેવું કોઈક કામ રોજ કરો. તમારી ફરજ માણવાની ટેવ પાડવા માટેનો આ જ સોનેરી નિયમ છે.***

***– માર્ક ટ્વેઈન.***

# મેથ્સની મગજમારી

***અંજલી સોની - અમદાવાદ***

મિત્રો, ધોરણ-૧થી ધોરણ-૧૦ હોય કે પછી હાયર સેકન્ડરી, ગણિતનો વિષય તો જાણે વિદ્યાર્થીની સાથે ને સાથે હોય જ. જો આવડે તો ગણિતમાં ભારે મોજ (પૂરા ૧૦૦% આવે) અને ન ફાવે તો.... માથાનો દુઃખાવો લાગે. ના... પણ એવું નથી. ગણિત ખૂબ મજાનો વિષય છે. ગણિતની ગમ્મતમાં જ્ઞાન ચકાસણી થાય અને ઉકેલ લાગે, જાણે જાદુ... ચાલો, આજે એક મજાનો કોયડો રજૂ કરૂં છું. અહીં નીચે માત્ર આંકડાની હરોળ આપી છે. આપે આ આંકડાઓની વચ્ચે માત્ર ગાણિતિક નીશાનીઓ એવી રીતે મૂકવાની છે કે દરેક વખતે જવાબ '૬' આવે. (બરાબર '='ની નિશાની તો આપેલી જ છે.)

| | | | | |
|---|---|---|---|---|
| 1 | 1 | 1 | = | 6 |
| 2 | 2 | 2 | = | 6 |
| 3 | 3 | 3 | = | 6 |
| 4 | 4 | 4 | = | 6 |
| 5 | 5 | 5 | = | 6 |
| 6 | 6 | 6 | = | 6 |
| 7 | 7 | 7 | = | 6 |
| 8 | 8 | 8 | = | 6 |
| 9 | 9 | 9 | = | 6 |

સમજાયું....? લો, ન સમજાયું હોય તો એક ઉદાહરણ આપું. 2 + 2 + 2 = 6 થયા ને!

વધુ એક ઉકેલ જોઈએ. 6 + 6 – 6 = 6 થાય ને...?

બસ, તો ચાલો, બાકીની લાઈનો માટે જરા મગજમારી કરશો તો જરૂર ઉકેલ મળી જશે. ના મળે તો ઉકેલ આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.

*આતિથ્ય એ ઘરનો વૈભવ છે,*
*પ્રેમ ઘરની પ્રતિષ્ઠા છે.*

*વ્યવસ્થા એ ઘરની શોભા છે,*
*સમાધાન એ ઘરનું સુખ છે.*

*સદાચાર એ ઘરની સુવાસ છે,*
*એ જ ઘરમાં સદા પ્રભુનો વાસ છે.*

***મોહિની લક્ષ્મીકાંત કટ્ટા - નખત્રાણા***

# યુવા વર્ગને વ્યવસાય અંગે માર્ગદર્શન

**વી. ઓ. બુધ્ધભટ્ટી, ભુજ**

*વડીલ શ્રી વી.ઓ.બુધ્ધભટ્ટી એ ગત અંકમાં પૃષ્ઠ-૨૧ પર શિક્ષણ વિષે પ્રેરણાદાયક વિચારો પ્રસ્તુત કર્યા હતા. આ લેખના લેખક તેઓશ્રી હતા એ જણાવતા આ ખુલાસો સાથે કહેવાનું છે કે જે વિદ્વાનનું નામ આ લેખ સાથે છપાયેલું છે, તેમનો લેખ તે પછીનો છે. આ ક્ષતિ બદલ ક્ષમા-યાચના સાથે સુધારી લેવા વિનંતી.*

*— મુખ્ય તંત્રી*

માનવ જીવન માટે વેદને શાસ્ત્રો મુજબ નવ બાબતો આવશ્યક છે. વિદ્યાભ્યાસ બાબતે વિચાર રજૂ કર્યા. હવે વ્યવસાય બાબતે જણાવું છું. જ્ઞાતિજનોમાંથી જે કોઇ પોતાના વિચાર જણાવે તો તે તમામ બાબતો વિચારી યોગ્ય રીતે અમલ થાય એ રીતે વ્યવસાયનો વિકાસ થાય.

૧. વડિલોના વ્યવસાયમાં જોડાઇ શકતા હોય તે જોડાઇને પોતાની કારકીર્દી બનાવે. જેમના વડિલોનો કોઇ વ્યવસાય નથી કે કોઇ કારણે તે વ્યવસાય કરવો જેમના માટે શક્ય નથી. વિશેષ વિદ્યાભ્યાસ કરી શકતા નથી તેમણે પોતાને અનુકૂળ થાય તેવા વ્યવસાય માટે સર્ટીફીકેટ કે ડીપ્લોમા કોર્ષ કરવા. એનો અભ્યાસક્રમ નહોય તો તેવા વ્યવસાય કરનાર પાસેથી યોગ્ય તાલીમ મેળવી વ્યવસાય શરૂ કરવો.

૨. વ્યવસાય નાના પાયે શરૂ થાય તેની ચિંતા નહિ અનુભવને કાર્યશક્તિ વિકસતાં વ્યવસાય વિકસશે.

૩. હાલે જે વ્યવસાય ચાલુ હોય તે બધામાં જેટલી આધુનિકતા આવી હોય તે અપનાવી લેવી જોઇએ.

૪. બજારના પ્રવાહ અને જનતાની માગ સમજી તે મુજબ પોતાના ઉત્પાદન કે વેચાણમાં ફેરફાર કરતા રહેવું.

૫. હાલની સ્થિતિએ ખાનગી નોકરીઓમાં તક વધી છે. તો તે માટે જરૂરી હોય તેવા અભ્યાસ ક્રમ પૂરા કરી તેમાં જોડાઇ શકાય.

૬. સરકારી સેવામાં કોમ્પ્યુટર નો ઉપયોગ શરૂ થતાં રોજગારીની તકો ઓછી થવાની છે. છથાં જે-જે ભરતી હાલે થતી રહે છે તે સ્થિતિ જળવાય તેવા સંભવ ખરો.

૭. મોટા પાયે ઉત્પાદન, વેચાણ કરવા હોય તો સહકારી સંસ્થા રચી શરૂ કરી શકાય. જેમાં તજજ્ઞની સેવા મલી રહે. બીજાને નોકરી આપી શકાય.

૮. વ્યવસાય માટે મુખ્ય જરૂરી બાબતો વિદ્યાભ્યાસ, પ્રોફેસન અભ્યાસ કે તાલીમ, ચતુરાઇ, સતર્કતા, કાર્યશક્તિ, વ્યવસાય બાબતના વિવિધ પ્રવાહો સમજવાની શક્તિ, કશુંક નવું દરેક વખતે રજૂ કરવાની શક્તિ, સંઘર્ષ કરવાની તૈયારી, પોતાના થતા નવા અનુભવો મુજબ ફેરફાર કરવાની શક્તિ, હતોત્સાહ ન થતાં મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની શક્તિ જરૂર જણાયે સંબંધિત બાબતના નિષ્ણાતની સલાહ લઇ તે સમજી તેને પોતાની અનુકૂળ પદ્ધતિથી અમલ કરવાની શક્તિ. ખૂબજ જરૂરી બાબત નાણાકીય વ્યવસ્થા (નાણાકીય વિગત આગળ છે.)

૯. માનવ જીવનના કાર્યોમાં વિવિધ મુશ્કેલી આવતી હોય છે. તેનો ત્વરિત નિકાલ કરવો. ઢીલથી વધારો થાય.

૧૦. બીજાની દેખાદેખી વ્યવસાય નક્કી ન થાય. તેની કોઇ બાબતની નકલ ન થાય. સ્વરૂચીને સ્વઉકલત મુજબ અનુકુળ ફેરફાર સાથે અમલ કરાય.

૧૧. કાં તો આપણા ઉત્પાદનો જે-તે સ્થળે જરૂરી હોય તેવા હોવા જોઇએ અથવા વપરાશના સ્થળે પહોંચતા કરવા ટ્રાન્સપોર્ટની વ્યાજબી દરે યોગ્ય સગવડ હોવી જોઇએ. આવું ન હોય તો ઉત્પાદકે જ સ્થળાંતર કરવું પડે.

૧૨. કલાવારી વસ્તુઓની ફરી માગ શરૂ થયેલ છે. જે ધીમે ધીમે વધશે. આવી વસ્તુઓ દેશ વિદેશમાં મોકલવાની ગોઠવણ કરાય. આમ એ વ્યવસાયમાં તક વધે.

૧૩. કોઇ કામ નાનુ નથી. કટોકટી વખતે પોતાના વ્યવસાયનું કોઇપણ કામ કરવાની તૈયારી હોવી જોઇએ.

૧૪. વ્યવસાય કરનારે કેટલુંક ધ્યાનમાં રાખવા જેવું છે.

ક. જાત મહેનત, બુદ્ધિમતા, ચોકસાઇથી સંઘર્ષ કરવાની તૈયારી.

ખ. વ્યવસાયનો હાર્દ સમો ભાગ જાતેજ સંભાળવો. નોકર કે મદદનીશ અન્ય રીતે ઉપયોગી થાય. નોકર ન હોય ત્યારે તેનું કાર્ય કરી કે કરાવી લેવાની તૈયારી.

ગ. સમયનું આયોજન અતિ આવશ્યક છે.

ઘ. જુગાર વ્યસનથી દૂર રહેવું તેનાથી ફક્ત સમય નહિ જીવન બરબાદ થાય વિકલ્પે મનોરંજન સ્વીકારાય.

૧૫. વ્યવસાયમાં મોટા પ્રમાણમાં નાણાની જરૂર હોય છે. જ્ઞાતિ પાસેથી એ જરૂરત પૂરી થઇ શકે નહિ. કુટુંબી, સંબંધી, મિત્રો તાકીદ પૂરતા જ ઉપયોગી બને. બેંકો પાસેથી લોન મળે છે. નવાને પ્રથમ વખત સબસીડી મળે છે. લોનની સવલતમાં વધારો થાશે. (આવી સવલત ભારતભરમાં આપણા જ્ઞાતિ જનોએ ભાગ્યે જ મેળવી હશે.) શરૂઆતમાં જાણના અભાવે મેળવવામાં થોડી મુશ્કેલી થાય. અનુભવ થતાં સરળતાથી કાર્ય શક્ય બને. આ બાબતે લેભાગુના સકંજામાં આવવું નહિ.

આ વિચારો કદાચ કાગળ પર વાંચવા સરળ લાગે. અમલમાં તકલીફ જણાય. દ્રઢતાથી એક-એક ડગલું આગળ વધાય તો વિકાસ થાય.

*૨૦, નેમ નિવાસ, જેષ્ઠાનગર*
*ભુજ (કચ્છ)-૩૭૦ ૦૦૧ ફોન : ૨૫૪૪૬૨*

## વારસાગત વ્યવસાય

રોહિણી બુધ્ધભટ્ટી - ભુજ

એક કહેવત છે કે

*'રે ખત્રીડા તું કર મા ખેડ'*

*'જેડી તેડી ભીંડી મથા તું હથ ફેર'*

મતલબ કે હે ખત્રી તું ખેતી કરવાનું રહેવા દે. તું તારો જે બાપીકો ધંધો (બાંધણી) ભીંડીનો છે તે કર.

કહેવાનું તાત્પર્ય એ છે કે દરેક કોમ ને ભાગે જે કામ આવ્યું છે તે કામમાં જ તેની હથરોટી-આજીવિકા સમાયેલી છે. હાલમાં મારા આવલોકનમાં એવું જોવામાં આવ્યું છે કે આપણી જ્ઞાતિના મુખ્યા કામો ફોટોગ્રાફી, મોટર ગેરેજ, તાંબા-પિત્તળના વાસણો અને સોનાચાંદીના કારીગરોમાં મોટો ફેરફાર જોવામાં આવ્યો. ઉપરોક્ત બે કામો ફોટોગ્રાફી, મોટરગેરેજ બરાબર છે. પણ તાંબા-પિત્તળના વાસણોના કારીગરો તેમજ સોના-ચાંદીના દાગીના તેમજ ચાંદીના વાસણો પર નકશીકામ કરનારા કારીગરો લુપ્ત થતા જાય છે. શું આપણે આપણી પ્રણાલી ભૂલી રહ્યા છીએ? હંમેશા કહેવાય છે કે બાપ પોતાના વારસદારો ને પોતાનો ધંધો શીખવાડે પરંતુ આજે એવું લાગી રહ્યું છે સૌ કોઇ વ્હાઇટ કોલર જોબ કરવા જ ઇચ્છે છે. કારીગર વર્ગ માટે પહેલાં એવું કહેવાતું કે એમાં મજૂરી ઓછી મળે છે. બેઠક વધુ કરવી પડે છે. પરંતુ એમ વિચારીને જ તો આપણે આપણી સમાજને અધોગતિ તરફ દોરી રહ્યા છીએ.

- સરકાર આજે પછાત જાતિઓના પ્રણાલીકાગત ધંધાઓને ટકાવી રાખવા પ્રોત્સાહન આપી રહી છે ત્યારે આપણે આપણી પ્રણાલી સાચવવા શું ઇનામી મેળવડા ગોઠવવા પડશે કે જે સોની કારીગર હશે તેને વર્ષે ઇનામ આપવામાં આવશે.

- આજે ભુજની જ વાત કરું તો જે મોટા સોના-ચાંદી ના સ્ટોર્સ છે તેમાં પણ જે કારીગરો કામ કરે છે તે પણ લગભગ મરાઠી, બંગાળી વગેરે કોમના છે. આપણી જ્ઞાતિના કારીગરો, શોધવા પડે તેમ છે. કદાચ એવો વખત ન આવે કે આપણી જ્ઞાતિના સોનીના દીકરા ને ટચ, રેણ, કસોટી વગેરે શબ્દો સમજવા માટે કોઇ ઇન્સ્ટીટ્યુટ જોઇન કરવી પડે.

- બીજો કોઇ ધંધો કરવો એ ખરાબ વાત નથી કે પ્રગતિ સાધવી એ સારી વાત છે પણ મારો કહેવાનો આશય એ જ છે કે હરણફાળ ભરતા પહેલાં આપણે ડગલું ભરતા પહેલાં શીખીએ છીએ એ વાત ભૂલી ન જવી જોઇએ.

- આશા છે મારા આ સૂચનો પર ધ્યાન આપી આપણા સમાજના અન્ય લોકો પણ આ મુદ્દાઓ પર ધ્યાન આપે.

## બહાદુરી-શૌર્ય બદલ બાળકોને રાષ્ટ્રીય પુરસ્કાર ૩૦ સપ્ટેમ્બર સુધીમાં નામાંકન મોકલી શકાશે

બહાદુરી અને નીડરતા દાખવવા બદલ ૬ થી ૧૮ વર્ષની વયના બાળકો-તરુણોનું રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માન કરવામાં આવે છે. આ પ્રતિષ્ઠાભર્યા નેશનલ એવોર્ડસ માટે યોગ્ય બાળકોની પસંદગી થઇ શકે એ હેતુથી ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફેર, નવી દિલ્હી તરફથી યોગ્ય બાળકો પાસેથી નામાંકન ઇચ્છવામાં આવ્યા છે.

ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફેર દ્વારા જણાવાયું છે કે, તારીખ ૧ જુલાઇ-૨૦૦૮ થી ૩૦ જૂન-૨૦૦૯ દરમિયાનના સમયગાળામાં ૬ થી ૧૮ વર્ષની વયના બાળક-તરુણે કોઇ બહાદુરીભર્યું કે નીડરતાપૂર્ણ અને અન્ય બાળકોને પ્રેરણારૂપ કૃત્ય કર્યું હોય તેવા બાળકો-તરુણો વર્ષ-૨૦૦૯ માટેના રાષ્ટ્રીય એવોર્ડ માટે પોતાનું નામાંકન મોકલી શકશે. પસંદગી સમિતિ ઇચ્છશે તો ત્રણેક મહિનાની છૂટ મળશે. નિયત નમૂનાની અરજી સાથે ૨૫૦ શબ્દોમાં એ બહાદુરીપૂર્ણ ઘટનાનું વર્ણન પણ મોકલવાનું રહેશે. બાળક-તરુણની વય દર્શાવવા જન્મતારીખનો દાખલો અને નીડરતાપૂર્ણ ઘટનાની અખબારો-પ્રચાર માધ્યમોમાં નોંધ લેવાઇ હોય તો તેના ક્લિપિંગ્સ અને અથવા જો પોલીસ સ્ટેશનના દફતરે એ ઘટનાની નોંધ થઇ હોય તો ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (એફ.આઇ.આર.)ની નકલ પણ મોકલવા જણાવાયું છે. આ અરજી સાથે બાળક-તરુણ જે શાળામાં અભ્યાસ કરી રહ્યા હોય તે શાળાના પ્રિન્સિપાલ અથવા તે ગામના પંચાયત-જિલ્લા પરિષદના વડાની ભલામણ, અથવા સ્ટેટ કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફેરના જનરલ સેક્રેટરી કે પ્રમુખની ભલામણ, કલેકટર-જિલ્લા મેજિસ્ટ્રેટ કે તેને સમકક્ષ કોઇ સરકારી અધિકારીની ભલામણ અથવા સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ કે ઉચ્ચકક્ષાના પોલીસ અધિકારીની ભલામણ આવશ્યક છે. આ પૈકીના કોઇપણ બે ની ભલામણ અનિવાર્ય છે.

બહાદુરી અને નીડરતાપૂર્ણ કૃત્ય માટે બાળકો-તરુણોને ભારત એવોર્ડથી નવાજવામાં આવે છે. જેમાં ગોલ્ડ મેડલ ઉપરાંત સન્માનપત્ર અને રોકડ પુરસ્કાર પણ હોય છે. આ ઉપરાંત બહાદુર-નિડર બાળકોને ગીતા ચોપરા એવોર્ડ, સંજય ચોપરા એવોર્ડ, બાપુ ગૈધાની એવોર્ડ (ત્રણ) અને જનરલ એવોર્ડસથી સન્માનવામાં આવે છે. જેમાં સિલ્વર મેડલ અને રોકડ પુરસ્કાર હોય છે. આ ઉપરાંત સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. આ માટેના નામાંકન તારીખ ૩૦ સપ્ટેમ્બર-૨૦૦૯ સુધીમાં મોકલી આપવા ઇન્ડિયન કાઉન્સિલ ફોર ચાઇલ્ડ વેલ્ફેર, નવી દિલ્હી દ્વારા જણાવાયું છે.

નામાંકન મોકલવા માટેનું નિયત ફોર્મ જનરલ સેક્રેટરી, ગુજરાત રાજ્ય બાળ કલ્યાણ સંઘ, હિમાવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬, ઇ-મેઇલ-bsnaik@yahoo.co.in પાસેથી મળી રહેશે.

## હવે ગુજરાત વિશ્વ સ્તરના ફોરેન્સિક સાયન્સ નિષ્ણાંતો તૈયાર કરશે.

એકવીસમી સદી ટેકનોલોજીની સદી છે.સમાજના દરેક ક્ષેત્રે ટેકનોલોજીએ પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું છે. આવા સંજોગોમાં ગુનાખોરી ક્ષેત્રે પણ ટેકનોલોજીનો ઉપયોગ ક્યારેક સમસ્યા ખડી કરે છે. આ સમસ્યાના નિવારણ માટે ગુજરાત રાજ્યમાં ફોરેન્સિક સાયન્સ વિભાગ સતત જાગૃત છે. જેના કારણે ગુજરાતનો ફોરેન્સિક સાયન્સ વિભાગ આજે માત્ર દેશમાં જ નહિ પરંતુ વિશ્વમાં એક અલગ જ છાપ ધરાવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગથી ગુનેગારોના તમામ કોઠા ભેદવાની તાકાત ધરાવતા આ વિભાગે હવે આ ક્ષેત્રમાં શિક્ષણ દ્વારા તાલીમબદ્ધ નિષ્ણાતો તૈયાર કરી શકાય તે દિશામાં ડગ માંડ્યા છે. ગુજરાત સરકારે વિશ્વભરમાં અવલ્લ કહી શકાય તેવી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગુજરાત રાજ્યમાં શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે સેક્ટર-૧૮ માં પોલીસ ભવનની બાજુમાં અંદાજે ૨૦,૦૦૦ ચો. મીટર જેટલી વિશાળ જગ્યામાં રૂા. ૩૮ કરોડના ખર્ચે આ યુનિવર્સિટી તૈયાર થઇ રહી છે. યુનિવર્સિટીનું નવું બિલ્ડીંગ તૈયાર થાય ત્યાં સુધી આ યુનિવર્સિટીની કામગીરી રાજ્યના ફોરેન્સિક સાયન્સ વિભાગના બિલ્ડીંગમાં કાર્યરત રહેશે.

આ યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ શ્રી જે.એમ. વ્યાસના જણાવ્યા પ્રમાણે ભારતભરમાં કોઇ યુનિવર્સિટી એવી નથી કે જે આવા અભ્યાસક્રમ ચલાવતી હોય અને તેનું જોડાણ વૈશ્વિક સ્તરની ફોરેન્સિક સાયન્સ સંસ્થા સાથે હોય. ગુજરાતની આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એક માત્ર એવી યુનિવર્સિટી છે કે જેનું સીધું જોડાણ દેશની સર્વોચ્ચ ગણાતી ગુજરાતની ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ સંસ્થા સાથે છે.

- **યુનિવર્સિટીમાં ઉપલબ્ધ ત્રિસ્તરીય અભ્યાસક્રમો :**

૧. આ યુનિવર્સિટીમાં ત્રિસ્તરીય અભ્યાસક્રમની સુવિધા છે. જેમાં પ્રથમ વિભાગ એવા ફોરેન્સિક સાયન્સ ઇન્સ્ટિટ્યુટ હેઠળ એમ.એસસી. ફોરેન્સિક સાયન્સનો બે વર્ષનો અભ્યાસક્રમ,

૨. પી.જી. ડિપ્લોમા ઇન ફોરેન્સિક સાયન્સનો એક વર્ષનો અભ્યાસક્રમ, પી.જી. ડિપ્લોમા ઇન સાયબર ફોરેન્સિકનો એક વર્ષનો અભ્યાસક્રમ તેમજ સર્ટિફિકેટ કોર્સ ઇન સાયબર ટેકનોલોજી ઓન લાઇન છ મહિનાનો અભ્યાસક્રમ આ યુનિવર્સિટીમાંથી મેળવી શકાશે.

૩. બીજો વિભાગ બિહેવીયર સાયન્સ ઇન્સ્ટિટ્યુટનો છે. જેમાં એમ.ફીલ. ઇન ફોરેન્સિક સાયકોલોજી અને પી.જી. ડિપ્લોમા ઇન ફોરેન્સિક સાયકોલોજીના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

૪. જ્યારે આ યુનિવર્સિટીમાં કાર્યરત ત્રીજા વિભાગ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેઠળ ફોરેન્સિક સાયન્સ તેમજ બિહેવીયર સાયન્સ ક્ષેત્રે વિદ્યાર્થીઓ સંશોધન કરીને પીએચ.ડી ની ડિગ્રી પણ મેળવી શકશે.

- **નવા શૈક્ષણિક સત્રથી શરૂ થનારા અભ્યાસક્રમો**

આ યુનિવર્સિટી ૨૦૦૯ ના શૈક્ષણિક વર્ષથી કાર્યરત થશે ત્યારે શરૂઆતના તબક્કામાં ત્રણ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. નવા શૈક્ષણિક સત્રથી જે અભ્યાસક્રમો શરૂ થવાના છે તેમાં એમ.એસસી. ઇન ફોરેન્સિક સાયન્સનો બે વર્ષનો અભ્યાસક્રમ ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે શ્રેષ્ઠ નિષ્ણાતો તૈયાર કરશે.

આ ઉપરાંત આ યુનિવર્સિટીમાં દેશભરમાં પ્રથમ એવો પી.જી.ડિપ્લોમા ઇન ફોરેન્સિક સાયકોલોજીનો જે એક વર્ષનો જે અભ્યાસક્રમ શરૂ થઇ રહ્યો છે તેમાં માનસશાસ્ત્ર સાથે એમ.એ. ની ડિગ્રી ધરાવનારા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ અભ્યાસક્રમ દ્વારા મનોવિશ્લેષણ માટે તજજ્ઞો તૈયાર કરવામાં આવશે. આવી જ રીતે આ યુનિવર્સિટીમાં શરૂ થઇ રહેલો સર્ટિફિકેટ કોર્સ ઇન સાયબર સિક્યોરિટીનો છ મહિનાનો ઓનલાઇન અભ્યાસક્રમ ખાસ મહત્ત્વ ધરાવે છે. જેમાં સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ ઓન લાઇન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

આ ઉપરાંત આ યુનિવર્સિટીમાં નવા શૈક્ષણિક સત્રથી અંદાજે ૧૫ જેટલા વિદ્યાર્થીઓ ડોક્ટરેટની પદવી મેળવી શકે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પી.એચ.ડી. માટે આ વર્ષથી જ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાશે. યુનિવર્સિટી દ્વારા પીએચ.ડીની પદવી માટેના માર્ગદર્શકોની પણ જાહેરાત કરવામાં આવી છે.

- **ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દેશભરમાં શ્રેષ્ઠ**

દેશની જુદી જુદી યુનિવર્સિટીમાં ફોરેન્સિક સાયન્સને લગતા અભ્યાસક્રમો ચાલે છે. પરંતુ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સાથે સીધી સંલગ્ન હોય તેવી એક પણ યુનિવર્સિટી દેશમાં ક્યાંય નથી. એક માત્ર ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જ એક એવી યુનિવર્સિટી છે જે દેશની અદ્યતન ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી એવી ગુજરાતની ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ સંસ્થા સાથે સીધી જ સંલગ્ન યુનિવર્સિટી છે. ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી રાજ્યના ડિરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના પૂર્ણ સહયોગથી કાર્યરત થઇ રહી છે. જેના કારણે આ સંસ્થાના અદ્યતન સાધનો તેમજ દેશભરના જટિલમાં જટિલ ગુનાઓના ઉકેલમાં ફોરેન્સિક સાયન્સની ભૂમિકાથી આ યુનિવર્સિટીનો વિદ્યાર્થી અદ્યતન મશીનો ઉપર કરાતા પ્રેક્ટિકલ દ્વારા માહિતગાર થશે. એટલું જ નહિ આવા ગુનાના ઉકેલ માટે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે આ યુનિવર્સિટીનો વિદ્યાર્થી પાવરધો થશે.

આ ઉપરાંત પી.જી. ડિપ્લોમા ઇન ફોરેન્સિક સાયકોલોજી જેવો અભ્યાસક્રમ કે જે દેશભરમાં ક્યાંય ઉપલબ્ધ નથી તેવા અભ્યાસક્રમ દ્વારા જેની આજે ખાસ જરૂરત છે

તેવા ક્વોલિફાઇડ ફોરેન્સિક સાયકોલોજીસ્ટ તૈયાર કરનારી ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દેશભરમાં પ્રથમ છે. યુનિવર્સિટી દ્વારા યુ.કે., યુ.એસ.એ. જેવા દેશા સાથે ફેકલ્ટી અને સ્ટુડન્ટ એક્સચેન્જ માટે વાટાઘાટો ચાલી રહી છે.

- **એડમીશન કેવી રીતે મેળવશો?**

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટેની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ નિયત અરજી ફોર્મમાં અરજી કરવાની રહેશે. આગામી મે-જૂનમાં પ્રવેશ અંગેની જાહેરાત અખબારોમાં સિદ્ધ થશે. નિયત ફી ભરીને યુનિવર્સિટી ઉપરથી અરજી ફોર્મ મેળવી શકાશે અથવા તો વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ પણ કરી શકાશે. એમ.એસસી. ફોરેન્સિક સાયન્સમાં ૨૫ સીટ, પી.જી. ડિપ્લોમા ઇન ફોરેન્સિક સાયકોલોજીમાં ૨૦ સીટ તેમજ પીએચ.ડી. માટે ૧૫ વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવશે. સંપૂર્ણ અંગ્રેજી માધ્યમ ધરાવતા આ અભ્યાસક્રમોમાં અન્ટ્રન્સ ટેસ્ટ અને મેરીટ એમ બંને યોગ્યતાને ધ્યાને લઇને પ્રવેશ આપવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા હોસ્ટેલની સુવિધા પૂરી પાડવાનું આયોજન કરાયું છે.

*વધુ માહિતી માટે સંપર્ક :*

રજીસ્ટ્રારશ્રી,
ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી,
પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર ૧૮-એ, ગાંધીનગર,
ફોનઃ ૦૭૯-૨૩૨૫૬૨૬૫

***સૌ. 'ગુજરાત'***

## આરોગ્ય — લાંબુ જીવાડે લસણ

લસણનો વર્ષોથી સામાન્ય માણસ ઔષધ તરીકે ઉપયોગ કરે છે. દુનિયાના મોટાભાગના દેશોના લોકોમાં લસણ એક ઉત્તમ ખાદ્યપદાર્થ છે. લસણની ધોળી અને રાતી એમ બે જાતો છે અને મોટેભાગે બીજા ગુણોમાં સરખી છે. એક બીનું લસણ ગુણમાં વધારો કરે છે. લસણ કૃમિઓને, કોઢને સફેદ ડાઘનો નાશ કરે છે. તે સ્નિગ્ધ, ઉષ્ણ, વીર્યવર્ધક, તીખા રસથી યુક્ત ગુરૂ ભારે છે. અદ્યતન વૈજ્ઞાનિક મત પ્રમાણે તે કેલ્શિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસ જેવા ખનીજ તત્ત્વો ધરાવે છે. તેમાં આયોડિન અને આલ્કોહોલનો પણ અંશ છે. વિટામીન-બી, સી અને થોડા પ્રમાણમાં 'એ' પણ છે. લસણ હૃદયના રક્ત પરિભ્રમણ તંત્ર માટે ઘણું જ ફાયદાકારક છે. તે રક્તમાં ખાંડનું પ્રમાણ જાળવી રાખે છે. જે ડાયાબિટીસ માટે ઉપયોગી છે. તેમજ આંતરડાના રોગને મટાડે છે. લસણ શ્વસનતંત્રના રોગો શરદી, કફ, ઈન્ફ્લુએન્ઝા વગેરે મટાડવામાં ઉપયોગી છે. એલર્જીથી પીડાતા લોકોને પણ રાહત આપે છે. લસણમાં એસ્ટ્રોજેનીક હોરમોન હોવાથી સ્તનપાન કરાવતી માતાને બાળક માટે વધુ દૂધ ઉત્પન્ન કરવામાં મદદરૂપ છે.

***ઉપયોગ*** **:**

- કાનમાં સણકા આવતા હોય તો તેલમાં સલણ કઢવી, તે કાનમાં ટીપા નાખવા.
- આધાશીશી થઈ હોય તો લસણનો રસ નાકમાં રેડવો.
- હડકાયું કૂતરું કરડે તો તેના વિષ ઉપર લસણ વાટીને લેપ કરવો. લસણ ઉકાળીને પીવું અને ખોરાકમાં લસણ ખાવું.
- દરેક પ્રકારની ઉધરસ ઉપર લસણના ૨૫ ટીપાં દાડમના શરબતમાં નાખીને પીવા.
- હાથ-પગમાં કળતરા થતી હોય તો લસણ અને સુંઠને ધીમા શેકી, મધ સાથે થોડા દિવસ ખાવાથી કળતર દૂર થાય છે.
- પ્લુરસીમાં લસણને પીસીને સહેજ ગરમ કરીને દર્દીને છાતી પર બાંધવાથી પ્લુરસી (ફેફસામાં પાણી ભરાવું) જેવા દર્દમાં રાહત થાય છે.
- વરણ - ઘા માં જીવડાં, કૃમિ થયા હોય તો તેના પર લસણ વાટી, લુગદી કરી લગાડવું.
- ભાંગેલા હાડકાં જલદી સંધાય તે માટે લસણની કળીઓ ઘી માં તળીને ખાવાથી ફાયદો થાય છે.

ઘણી લસણ પ્રિય ગૃહિણીઓ અનેક પ્રકારની રસોઈમાં લસણનો ઉપયોગ કરે છે.

પંજાબી રસોઈમાં પણ લસણનો ઉપયોગ વધુ જોવા મળે છે.

ઘણા લોકો લસણની ચટણી બનાવીને ઘરમાં રાખતા જ હોય છે. લસણનું અથાણું પણ સરસ બને છે.

ઉનાળામાં લસણનો ઉપયોગ બહુ ન કરવો જોઈએ. તેમજ મોઢામાં કે હોજરીમાં ચાંદા, પેશાબમાં બળતરા હોય કે એવા બીજા દર્દોમાં લસણનો ઉપયોગ ન કરવો. તેમજ અતિસારવાળા, ગર્ભિણી, રક્તપિત્ત, ઉલટીવાળાઓને લસણ ન આપવું જોઈએ.

આમ, લસણ અત્યંત આરોગ્યપ્રદ છે.

***પ્રેષક : બીના કંસારા - ભુજ***

## શ્રી કચ્છી સમાજ- અમદાવાદ તૈયાર કરે છે — કચ્છી યલો પેજીસ ડિરેક્ટરી

અમદાવાદ તથા ગાંધીનગર વિસ્તારમાં વસતા આપણા જ્ઞાતિના પરિવારોના વ્યવસાય, ઉદ્યોગો, સેવાકીય સંસ્થાઓ તેમજ નાના મોટા ધંધાઓ સાથે સંકળાયેલા ભાઇઓથી પરસ્પર પરીચિત થવાય તે હેતુથી શ્રી કચ્છી સમાજ-અમદાવાદે આ વર્ષે કચ્છી યલો પેજીસ ડિરેક્ટરી પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. કચ્છી યલો પેજીસ ડિરેક્ટરી માટેની એક સમિતિ પણ નિમવામાં આવેલ છે. અને તે સમિતિના કન્વીનર શ્રી જગદીશભાઇ ઠક્કરને આ ડિરેક્ટરી વહેલામાં વહેલી તકે સંપૂર્ણ કરવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

આ કચ્છી યલો પેજીસ ડિરેક્ટરીને સફળ બનાવવા માટે આપણા સમાજના વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ અને નાના મોટા ધંધા સાથે સંકળાયેલ ભાઇઓને અમારી નમ્ર વિનંતી છે કે આ સમિતિના કાર્યકરો આપની પાસે આવે તો તેમને ફોર્મ માટેની વિગતો આપી જરૂરી સાથ અને સહકાર આપશો.

સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઇ પટેલે સર્વે ભાઇઓને આ કચ્છી યલો પેજીસ ડિરેક્ટરી પરસ્પર પરિચય તથા ધંધાકીય વિગત ઘર બેઠા મદદરૂપ થશે તેવી અપીલ કરેલ છે.

***વાડીલાલ પંચાલ - માનદ્ મંત્રી***

# આઇ.ટી. સિવાયના ક્ષેત્રના ૧૯ અભ્યાસક્રમો

યુવાનની ક્ષમતા મુજબ તાલીમ શિક્ષણના પ્રવેશ માટે ચાર લેવલ સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. જેમાં લેવલ-૧ ધોરણ-૧૦ પાસ કે તેથી ઉપરના યુવાનો માટે લેવલ-૨ ધોરણ-૧૨ પાસ કે તેથી ઉપરના યુવાનો માટે છે, જ્યારે બી.એ., બી.કોમ. બી.એસસી. સ્નાતક કક્ષાના યુવાનો માટે લેવલ-૩ અને સ્નાતક-અનુસ્નાતકકક્ષાના વિદ્યાર્થીઓ માટે લેવલ-૪ રહેશે. પ્રવેશ માટેના આ લેવલમાં ઉંમરની કોઇ જ મર્યાદા રાખવામાં આવી નથી.

પ્રવેશ પદ્ધતિ સરળ છે. વિદ્યાર્થીએ તેના સ્તર અને અનુકૂળ અભ્યાસક્રમ નક્કી કરી જીકેએસના નજીકના કેન્દ્ર પરથી ફોર્મ મેળવી નજીકની એક્સીસ બેંકમાં ફી ભરી શકે છે. રસીદ લઇ એક રસીદ પોતાની પાસે રાખી બાકીની બે રસીદ કેન્દ્રમાં આપી અભ્યાસના શ્રી ગણેશ વિદ્યાર્થી કરી શકશે.

જીકેએસ દ્વારા આઇટી ક્ષેત્રના ૧૯ અને આઇટી સિવાયના ૧૯ અભ્યાસક્રમો નક્કી કરેલા છે. આ અભ્યાસક્રમો ૫૦ થી ૧૫૦ કલાકના થિયરી અને પ્રેક્ટીકલ મળીને, પ્રત્યેક બેચની સંખ્યા ૩૦ની સુનિશ્ચિત કરવામાં આવી છે.

જીકેએસ ના ચાર ઝોન અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા (૨) સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, જામનગર, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર અને કચ્છ વડોદરા ઝોનમાં વડોદરા, આણંદ, નર્મદા, ભરૂચ, દાહોદ, ખેડા અને પંચમહાલ, નો સમાવેશ થાય છે. રાજ્યભરમાં જીકેએસના ૬૮૮૫ કેન્દ્રો વિદ્યાર્થીઓના કૌશલ્ય નિર્માણમાં જોડાશે. વિદ્યાર્થીઓ તેના જીકેએસ દ્વારા અભ્યાસક્રમ પૂરો કરે ત્યાર પછી ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલી એસેસમેન્ટ એન્ડ સર્ટિફિકેશન બોડી વિદ્યાર્થીઓની પરીક્ષા લેશે.

જીકેએસ જોબ ફેરનું પણ આયોજન કરશે. જીકેએસ માં સફળ થયેલા વિદ્યાર્થીઓ જીકેએસજીકેએસ યોજવામાં આવતા જોબમેળામાં ભાગ લઇ શકશે. ટ્રેઇનિંગ પાર્ટનર અને એકમ સ્વતંત્ર માળખું વિદ્યાર્થી માટે કાર્યાન્વિત છે.

જીકેએસ દ્વારા એક તરફથી વિદ્યાર્થીઓને વિકસતી ઔદ્યોગિક ક્ષિતિજોનું સતત જ્ઞાન કાર્યકુશળતા નોકરીની તકો સ્વયં વિકાસ, આવકના સ્ત્રોત જેવા અનેકવિધ લાભ મળશે, જ્યારે બીજી તરફ ઉદ્યોગ જગતને કાર્યકુશળ માનવબળ ઉપલબ્ધ થશે અને કારીગરોને તાલીમ ખર્ચમાં પણ ઘટાડો થશે.

જીકેએસ તાલીમ લીધેલા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ઉપરાંત બાર મહિના સુધી તેમનું ટ્રેકિંગ અને સક્સેસ રેશિયો રાખશે. ગુજરાતના કોઇ પણ યુવકો જીકેએસની વેબસાઇટ www.gksgujarat.org ઉપરથી તેમની પસંદગીના અભ્યાસક્રમ અને ગુજરાત નોલેજ સોસાયટી વિશે જાણકારી પ્રાપ્ત કરી શકે છે. આ ઉપરાંત ટોલ ફ્રી નંબર - ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ અથવા ફોન નંબર - ૦૭૯-૨૩૨૫૩૬૧૫ ઉપરથી માહિતી પ્રાપ્ત કરી શકશે. ગુજરાત નોલેજ સોસાયટીનું ઇ-મેઇલ આઇડી.- gks.dte@gmail.com છે.

| *અભ્યાસક્રમ* | *લેવલ* | *અભ્યાસક્રમના કલાક* | | *ફી* |
|---|---|---|---|---|
| | | *થીયરી* | *પ્રેક્ટીકલ* | |
| સર્ટિફિકેટ ઇન રીટેઇલ | ૧ | ૫૦ | ૫૦ | ૧૫૦૦ |
| સર્ટિફિકેટ ઇન હોસ્પિટાલિટી | ૧ | ૫૦ | ૫૦ | ૧૫૦૦ |
| સર્ટિફિકેટ ઇન લાઇફ ઇન્સ્યોરન્સ | ૧ | ૫૦ | ૫૦ | ૧૫૦૦ |
| બેજિક કોમ્યુનિકેશન સ્કીલ | ૧ | ૬૦ | ૬૦ | ૧૫૦૦ |
| નર્સિંગ આસીસ્ટન્ટ | ૧ | ૮૦ | ૮૦ | ૨૦૦૦ |
| લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧ | ૮૦ | ૮૦ | ૨૦૦૦ |
| ફોરેન લેંગ્વેજ મન્ડેરીંગ / ચાઇનીઝ | ૧ | ૮૦ | ૮૦ | ૨૫૦૦ |
| સર્ટિ. ઇન બેજિક એકાઉન્ટન્સી વીથ ટેલી ૯.૦ | ૨ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦૦ |
| સર્ટિફિકેટ ઇન માર્કેટિંગ | ૨ | ૬૦ | ૬૦ | ૨૦૦૦ |
| બેઝિક સેલિંગ સ્કીલ | ૨ | ૬૦ | ૬૦ | ૨૦૦૦ |
| સર્ટિફિકેટ ઇન બેન્કીંગ | ૨ | ૭૫ | ૭૫ | ૨૦૦૦ |
| સર્ટિફિકેટ ઇન લોજીસ્ટીક એન્ડ શિપિંગ | ૨ | ૭૫ | ૭૫ | ૨૦૦૦ |
| પીપીઓ અભ્યાસક્રમ | ૨ | ૭૫ | ૭૫ | ૨૦૦૦ |
| એડવાન્સ કોમ્યુનિકેશન સ્કીલ | ૩ | ૭૫ | ૭૫ | ૨૫૦૦ |
| સર્ટિફિકેટ ઇન ઇવેન્ટ મેનેજમેન્ટ | ૩ | ૭૫ | ૭૫ | ૨૫૦૦ |
| હેલ્થ કેર ઓર્ગેનાઇઝેશન એન્ડ મેનેજમેન્ટ | ૩ | ૮૦ | ૮૦ | ૨૫૦૦ |
| સર્ટિફિકેટ ઇન એક્સપોર્ટ મેનેજમેન્ટ | ૩ | ૮૦ | ૮૦ | ૨૫૦૦ |
| બેજિક પ્રોજેક્ટ મેનેજમેન્ટ વીથ એમએસ પ્રોજેક્ટ | ૩ | ૧૦૦ | ૧૦૦ | ૩૦૦૦ |
| એડવાન્સ બેન્કીંગ પ્રોફાઇલ | ૪ | ૧૫૦ | ૧૫૦ | ૩૦૦૦ |

*પ્રાપ્ત માહિતી મુજબ પાછલા વર્ષે દેશમાં ૪૦ લાખ નવા કમ્પ્યુટર ખરીદાયા હતા. આજે દેશમાં ૩૦૦ કમ્પ્યુટરોની સામે એક એન્જીનીયર છે. જ્યારે ખરેખર ૪૦થી ૫૦ કમ્પ્યુટરોની સામે એક હાર્ડવેર એન્જીનીયરની જરૂર પડશે. હાર્ડવેર એન્જીનીયર બનીને મહિને છ થી આઠ હજાર રૂપિયા સરળતાથી કમાઈ શકાય છે. જો અનુભવ સારો હોય તો દસથી બાર હજારની સારી નોકરી પણ મેળવી શકાય છે. આઈ.ટી.ના યુગમાં નેટવર્કિંગ દ્વારા કમ્પ્યુટરોને જોડવા અનિવાર્ય બન્યા છે. ખાસ કરીને ભારતમાં તો આની તાતી જરૂર છે. નેટવર્કિંગમાં જો કોઈ ક્ષતિ આવે તો તેને નેટવર્કિંગ એક્ષપર્ટની મદદથી જ દૂર કરી શકાય છે. નેટવર્કિંગની સેવાઓના સંચાલન માટે વિશેષજ્ઞની નિમણુંક કરાય છે. આ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે નેટવર્કિંગ સોફ્ટવેરની સાથે મોડેમ, હબ, રાઉટર, નેટવર્કિંગ વાયરીંગ જેવા ઉપકરણોની જાણકારી પણ હોવી જોઈએ. લેન (લોકલ એરીયા નેટવર્ક), મેન, વેન તથા નેટવર્ક સીક્યુરીટી સિસ્ટમની વિસ્તૃત જાણકારી હોવી આવશ્યક છે.*

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબો :

(૧) પારો, (૨) તાંબુ, (૩) યુરેનિયમ.

સાચા જવાબ મોકલનાર મિત્રોના નામ નીચે પ્રમાણે છેઃ

૧. બગ્ગા હાર્દિક હસમુખભાઈ - ભુજ
૨. બુધ્ધભટ્ટી ઉર્વી એચ. - અમદાવાદ
૩. છત્રાળા દામીની નરોત્તમભાઈ - અંજાર
૪. મહીચા જલ્પા ઈશ્વરભાઈ - માંડવી
૫. બારમેડા આરતી બિહારીલાલ - અંજાર
૬. બુધ્ધભટ્ટી તેજસ રાજીવકુમાર - રાજકોટ
૭. બુધ્ધભટ્ટી નીરાલી બી. - રાજકોટ
૮. સોની જીગીષા દિનેશકુમાર - અંજાર

આ પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **બારમેડા આરતી બિહારીલાલ - અંજાર.** તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મોકલાવી આપવામાં આવશે. અભિનંદન.

હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :

૧. તાજેતરમાં હેલીકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીનું નામ શું હતું?
(૧) ડૉ. રાજશેખર રેડ્ડી, (૨) જયપાલ રેડ્ડી, (૩) ચંદ્રાબાબુ નાયડુ

૨. નીચેના પૈકી કયા રાજનેતાનું મૃત્યુ અકસ્માતમાં થયેલ નથી?
(૧) રાજીવ ગાંધી, (૨) સંજય ગાંધી, (૩) માધવરાવ સિંધીયા

૩. નીચેના પૈકી કોણ દેશમાં સૌથી નાની ઉંમરના મુખ્યપ્રધાન છે?
(૧) કુ. મીરાકુમાર, (૨) ઓમાર અબ્દુલ્લા, (૩) રાહુલ ગાંધી.

ઉપરોક્ત સવાલોના જવાબો, આપના પૂરા સરનામા સાથે ***તા. ૩૦-૯-૨૦૦૯ સુધી***માં જ્ઞાતિસેતુ કાર્યાલય પર મોકલાવી આપવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલાવી આપવામાં આવશે. ■

## મેથ્સની મગજમારી

*ઉકેલ*

પાના નંબર-૨૮ પર આપેલ મેથ્સની મગજમારીના ઉકેલ માટે આપે પ્રયત્ન કર્યા હશે. કેટલાક ઉકેલ જલ્દી મળી ગયા હશે. દા.ત. $3 \times 3 - 3 = 6$ અને $5 \div 5 + 5 = 6$ બરાબર... હવે થોડું આગળ વિચારીએ તો $-7 \div 7 + 7 = 6$. ન સમજાયું?

$-(7 \div 7) = -1$ અને $-1 + 7 = 6$. OK?

બાકી જે રહ્યા તે માટે થોડું અલગ વિચારીએ.

$\sqrt{4} + \sqrt{4} + \sqrt{4} = 2 + 2 + 2 = 6$ થાય.

તેવી જ રીતે

$\sqrt[2]{9} \times \sqrt{9} - \sqrt{9} = 3 \times 3 - 3 = 6$ થાય.

ઘનફળનો ઉપયોગ કરીએ તો

$\sqrt[3]{8} + \sqrt[3]{8} + \sqrt[3]{8} = 2 + 2 + 2 = 6$ થાય.

ચાલો પૂરૂં થઈ ગયું ને...? બધા ઉકેલ થઈ ગયા...?

ના... એક બાકી રહ્યું છે. 1 1 1 = 6

અહીં થોડી ઉચ્ચ કક્ષાની ગાણિતિક સંજ્ઞા વાપરવી પડશે.

$1 + 1 + 1! = 6$ કેવી રીતે?

ખબર છે? "!" આ નિશાની આશ્ચર્ય ચિહ્ન તરીકેની છે પણ ગણિતમાં તેને ફેક્ટોરીયલ કહેવાય (Factorial). કોઈપણ સંખ્યાને તેની આગળની તમામ સંખ્યાઓ સાથે ગુણવાથી ફેક્ટોરીયલ (!) મળે.

દા.ત. $5! = 5 \times 4 \times 3 \times 2 \times 1 = 120$. હવે આપણા કોયડામાં $1 + 1 + 1!$ નું વિચારીએ તો

$1 + 1 + 1! = 3! = 3 \times 2 \times 1 = 6$. હવે બરાબરને?

ખૂબ સરસ. મજાની છે ને ગણિતની મગજમારી. વિદ્યાર્થી મિત્રો, ગણિત તો મજાનો વિષય છે. આપની પાસે આવા કોઈ કોયડા હોય તો 'સેતુ'ના વ્હાલા વાંચક વિદ્યાર્થીઓ માટે જરૂરથી મોકલાવી આપશો. સૌ સાથે મળી કરશું મેથ્સની મગજમારી.

***અંજલી સોની - અમદાવાદ***

## પ્રતિભાવ

આપે ફોન પર મને ફક્ત વિદ્યાભ્યાસ પૂરતી કાર્યવાહી અંગે કહેલ. પરંતુ જ્ઞાતિ સેતુ એ સમગ્ર જ્ઞાતિ માટેનો સેતુ છે દરેકને એમ લાગવું જોઈએ અમને જ્ઞાતિ સેતુમાંથી કશુંક મલે જ છે. જેથી અરસ પરસ વિકાસ થાશે. બધાને આત્મીયતા વધશે. જેથી તમામને ઉપયોગી બને તેવી ગોઠવણ થાય તો સારું. સેતુ દ્વારા પ્રયત્ન થતાં વિદ્યાભ્યાસમાં તેમજ યુવાન અને મહિલા વર્ગમાં સ્ફૂર્તિ આવી છે એ હકીકત છે.

***વિ.ઓ. બુધ્ધભટ્ટી - ભુજ (કચ્છ)***

ગત અંકની સેતુ એકદમ 'ટેસ્ટી' રહી. વિવિધ ગુણસભર લેખો, કારકીર્દિના માર્ગો અને સફળ વિદ્યાર્થીઓના ચહેરાઓ સંતોષની છબી ઉપસાવી ગયું. 'સેતુ' હાથમાં આવતાની સાથે જ કલમમાંથી એક કવિતા ખરી પડી.

*જે કહેવું હોય કલમ દ્વારા આજના દિને કહેવા દ્યો.*
*ઉમળકો આવ્યો છે ઉત્સાહનો હૈયે આજ વહેવા દ્યો.*
*થનગને છે હૈયું આજ ભીની સોડમમાં આજ પલળવા દ્યો.*
*અઢળક માહિતીનો થાળ ભરીને આવી છે 'સેતુ'ની સવારી*
*આ નજારાને આજ મનભરીને માણવા દ્યો.*

ખરેખર 'સેતુ'માં એટલી તાકાત છે કે તે કવિની કલમમાંથી કવિતાઓ ટપકાવી શકે અને વાંચનારને સંતોષનો ઓડકાર અપાવી શકે.

***કુ. જીનલ પી. સોની - નાગલપુર, માંડવી (કચ્છ)***

# જ્ઞાતિ ગૌરવ



### રીનુ બુધ્ધભટ્ટી - સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રથમ

ભુજ નિવાસી જગદીશચંદ્ર બુધ્ધભટ્ટીની પુત્રી રીનુ હાલે રાજકોટ વી.વી.પી. ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરી રહી છે. ૧લા ધોરણથી જ હંમેશા સારા માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ શાળા તેમજ કંસારા સોની જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. હાલમાં ત્રીજા સેમેસ્ટરમાં સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ કંસારા સમાજ તેમજ બુધ્ધભટ્ટી પરિવારનું ગૌરવ વધારેલ છે. અભ્યાસની સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ ભાગ લે છે. જ્ઞાતિસેતુ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

### સોની પ્રિયા ધીરજલાલ - કચ્છ યુનિવર્સિટીમાં પાંચમા સ્થાને



અંજારના કુ. પ્રિયા ધીરજલાલ સોની પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લમો – હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં બીજા સેમેસ્ટરની પરીક્ષામાં સમગ્ર કચ્છ યુનિવર્સિટીમાં પાંચમાં સ્થાને ઉત્તીર્ણ થયેલ છે.

*'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.*



### કોટડા (જ.) કોટડીયા પરિવારનું ગૌરવ


કોટડા (જ.)ના રહેવાસી કોટડીયા મોહનલાલ રામજી અને ગીતાબેન મોહનલાલની પુત્રી ચિ. ભાવિકાબેને બી.એડ.માં ૮૪.૨૯% માર્કસ મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. તેઓએ કોલેજ કક્ષાએ ટોપ ટેનમાં સ્થાન મેળવેલ છે. હાલે તેઓ સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લીશ સ્કુલ - નખત્રાણામાં સર્વિસ કરી રહ્યા છે.



### વિદેશ ગમન – આરોહી રાજેશભાઈ કોટડીયા

આરોહી કોટડીયા - અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી એડવાન્સ ડિપ્લોમા ઈન કેમીકલ એન્જીનીયરીંગના અંતિમ સેમેસ્ટરની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયા બાદ વધુ અભ્યાસ અર્થે સ્કોટલેન્ડ (યુ.કે.) જઈ રહેલ છે. તેઓએ 'IELTS' પરીક્ષામાં સારા ગુણાંક મેળવ્યા બાદ યુનિવર્સિટી ઑફ વેસ્ટ સ્કોટલેન્ડમાં એડમિશન મેળવેલ છે.

# તેજસ્વી તારલાઓ



**ફાગુન**
**મેહુલકુમાર સોની**
**તલોદ**
**ધોરણ-૨ : ૯૬%**



**દર્શન**
**દિનેશકુમાર સોની**
**તલોદ**
**ધોરણ-૩ : ૭૯%**



**કક્ષા**
**મેહુલકુમાર સોની**
**તલોદ**
**ધોરણ-૫ : ૯૦%**



**મનાલી**
**દિનેશકુમાર સોની**
**તલોદ**
**ધોરણ-૮ : ૯૦%**



**પૂજા**
**ઈશ્વરલાલ સોની**
**B.Ed. – 79.75%**




**હેન્સી**
**મનસુખલાલ બુધ્ધભટ્ટી**
**ભુજ**
**S.S.C. - 72.62%**




**અવની**
**શરદચંદ્ર બુધ્ધભટ્ટી**
**આદિપુર**
**F.Y.B.A. (Home Sc.)**
**(કચ્છ યુનિ.માં દ્વિતીય)**



**ભાવિકા**
**મોહનલાલ કોટડીયા**
**કોટડા (જ.)**
**B.Ed. - 84.29%**
**(કોલેજ કક્ષાએ ટોપ ટેનમાં)**



**નીરવ**
**શરદભાઈ બારમેડા**
**ભુજ**
**H.S.C. (Com.) - 82.7%**



**યશ**
**શરદભાઈ બારમેડા**
**ભુજ**
**ધોરણ-૬ : ૯૫%**

## 'જ્ઞાતિસેતુ'ના વાંચકો જોગ....

'જ્ઞાતિસેતુ'નો અંક દર બે મહિને પ્રથમ સપ્તાહમાં અમદાવાદથી દરેક સભ્યોને તેમના સરનામે ટપાલ દ્વારા અચૂક મોકલવામાં આવે છે. આમ છતાં ટપાલ ખાતાની નબળી કામગીરીના કારણે અંક ન મળવાની કે મોડા મળવાની ફરિયાદ જાણવા મળે છે. આથી વાંચકોને વિનંતી કે આપને સમયસર અંક ના મળે તો પ્રથમ થોડા દિવસ રાહ જોયા બાદ, સ્થાનિક ટપાલ કચેરી પર તપાસ કરવી. આપને ત્યાં આવતા અંકમાં આપનું સરનામુ બરાબર છે તેની ચકાસણી કરવી. સરનામામાં ફેરફાર થયે અમને નવા સરનામાની જાણ કરવી. અંક ન મળવા અંગેની ફરિયાદ લેખિતમાં (પોસ્ટકાર્ડ પર) આપના સભ્યપદ નંબર તથા પૂરા સરનામા - ફોન નંબર સાથે કરવા વિનંતી છે. ટેલીફોન કે મોબાઈલ પર આ ફરિયાદ ન કરવા વિનંતી છે. લેખિત ફરિયાદ પર જરૂરી કાર્યવાહી થઈ શકશે. જ્ઞાતિસેતુના વાંચકોને અંક નિયમિત રૂપે મળે તે માટે અમો હંમેશાં પ્રયત્નશીલ છીએ. આપના સહકાર બદલ આભાર.

વિશેષમાં માધાપર (કચ્છ) તથા માંડવી (કચ્છ)માં જ્ઞાતિના કાર્યકરો દ્વારા સ્થાનિક કક્ષાએ 'જ્ઞાતિસેતુ'ના વિતરણની વ્યવસ્થા કરવામાં આવેલ હોઈ ત્યાં વિતરણની કોઈ ફરિયાદ નથી. તે માટે અમો માધાપર તથા માંડવીના માનદ્ પ્રતિનિધિઓના આભારી છીએ.

*– 'જ્ઞાતિસેતુ' વ્યવસ્થાપક સમિતિ*

### 'જ્ઞાતિ સેતુ' પરિવારમાં નવા જોડાયેલ સભ્યોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | લાયચા રમેશચંદ્ર રાઘવજી સોની | - ભુજ | ૯૩૬ |
| ૨. | મંછાબેન રમણિકલાલ સોની | - ભુજ | ૯૩૭ |
| ૩. | ગીરધરભાઈ અમરીશભાઈ બારમેડા | - રાયપુર | ૯૩૮ |
| ૪. | જુગલકિશોર વિઠ્ઠલજી બુધ્ધભટ્ટી | - રાયપુર | ૯૩૯ |
| ૫. | અશ્વિનભાઈ પોમલ | - ભુજ | ૯૪૧ |
| ૬. | દિનેશ જયંતીલાલ કંસારા | - અમદાવાદ | |
| ૭. | દિવ્યેશ મુકુંદભાઈ છત્રાળા | - રાજકોટ | |
| ૮. | નરેન્દ્રભાઈ સોની | - અમદાવાદ | |
| ૯. | રંજનબેન મનોહરલાલ બુધ્ધભટ્ટી | - સિકંદ્રાબાદ | |
| ૧૦. | મનસુખલાલ ગોવિંદજી કંસારા | - માંડવી | |

### 'જ્ઞાતિ સેતુ'નું આજીવન સભ્યપદ મેળવનારની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | સોની શંકરલાલ ખીમજી | - માનકુવા | ૫૬૭ |
| ૨. | રામેશ્વરભાઈ કટ્ટા | - રાજકોટ | ૩૦૨ |
| ૩. | ચિત્તરંજન કે. પરમાર | - ભુજ | ૭૬૨ |
| ૪. | સોની પ્રવીણભાઈ લક્ષ્મીદાસ સોલંકી | -નાગલપુર | ૩૭૬ |
| ૫. | ચમનલાલ વેલજી કંસારા | - ભચાઉ | ૧૮૨ |
| ૬. | કંસારા જયસુખલાલ ગોકલદાસ | - રાજકોટ | ૫૪૭ |
| ૭. | કાંતિલાલ વી. કંસારા | - રાજકોટ | ૪૦૧ |
| ૮. | નવરત્નભાઈ કંસારા | - જોધપુર | ૨૪૧ |

### આગામી ૩ વર્ષ માટે લવાજમ ભરનારની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | સુનીલ મેઘજીભાઈ કંસારા | - માંડવી | ૬૪૩ |
| ૨. | પોમલ વેલજીભાઈ પ્રેમજી | - માંડવી | ૫૫૯ |
| ૩. | બુધ્ધભટ્ટી ચમનલાલ ઓધવજી | - વીરાણી | ૮૦૭ |
| ૪. | મૈચા ઈશ્વરલાલ ધનજી | - માંડવી | ૬૪૨ |
| ૫. | પોમલ વીરેન્દ્ર શાંતિલાલ | - અંજાર | ૫૪ |
| ૬. | સોની ગંગારામ મનજીભાઈ | - નખત્રાણા | ૧૨૨ |
| ૭. | સોની મુકુંદભાઈ ધનજીભાઈ | - માનકુવા | ૨૫૧ |
| ૮. | સોની રાજેન્દ્ર બાબુલાલ | - ભુજ | ૫૨૫ |
| ૯. | સોની નવીનચંદ્ર કે. | - ભુજ | ૫૩૨ |
| ૧૦. | પોમલ કીર્તિકુમાર એચ. | - ભુજ | ૧૯૩ |
| ૧૧. | બારમેડા છગનલાલ ધનજીભાઈ | - રાયપુર | ૮૭૨ |
| ૧૨. | મૈચા અનિલકુમાર જમનાદાસ | - રાયપુર | ૨૮૬ |
| ૧૩. | સોની રતિલાલભાઈ | - માનકુવા | ૨૧૮ |
| ૧૪. | કટ્ટા કિશોરકુમાર ગોપાલજી | - રાયપુર | ૨૭૯ |
| ૧૫. | બુધ્ધભટ્ટી યોગેશકુમાર નાનાલાલ | - રાયપુર | ૨૮૧ |
| ૧૬. | બારમેડા પ્રકાશકુમાર ભગતલાલ | - રાયપુર | ૨૮૫ |
| ૧૭. | સોની જયેશકુમાર ઉમરશી | - ડેમાઈ | ૨૩૬ |
| ૧૮. | સોની ભાઈલાલ જીવરામભાઈ | - ધનસુરા | ૬૬૩ |
| ૧૯. | સોની ચમનલાલ વેલજી બારમેડા | - વડોદરા | ૫૪૩ |
| ૨૦. | કંસારા ધનવંતરાય જી. બુધ્ધભટ્ટી | - અમદાવાદ | ૫૬૨ |
| ૨૧. | સોની કાંતિલાલ વિશનજી | - નડિયાદ | ૫૮૬ |
| ૨૨. | અમરતભાઈ ખેંગારભાઈ સોની | - વડાલા | |
| ૨૩. | પરેશભાઈ પોમલ | - વડોદરા | |
| ૨૪. | પ્રભુદાસ ખેતશી સોની | - ભુજ | ૬૩૫ |
| ૨૫. | પ્રાણલાલ જે. કંસારા | - સિકંદ્રાબાદ | ૬૫૭ |
| ૨૬. | કનૈયાલાલ મફતલાલ કંસારા | - ડીસા | |

Printed & Published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Madhvi Offset - Shashwat Arcade, Bhulabhai Cross Road, Kankaria, Maninagar, Ahmedabad. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00